कर भला होगा भला
- છગનભા




વર્ષ : 2 ✦ અંક : 3
મે-જૂન, 2012
સળંગ અંક : 9

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ





ભારતના રાષ્ટ્રપતિ
શ્રીમતી પ્રતિભા પાટિલ દ્વારા
'પદ્મશ્રી'થી અલંકૃત થતા
ભોળાભાઈ પટેલ



ભોળાભાઈ પટેલને
ભારતના રાષ્ટ્રપતિ દ્વારા
પદ્મશ્રીથી અલંકૃત કરવામાં
આવતાં સર્વ વિદ્યાલય કેળવણી
મંડળ કડી – ગાંધીનગર દ્વારા
આયોજિત અભિવાદન સમારોહ
પ્રસંગે સન્માનપત્ર એનાયત કરતા
કેળવણી મંડળના ચેરમેન
શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ



પદ્મશ્રી ભોળાભાઈ પટેલને
સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીની
ફેલોશિપ એનાયત કરતા
અકાદેમીના પ્રેસિડેન્ટ
શ્રી સુનીલ ગંગોપાધ્યાય

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર
વર્ષ : ૨, અંક : ૩, મે-જૂન, ૨૦૧૨; સળંગ અંક : ૯
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ



| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | મણિભાઈ પ્રજાપતિ | ૨ |
| ૨. | શ્રદ્ધાંજલિ | વલ્લભભાઈ એમ. પટેલ | ૫ |
| ૩. | વિકાસનાં પરિબળો વચ્ચે વિદ્યાર્થી ભોળાભાઈ | મોહનલાલ પટેલ | ૭ |
| ૪. | અમારા ભોળાભાઈ | ડૉ. રામભાઈ એમ. પટેલ | ૧૦ |
| ૫. | સર્વ વિદ્યાલયનું ગૌરવ શિખર | વલ્લભભાઈ એમ. પટેલ | ૧૩ |
| ૬. | પ્રતિભાસંપન્ન સર્જક પગલાં પાડવા આવ્યા... | ડૉ. કનુભાઈ પટેલ | ૧૫ |
| ૭. | વિરલ વિભૂતિ : ડૉ. ભોળાભાઈ | મનુભાઈ જે. પટેલ | ૧૬ |
| ૮. | ભોળાભાઈને શબ્દાંજલિ | ધીરુભાઈ ઠાકર | ૧૮ |
| ૯. | નિસ્બત અને નિષ્ઠા | કુલીનચંદ્ર યાજ્ઞિક | ૨૦ |
| ૧૦. | પ્રશિષ્ટ અને અદ્યતનના આસ્વાદક : ભોળાભાઈ | રઘુવીર ચૌધરી | ૨૧ |
| ૧૧. | સહૃદય સોબતની એ ક્ષણો ! | પ્રકાશ ન. શાહ | ૨૬ |
| ૧૨. | કડી, કાશી અને હૃદયસ્થ ભોળાભાઈ | કુમારપાળ દેસાઈ | ૩૦ |
| ૧૩. | પ્રવૃત્તિશીલ સારસ્વત : ભોળાભાઈ પટેલ | ચિમનલાલ ત્રિવેદી | ૩૫ |
| ૧૪. | ભોળાભાઈ અને દરિયો | નરોત્તમ પલાણ | ૩૮ |
| ૧૫. | 'ન જાને કૌન-સા દેશ, જહાં તુમ ચલે ગયે !' | ડૉ. ચન્દ્રકાન્ત મહેતા | ૪૧ |
| ૧૬. | 'પ્રપા'કાંઠાનો પરિચય | હસુ યાજ્ઞિક | ૪૪ |
| ૧૭. | વર્ગથી સ્વર્ગ સુધીની શબ્દયાત્રા... | રાધેશ્યામ શર્મા | ૪૭ |
| ૧૮. | મૂલ્યોની ત્રિવેણી : ભોળાભાઈ પટેલ | રાજેન્દ્ર પટેલ | ૪૮ |
| ૧૯. | 'આપણા ભોળાભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા !' | રતિલાલ બોરીસાગર | ૫૦ |
| ૨૦. | ભોળાભાઈ પટેલનું વિચાર-વિશ્વ | ડૉ. મહાવીરસિંહ ચૌહાણ | ૫૫ |
| ૨૧. | શું શું પામ્યો નથી જીવનમાં ? | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૫૯ |
| ૨૨. | વહાલસોયા ભોળાભાઈ | વિઠ્ઠલભાઈ અં પટેલ | ૬૧ |
| ૨૩. | વિદ્યાવ્યાસંગી મૂઠી ઊંચેરા ભોળાભાઈ | પ્રો. પી. સી. પટેલ | ૬૩ |



**પત્રવ્યવહારનું સરનામું**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫ ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

# સંપાદકીય

સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ તેજસ્વી છાત્ર અને સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી તથા ભારતીય સાહિત્યના પુરાણપુરુષ – સર્જક – વિવેચક – અનુવાદક પદ્મશ્રી ભોળાભાઈ પટેલનું હાર્ટ – એટેકથી અમદાવાદમાં તા. ૨૦ મે, ૨૦૧૨ની સવારે અવસાન થયું. તેમની અણધારી ચિર–વિદાયથી ભારતીય સાહિત્યજગત શોકસંતપ્ત બની ગયું. ભારતીય સાહિત્ય અને સવિશેષતઃ ગુજરાતી – હિન્દી ભાષા–સાહિત્યે એક પ્રાણવાન અને પ્રતિભાસંપન્ન સર્જક–વિવેચક ગુમાવ્યો ! તેમના નિધનથી ગુજરાતી સાહિત્ય અને સમાજજીવનમાં ખાલીપો અનુભવાય છે.

ગુજરાતી સાહિત્યમાં નિબંધ, ભ્રમણવૃત્ત, વિવેચન અને સંપાદન ક્ષેત્રે ભોળાભાઈનું યોગદાન કાળજયી રહયું છે. તેમના નિબંધો – ભ્રમણવૃત્તોમાં તેમની રસિકતા અને વિદ્વતાનાં દર્શન થાય છે. અહીં તેમની છલકતી રસિકતા, સૌંદર્યાન્વેષી દષ્ટિ અને ઐતિહાસિક – સાંસ્કૃતિક સંદર્ભોનું ગહન જ્ઞાન તથા સ્થળવિશેષની લોકપ્રચલિત માન્યતાઓની ગૂંથણી ઊડીને આંખે વળગે છે. તેમના નિબંધો તેમની આગવી શૈલીના કારણે ગુજરાતી નિબંધ સાહિત્યનું આગવું ઘરેણું બની ગયા છે. તેમનું ગુજરાતી વિવેચન ગુણાનુરાગી રહયું છે. તુલનાત્મક સાહિત્ય વિવેચન ક્ષેત્રે પણ ભારતીય સ્તરના પ્રતિભાસંપન્ન વિદ્વાન તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. 'અજ્ઞેય એક અધ્યયન' અને 'ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' એ તેમને હિંદીના એક દિગ્ગજ આલોચક તરીકે પ્રતિષ્ઠિત કર્યા. બંગાળી, અસમિયા, ઉડિયા વગેરે પૂર્વોત્તર ભારતીય ભાષાઓની શ્રેષ્ઠ કૃતિઓ ગુજરાતીમાં અનુવાદિત કરીને અનુસર્જક તરીકે પણ ખ્યાતિ પામ્યા. સંસ્કૃત સાથે પણ ભારે મોટી પ્રીતિ. આખું 'મેઘદૂત' કંઠસ્થ. બીજી ઘણી કૃતિઓ પણ જિહવાગ્રે.

બહુશ્રુત અને બહુભાષાવિદ્ ડૉ. ભોળાભાઈ પટેલને સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સર્વોચ્ચ સન્માન – ફેલોશીપ થી પણ વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા તેમને 'દેવોની ઘાટી' (૧૯૯૩) અને અસમિયા અનુવાદ (૧૯૯૯) માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા, તેમજ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' 'દર્શક પુરસ્કાર' 'ગૌરવ પુરસ્કાર' 'સૌહાર્દ પુરસ્કાર' વગેરે અનેકવિધ પુરસ્કારોથી તેમને અલંકૃત કરવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલયના પનોતા પુત્ર કે જેઓશ્રીએ કડીને ઉત્તર ગુજરાતના કાશી તરીકે નવાજતા રહી સર્વ વિદ્યાલય અને ત્યાં તેમના અભ્યાસકાળ દરમ્યાનના ગુરુજનોનો ભારે મોટો મહિમા પોતાના લેખો અને ભાષણોમાં અહોભાવપૂર્વક અભિવ્યકત કર્યો છે તેવા ભારતીય સાહિત્યના ગૌરવપુરુષ ભોળાભાઈને શ્રદ્ધા–સુમન અર્પણ કરવાના પ્રતીક રુપે 'સર્વ વિશ્વવિદ્યાલય–વૃત્ત' નો આ અંક 'સ્વ. પદ્મશ્રી ભોળાભાઈ પટેલ સ્મૃતિઅંક' તરીકે પ્રકાશિત કરવામાં આવે છે. આ અંકમાં ભોળાભાઈ સાથે આત્મીય નાતો ધરાવનારા ગુજરાતના અગ્રણી સર્જકો, ચિંતકો, સ્નેહીજનો અને તેમના

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેમની સાથેનાં સંસ્મરણો તેમજ તેમના સાહિત્ય-સર્જન વિશે પ્રતિભાવો દર્શાવતા લેખો મોકલી આપવા વિનંતી કરવામાં આવી હતી. આ પૈકી પ્રાપ્ત લેખોને અહીં પ્રકાશિત કરવામાં આવ્યા છે. શ્રદ્ધા છે કે ભોળાભાઈના વ્યક્તિત્વને પામવા માટે આ લેખો તેના વાચકને સંતપર્ક ભાથું પૂરું પાડશે.

ભોળાભાઈની ચિંતનધારાના કેટલાક અંશો દ્રષ્ટવ્ય બની રહે છે :

'તેષાં દિક્ષુ પ્રથિત વિદિશા..... આ શબ્દો પવનપાવડી બની જાય છે મારે માટે જાણે. એ પહેરી મન ઊડવા માંડે છે. તે દિશામાં માત્ર વિદિશા નથી, દસે દિશા છે.... સાત સમુંદર, તેરો નદી, પહાડ પર્વત, નગર જનપદ, ઝાડ જંગલ... પછી આવે મારું નાનું ગામ, જે ગામમાંથી હું નિર્વાસન પામ્યો છું – મારું એ ગામ. (તેષાં દિક્ષુ, પૃ. ૧)'

*

'પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો અને જ્યાં બેસીને પછી દરેક રજામાં ઉચ્ચ અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો, તે કહી રહી, 'આટલે દહાડે આવ્યા અને હવે બસ...' હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા પણ ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠયાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહયો.... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે ! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી. અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું. ....જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી. મેં પાસે જઈ પૂછ્યું, 'આ શું ? તું રડે છે બા ?' અને એનાથી મોટેથી રડાઈ ગયું. 'આ ઘર...' હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. (પૃ. ૫૪)'

*

'પરંતુ આજે કવિ ઉમાશંકર સાથે ઈડરિયો ગઢ ચઢવાનો હતો. પંચોતેરમે પહોંચવા કરતા કવિ પોતાની મુગ્ધ કિશોર વયને કેવી સ્મરતા હશે, તેની હું કલ્પના કરતો હતો. એ સમય હશે જ્યારે સૌંદર્યો ઘટક પીવાતાં હશે, સૌંદર્યો પ્રકૃતિનાં, સૌંદર્યો શબ્દોનાં. કવિની કિશોરાવસ્થામાં પ્રભાવ મૂકી જનાર એ લેન્ડસ્કેપ આજે પરિણતપ્રજ્ઞા કવિની સાથે જોવાનો ધન્ય અવસર હતો. પહેલાં તો અમે જે શાળામાં કવિ ભણેલા તે સર પ્રતાપ હાઈસ્કૂલ અને એની બાજુની બોર્ડિંગ ભણી ગયાં. કવિ જાણે પોતાની એ કિશોરાવસ્થાનાં પદચિહનો સૂંઘતા ચાલતા હતા.

જીર્ણ બોર્ડિંગના એક ઓરડામાં અમે પ્રવેશ કર્યો. આ એ ખંડ જેમાં છાત્ર તરીકે એ રહયા હતા. એક ભીંતમાં તાકું હતું. કહે – આ ગોખલામાં મારી આખી 'લાઈબ્રેરી' રહેતી !

કવિની વાણી ભાવભીની હતી. એ ભીંતે હાથ પસવારતાં મને સુખ થતું હતું. ગુજરાતી વાણીનું આ એક તીર્થસ્થાન છે ! – (પૃ. ૮૩)'

*

'રવિ ઠાકુર ! તમે તો આ વસંતોત્સવનો મહિમા કરી ગયા છો. તમારી જ, તમારા શાંતિનિકેતનની આ કન્યાઓ છે. આજે તમે નથી,

તમારું એ શાંતિનિકેતન પણ નથી અને છતાં આજના આ ફાલ્ગુની પૂર્ણિમાના વસંતોત્સવને દિને અહીં શાંતિનિકેતનમાં હેલે ચઢેલો માનવમહેરામણ અને આ કન્યાઓને જોતાં થયું, તમે છો કવિ, તમારા મૃત્યુની અર્ધી શતાબ્દી પછી પણ તમે છો, વાસંતીરૂપ ધરી.' (પૃ. ૧૧૯)

*

'...અલાહાબાદથી નીકળતાં નીકળતાં સાંજ પડી ગઈ. ...એટલે જે યાત્રા–માર્ગ આગળ જતાં જંગલ–ઝાડીમાંથી પસાર થતાં નયનરંજક બની જાત, તે હવે અંધારામાં જ કાપવાનો હતો. એ માર્ગ કોઈ બે ગામનગરને જોડતો સામાન્ય માર્ગ નહોતો – એ હતો રામઅયનનો માર્ગ. ...'રામ–અયનનો આ માર્ગ જોવાનો આંખનો રોમાંચ ખોઈ બેઠા. બારી બહાર અંધારામાં જોતાં જોતાં રામ–લક્ષ્મણ–જાનકી અમેય કાળમાં આ રસ્તે ગુજર્યાં હશે, એ છબી – વનવાસી યાત્રિકની છબી ઊપસવા લાગી હતી. વનમાં પદયાત્રા કરતાં રામ–લક્ષ્મણ–સીતાનું તુલસીદાસે અવિસ્મરણીય ચિત્ર દોર્યું છે. વનમાં આગળ રામ ચાલે તેમની પાછળ સીતા. રામનાં પગલાંમાં પોતાનું પગલું ન પડે એમ સીતા રામનાં બે પગલાં વચ્ચે પગલાં પાડતાં ચાલતાં હતા, અને લક્ષ્મણ – લક્ષ્મણ તો પછી રસ્તાની જરા ડાબી બાજુએ ચાલતો, જેથી બન્નેનાં પગલાં અક્ષુણ્ણ રહે. આગળ રામ, વચ્ચે સીતા, પાછળ લક્ષ્મણ – તો તુલસીને ઉપમા સૂઝે –

**ઉભય બીચ સિય સોહતી કૈસે**
**બ્રહ્મ જીવ બિચ માયા જૈસે.**

(પૃ. ૨૦૦ – ૨૦૧)'

**મણિભાઈ પ્રજાપતિ**

**નોંધ : આમંત્રિત કરવામાં આવેલા લેખો પૈકી બાકીના લેખો આગામી અંક-૪ જુલાઈ-ઓગસ્ટમાં પ્રગટ કરવામાં આવશે. – સંપાદક**

हिंदि में मात्र दो समीक्षाग्रंथों – 'अज्ञेय : एक अध्ययन' तथा 'भारतीय उपन्यास परंपरा और ग्रामकेन्द्री उपन्यास' के सहारे हिंदी समीक्षा के क्षेत्र में भोलाभाईने अपनी प्रभावशाली उपस्थिति दर्ज कराई है। तुलनात्मक साहित्य भोलाभाई के चिंतन और चिंता का नहीं उनकी आस्था का भी विषय रहे है। इसी ने उनकी आलोचनादृष्टि को परिष्कृत किया है, उसे समावेशी बनाया है। सृजनकर्म में भोलाभाई रचनाकार की वैयक्तिक प्रतिभा के महत्त्व को स्वीकार करते हुए भी मानते हैं कि विश्वसंस्कृति की श्रेष्ठतम उपलब्धियों को आत्मसात किए बगैर कोई रचना कालजयी नहीं बन सकती। अपने इसी साहित्यिक विवेक के रहते उन्होंने हिंदी के अपने समय के सर्वाधिक विवादास्पद और चर्चित रचनाकार अज्ञेय की सृजनप्रक्रिया और उनकी साहित्यिक उपलब्धियों का आकलन किया है। ऐसा करते हुए उन्होंने, न केवल अज्ञेय साहित्य को बल्कि साहित्यमात्र को समझने के लिए एक विवादहीन दृष्टि और दिशा की ओर निर्देश किया है। भारतीय उपन्यास परंपरा के अध्ययन के सिलसिले में भोलाभाई ने बताया कि इतिहास के एक अप्रत्याशित मोड पर नए युग-संदर्भ में साहित्य और संस्कृति के विविध तत्त्वों के संयोजन ने उपन्यास जैसे जिस नए काव्यरूप को आविष्कृत किया वह अपनी ही सृजनपरंपरा का एक स्वाभाविक विकास था। इसके स्वरूप-निर्माण में पश्चिम की भूमिका भी है, लेकिन केवल एक उत्प्रेरक के रूप में यूँ आज का भारतीय उपन्यास अपनी प्राचीन कथा-परंपरा का पुनराविष्कार है। यह है साहित्य के माध्यम से भोलाभाई की भारतीयता और भारतीय चेतना की पहचान।

**– મહાવીરસિંહ ચૌહાણ**

# શ્રદ્ધાંજલિ

## શ્રદ્ધાંજલિ–સભા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કેળવણી મંડળના ચેરમેનશ્રી અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલના અધ્યક્ષપદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ અને લબ્ધપ્રતિષ્ઠ સર્જક પદ્મશ્રી ભોળાભાઈ પટેલના તા. ૨૦ મે, ૨૦૧૨ના રોજ થયેલા અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ–સભાનું આયોજન તા. ૭ જૂન, ૨૦૧૨ના રોજ ગાંધીનગરના સેકટર–૨૩માં સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અગ્રણીઓ અને મંડળ સંચાલિત વિવિધ શાળા–કોલેજોના વડાશ્રીઓ, અધ્યાપકો અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સર્વ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, શ્રી મોહનલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, શ્રી ડી. ટી. કાપડિયા, ડૉ. બિન્દુ ભટ્ટ અને શ્રી મણિભાઈ પ્રજાપતિએ સ્વ. ભોળાભાઈ સાથેનાં સંસ્મરણો રજૂ કરીને તેમના વ્યકિતત્વનાં વિવિધ પાસાંઓને ઉજાગર કર્યાં હતા. આ પ્રસંગે પરિસ્થિતિવશાત્ ઉપસ્થિત ન રહી શકનાર કેળવણી મંડળના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ દ્વારા પ્રેષિત ભોળાભાઈ સાહેબ સાથેનાં સંસ્મરણોનું વાંચન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ સ્વર્ગસ્થના માનમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું અને નીચે દર્શાવેલ શોક–ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે કર્યું હતું.

***

પરમ શ્રદ્ધેય પદ્મશ્રી પ્રો. ભોળાભાઈ પટેલ સાહેબના તા. ૨૦ મે ૨૦૧૨, રવિવારની સવારે થયેલા આકસ્મિક અવસાનના સમાચાર જાણી ઊંડા આઘાતની લાગણી અનુભવી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે હજી થોડાક માસ પૂર્વે જ તેના દૃષ્ટિસંપન્ન અને પ્રખર કેળવણીકાર ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબને ગુમાવ્યા હતા અને તેના ઘેરા શોકમાંથી બહાર નીકળ્યું નથી ત્યાં અચાનક બીજો કારમો આઘાત આવી પડ્યો !

માનનીયશ્રી ભોળાભાઈ સાહેબ ગૂર્જર – ભારતીય સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન તરીકે તેમજ એક પ્રતિભાશાળી શિક્ષક તરીકે ભારતભરમાં ખ્યાતિપ્રાપ્ત હતા. ભારતીય સાહિત્યના મર્મજ્ઞ અને પ્રખર અભ્યાસી હોવાથી સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા તેના સર્વોચ્ચ સન્માન 'ફેલોશિપ'થી વિભૂષિત કરવામાં આવ્યા હતા. તેમ જ તેમના બહુમુખી પ્રદાનના કારણે અનેકવિધ સંસ્થાઓએ વિવિધ પ્રકારના એવૉર્ડો એનાયત કરી તેમને અલંકૃત કરી ધન્યતા અનુભવી હતી. તેમના સાહિત્યિક પ્રદાનથી સમગ્ર ભારતીય સાહિત્ય અને સવિશેષતઃ ગુજરાતી,

હિન્દી અને પૌર્વાત્ય ભાષા-સાહિત્ય સમૃદ્ધ થયું છે, તો બીજી બાજુ તેમનાં વિદ્યા-તપ અને સામાજિક દાયિત્વથી ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રતિષ્ઠા પામ્યાં છે.

ગુજરાતના આવા ગૌરવશાળી વિદ્યાપુરુષે સર્વ વિદ્યાલય, કડીને તેના એક ભૂતપૂર્વ તેજસ્વી છાત્ર રહીને અને હાલમાં તેના પ્રમુખ તરીકે સેવાઓ આપીને ગૌરવાન્વિત કરી તે બદલ અમે સર્વ વિદ્યાલયના પરિવારજનો તેમના ઋણી છીએ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા સ્થાપિત કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના વિકાસમાં તેમનું યશોદાયી પ્રદાન રહ્યું છે, જેની નોંધ લેતાં અમે ગૌરવ અનુભવીએ છીએ. તેમનું મૂઠી ઊંચેરું માનવીય સંવેદનશીલ અસાધારણ દૃષ્ટિપૂત વ્યક્તિત્વ તથા તેમને પ્રસંગોપાત્ત મળીને અનુભવેલી શાતા અમારા માટે હરહંમેશ પ્રેરક અને અવિસ્મરણીય બની રહેશે. આ યુનિવર્સિટીને તેમની તેજસ્વી પ્રતિભાની ખોટ સદૈવ વણપુરાયેલી રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આવી પડેલ આપત્તિનો સામનો કરવાની શક્તિ અર્પે તેવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયની ઈશ્વરને પ્રાર્થના.

**(વલ્લભભાઈ એમ. પટેલ)**
**પ્રેસિડેન્ટ**
**કડી સર્વ વિશ્વવિદ્યાલય**

Professor Bholabhai Patel is one of the most influential, insightful and compelling Indian critics writing in Gujarati and Hindi. He is nonpareil as an exquisite blending of a scholar, writer, critic, translator and travelogue writer. He is a polyglot who traverses terrains of various literatures in Indian languages like Gujarati, Hindi, Bengali, Assamese, and Oriya among others with equal felicity. Moreover, he is among the few competent readers of literature who can read with care and sensitivity. Classical literature, particularly Sanskrit, form the roots/foundation, western literature like English, German and French in particular the sky, and Indian literatures in Gujarati in particular, Hindi, Bengali and Assamese in general and their interliterariness as the trunk and the life force of the his literary world view. Thus, with his literary and critical pursuits e.g. his book on Indian novel, the concept of comparative Indian literature becomes a reality.

- Avadhesh Kumar Singh

# વિકાસનાં પરિબળો વચ્ચે વિદ્યાર્થી ભોળાભાઈ

**મોહનલાલ પટેલ**

ગુજરાતના મૂર્ધન્ય વિદ્વાનોમાંના એક ભોળાભાઈ. એમનું માતૃભાષા ગુજરાતી ઉપરાંત હિન્દી, બંગાળી, સંસ્કૃત ભાષાઓનું ઊંડું જ્ઞાન. અસમિયા, ઉડિયા વગેરે ભગિની ભાષાઓ સાથે એમની ઘેરી સાહિત્યિક નિસબત. અંગ્રેજી ભાષા ઉપર સારો કાબૂ. અને જર્મન ભાષામાં મેળવેલા ડિપ્લોમા દ્વારા એ ભાષાનો પરિચય સિદ્ધ. સર્વ વિદ્યાલયના એક મરાઠી શિક્ષક પાસેથી કામચલાઉ ધોરણે મરાઠી ભાષા પણ શીખેલા.

એ સારા સર્જક, વિવેચક અને ઉત્તમ અનુવાદક પણ ખરા. એમણે ગુજરાતી વાચકોને રવીન્દ્રનાથ ઠાકુરનો જેટલો પરિચય કરાવ્યો એટલો ભાગ્યે જ કોઈએ કરાવ્યો હશે. એમણે અવસાનની તારીખ સુધી ગુરુદેવ ટાગોરની ૧૫૦મી જન્મતિથિ વર્ષની ઉજવણી નિમિત્તે ટાગોર વિષયક વ્યાખ્યાનો આપવાનો ઘણો શ્રમ ઉઠાવ્યો.

એક લાંબી યાદી બને એટલાં સન્માન, એવૉર્ડ, પારિતોષિક વગેરે એમણે મેળવ્યાં. રણજિતરામ સુવર્ણચંદ્રક એમની એક વિશેષ ઉપલબ્ધિ. એ પદ્મશ્રીનું પદ પામ્યા. વિશ્વભારતી – શાંતિનિકેતન દ્વારા ફેલોશિપ હેઠળ એક વર્ષ માટે તુલનાત્મક સાહિત્ય વિષયક વ્યાખ્યાનો આપવા માટે એમને આમંત્રણ મળ્યું. કેટલાક સમય માટે સાહિત્ય અકાદમી, દિલ્હીની જનરલ કાઉન્સિલ તેમ જ એની એક્ઝીક્યુટિવ સમિતિના સભ્ય રહ્યા. ગુજરાત સાહિત્ય અકાદેમીના પ્રમુખપદે રહી ચૂક્યા. અવસાન સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે કાર્યરત હતા. એવી જ રીતે કેળવણીની પ્રસિદ્ધ સંસ્થા – સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપતા રહ્યા.

સ્વ. ભોળાભાઈની આ ઝળહળતી સિદ્ધિઓ (Glorious achievements) માટે ભોળાભાઈએ જે સજ્જતા કેળવી અને પુરુષાર્થ કર્યો એની પાછળ કયાં પ્રેરક બળ હતાં ?

આ પ્રશ્નના જવાબરૂપે હું કશા ખચકાટ વગર ચાર પ્રેરક પરિબળ ગણાવું : (૧) ભોળાભાઈની કેળવણીની સંસ્થા : સર્વ વિદ્યાલય અને તેનું છાત્રાલય (૨) શાળાના ચાર શિક્ષકો (૩) શાળાનું પુસ્તકાલય (૪) એક પુસ્તક 'હિમાલયનો પ્રવાસ'

તરુણાવસ્થા (Period of adolescence)માં પ્રવેશી રહેલો કિશોર પોતાના વિશે ઘણાં સ્વપ્નાં સેવતો થઈ જાય છે. એનામાં કેટલીક મહત્ત્વાકાંક્ષાઓના અંકુર પણ આ અવસ્થામાં ફૂટે છે. વળી, આવા તરુણની આસપાસનું વાતાવરણ કે સોબત પણ એના ઘડતરમાં ઘણો ભાગ ભજવે છે. એમ કહી શકાય કે આ ઉંમરમાં જીવનનો પાયો રચાઈ જાય છે અને પછીનાં વર્ષોમાં એ પાયાના આધાર ઉપર ઇમારત ખડી થાય છે. આ રચાતી ઇમારત પાછળ જે શ્રમ કે પુરુષાર્થ થાય છે તે તરુણાવસ્થામાં સેવેલાં સ્વપ્નાંનો જ ઉકેલ હોય છે.

ભોળાભાઈના વ્યક્તિવિકાસની વાત કરતી વખતે પેલા ચાર પરિબળોમાંથી પહેલા પરિબળે એટલે કે સર્વ વિદ્યાલય, તેના છાત્રાલય અને ત્યાંના સમગ્ર વાતાવરણે શો ભાગ ભજવ્યો એ ભોળાભાઈના જ શબ્દોમાં જોઈએ : 'એક વ્યક્તિ

તરીકે મારા જીવનમાં સર્વ વિદ્યાલય અને પાટીદાર આશ્રમ (છાત્રાલય)નું મોટું પ્રદાન છે. અહીં મને સમૂહમાં રહેતાં આવડ્યું. અહીં મને અનેક મિત્રો મળ્યા જેમની મૈત્રીના વૃક્ષની છાયામાં 'હજી બેસવાનું મળે છે.

ગામડાગામમાંથી કડી જેવા કસ્બામાં ભણવા ગયો. ૩૨ વિદ્યાર્થીઓની આખી નિશાળમાંથી ૭૦૦ વિદ્યાર્થીઓની મોટી નિશાળમાં. ભાષા, ઉચ્ચાર, પહેરવેશ અદલ ગામડિયાની જ છાપ ઉપસાવે. ટોપી પહેરતો. કેડમાં ચાંદીનો કંદોરો પણ કાને સોનાનાં બૂટિયાં – પછી તો બધું ઊતરી ગયું.'

વિકાસનું બીજું પરિબળ તે શાળાના ચાર શિક્ષકો. સંસ્કૃત વિષયમાં ભોળાભાઈના બે શિક્ષકો. ધોરણ ૮માં રતિલાલ નાયક અને ઉપલા ધોરણોમાં રામભાઈ જો. પટેલ. આ બંને શિક્ષકોને ભોળાભાઈ ખૂબ પ્રેમપૂર્વક યાદ કરતા. રામભાઈ વડોદરા કૉલેજના ડૉ. ભાવે અને પ્રા. જી. કે. ભટ્ટના વિદ્યાર્થી. બંને અધ્યાપકો વિદ્વત્તા માટે ખૂબ જાણીતા. સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે ધો. ૮થી ૧૧ સુધીનાં વર્ષોમાં કંઠસ્થ કરવાના શ્લોકોનું આચાર્ય બાપુભાઈએ સંપાદન કરેલું. 'ગિર્વાણ ગીતાંજલિ' નામના આ પુસ્તકના શ્લોકોનો ગુજરાતી અનુવાદ અને વિવરણ રામભાઈએ કરેલું.

ભોળાભાઈએ એમના ગુજરાતી અને હિન્દી વિષયોના બે શિક્ષકો માટે અવારનવાર પ્રેમભાવ પ્રદર્શિત કર્યો હતો. અને તક મળતાં એમના વિશે લખ્યું પણ હતું, એમાંથી થોડું અહીં પ્રસ્તુત કરવાનું ઉચિત ગણાશે. ગુજરાતી ભાષાના શિક્ષક માટે એમણે એક વાર લખ્યું હતું : 'મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ. હેનરીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલોગ્સ, શરદબાબુ અને ખાંડેકરનું નવલકથાજગત આવ્યું. નખશિખ સજ્જન. 'થેંક્સ' અને 'સૉરી' બોલતાં એમણે શિખવાડ્યું... એમણે લખતાં શીખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી. એ પોતે જાણીતા સાહિત્યકાર છે. એમનું હેત સતત મળતું રહ્યું છે. જ્યારે કંઈ નવું લખાયું હોય તો એમને મોકલું. તરત લાંબો પત્ર લખાણના ગુણદોષ બતાવતો લખે જ લખે.'

હિન્દી ભાષાના શિક્ષક માટે ભોળાભાઈ લખે છે : 'ગુરુપૂર્ણિમાની આસપાસ જે એક ગુરુનું સ્મરણ થયા કરે છે તે છે અંબાલાલ પટેલ. મારા વિદ્યાકીય જીવન પર એમના અનંત ઉપકાર છે. મારું સદ્ભાગ્ય હતું કે એમની નજીક જઈ શક્યો અને એમનો પ્રેમ પામ્યો... એમણે અમને વાંચતા કર્યા. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી માસિકો વાંચતા કર્યા. કોઈ પણ માસિકપત્ર હોય તો તરત વાંચી, વાંચવા જેવા લેખોની નિશાની કરે...

ભોળાભાઈએ પોતાના ગુરુઓ માટેની સમગ્ર છાપ એમણે આ રીતે વ્યક્ત કરી હતી : 'આ બધા મારા સાહેબો, મારા ગુરુઓ – આજ હવે આ પરંપરા ક્યાં ? હું પણ અધ્યાપક છું પણ શિક્ષકજીવનની એમની ઊંચાઈએ પહોંચી શકું એમ છું ?'

ઉપરોક્ત ચાર શિક્ષકોએ ભોળાભાઈની ભાષાકીય સજ્જતા માટે ઉત્તમ કામ કર્યું એ ખરું, પણ ભોળાભાઈ માટે જ્ઞાનના વિશાળ દરવાજા તો સર્વ વિદ્યાલયના પુસ્તકાલયે ઉઘાડ્યા. સર્વ વિદ્યાલયનું પુસ્તકાલય એનું એક વિશિષ્ટ અંગ છે. એની ઓળખ એક સ્વતંત્ર પુસ્તકાલયની છે. ભોળાભાઈ અભ્યાસ કરતા હતા ત્યારે આ પુસ્તકાલયમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ભાષામાં ઉત્તમ કક્ષાનાં ૧૫૦૦૦ પુસ્તકો હતાં અને એના વાચનાલયમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાનાં ૬૩ સામયિકો આવતાં હતાં. ભોળાભાઈ કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે એમણે સર્વ વિદ્યાલયમાં

એમના સમયમાં આવતાં સામયિકો બાબતમાં લખ્યું હતું : '...અમારી લાઇબ્રેરી કરતાં વધારે આવતાં અને કહું તો આજે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયમાં આવે છે, તેનાથી સાહિત્યનાં માસિકો તો વધારે.'

ભોળાભાઈએ સર્વ વિદ્યાલયના પુસ્તકાલય વિશે વર્તમાનપત્રની એમની કૉલમમાં જુદા જુદા સમયે બેત્રણ વાર લખેલું.

આ પુસ્તકાલય માટે એક પૂર્ણકાલીન ગ્રંથપાલની વ્યવસ્થા હતી. શાળાના સમય પહેલાં અને પછી આ પુસ્તકાલય ઘણા સમય માટે ખુલ્લું રહેતું. શનિવારે શાળા સવારની હોવા છતાં બપોરે ત્રણ વાગે ખૂલી જતું અને લગભગ સૂર્યાસ્ત સુધી એનું કામ ચાલુ રહેતું. છાત્રાલયના વિદ્યાર્થીઓ આ સગવડનો ભરપૂર લાભ લેતા. ભોળાભાઈ છાત્રાલયના વિદ્યાર્થી. એમણે આ પુસ્તકાલયનો ખૂબ ઉપયોગ કર્યો હતો.

ભોળાભાઈએ પ્રવાસ અને નિબંધલેખન ક્ષેત્રે ઘણી ખ્યાતિ મેળવી છે એનો પ્રેરણાસ્રોત પણ સર્વ વિદ્યાલયને ગણવામાં હરકત નથી. ભોળા-ભાઈના અભ્યાસકાળે ધોરણ ૧૦માં અભ્યાસ માટે કાકાસાહેબ કાલેલકરનું 'હિમાલયનો પ્રવાસ' પુસ્તક હતું. માત્ર ઇતર વાચનરૂપે નહીં, પણ સઘન અભ્યાસ માટે એ પુસ્તક પ્રસ્તુત થયેલું હતું. વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રમાં એને સ્થાન ખરું. આ પુસ્તક કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ અને અનંત બુવા મરઢેકર – આ ત્રણ સહપ્રવાસીઓનો પગે ચાલીને કરેલો હિમાલયનો પ્રવાસ છે. પ્રવાસ દરમિયાન આંખ તળેથી તસુએ તસુ પસાર થતા આ નગાધિરાજના પ્રવાસનો યાત્રીઓનો અનુભવ રોમાંચક અને મનોરમ છે. તરુણ ભોળાભાઈ ઉપર આ પુસ્તકનો જબરો પ્રભાવ હતો. એણે એમને પ્રવાસ અને નિબંધલેખન માટે બરાબર તૈયાર કર્યા હોય એમ બને.

*કશો ભાર ન વેંઢારતા. સ્વસ્થ અને હસમુખા ! ઊંડી સમજદારી અને નિસ્બતની સાથોસાથ પ્રસંગ પડ્યે ઉગ્ર અને સ્પષ્ટ વક્તા બની શકતા, અત્યારે તો સૌને અનિવાર્ય એવા સંઘર્ષો – વિસંવાદોમાં અટવાયા હોય ત્યારે સચિંત અને ક્વચિત સહેજ ગળગળા કે ભીની થતી આંખવાળા; તરુણ વિદ્યાર્થીઓથી લઈને, શિષ્ય–મિત્ર રઘુવીર તથા ઉમાશંકરભાઈ અને નગીનદાસભાઈ સુધીના મનીષીઓના અંતરનો એકાદ ખૂણો કે ભાગ રોકી બેસતા; બંગાળ, ઊડિસા, આસામ / અહોમ, ઉત્તર પ્રદેશ – એમ અનેક ભાષાપ્રદેશના સાહિત્યજીવો અને સાહિત્યરસિયાઓ સાથે સ્નેહગાંઠે સંકળાયેલા – આવા, 'આસન સે મત ડોલ' એ મંત્ર સાધ્યો હોય તેવા સાહિત્યનિષ્ઠ ભોળાભાઈ.*

*– હરિવલ્લભ ભાયાણી*

# અમારા ભોળાભાઈ

ડૉ. રામભાઈ એમ. પટેલ, ઉપપ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

ભોળાભાઈ સર્વ વિદ્યાલય – કડી અને વિદ્યાર્થી આશ્રમ (છાત્રાલય)ના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી અને છેલ્લાં બે વર્ષથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે કાર્યરત હતા.

વચ્ચે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના યશસ્વી પ્રેસિડેન્ટ અને મારા મિત્ર માણેકલાલભાઈની વસમી વિદાયની કળ વળી ન વળી ને ભોળાભાઈની કારમી વિદાય (તા. ૨૦-૫-૨૦૧૨) આવી પડી. આથી સર્વ વિદ્યાલય પરિવારમાં જબરો ખાલીપો ઊભો થયો. માથેથી જાણે છત્ર ઊડી ગયું હોય તેવું લાગ્યું. સર્વ વિદ્યાલય એ જીવતું જાગતું વ્યક્તિત્વ છે. વ્યક્તિની જેમ આ મંડળ માટે આવા ઉપરાઉપરી બે બે આઘાત અસહ્ય ગણાય. પણ કાર્યકરોની નિષ્ઠા, પ્રચંડ પુરુષાર્થ અને જનતાજનાર્દનના હૂંફાળા સાથથી આ આપત્તિકાળ પણ પસાર થઈ જશે તેવી શ્રદ્ધા છે.

સંસ્થાના સમૃદ્ધ પુસ્તકાલયમાં તમે જાઓ તો એક પુસ્તકપ્રેમી વિદ્યાર્થી તરીકેની ભોળાભાઈની સુવાસનો તમને જરૂર એહસાસ થશે. એ જ્યારે ધો. ૯-૧૦માં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે ગોવર્ધનરામ ત્રિપાઠી, ર. વ. દેસાઈ, ધૂમકેતુ, મેઘાણી જેવા ઉત્કૃષ્ટ સાહિત્યકારોનાં પુસ્તકો હોંશેહોંશે વાંચી નાંખેલાં. વર્તમાનપત્રો તો ખરાં જ પણ એ વખતે આવતાં સામયિકોનાં પાને પાને એમની નજર ફરી વળતી. સુંદર વિચારો, અને મહત્ત્વની નોંધો એ પોતાની ડાયરીમાં કરી લેતા. એ 'ડાયરી' જતે દિવસે એમને માટે જ્ઞાનનો ખજાનો બની ગઈ. આમ એમની જ્ઞાનપિપાસાનો પાયો સર્વ વિદ્યાલયમાં એમના વિદ્યાર્થીકાળ દરમિયાન નંખાયો.

સર્વ વિદ્યાલયનું પુસ્તકાલય સમૃદ્ધ બનતું ગયું એનું કારણ ભોળાભાઈ જેવા એ વખતના વિદ્યાર્થીઓની વાચનભૂખ છે. કેમ, વાત ગળે ન ઊતરી ? તો જુઓ. એ વખતના ઋષિતુલ્ય આચાર્ય નાથાભાઈ દેસાઈ તથા સાહિત્યસર્જક આચાર્ય મોહનલાલ પટેલ અને વિદ્યાર્થીવત્સલ શિક્ષકો અંબાલાલભાઈ (સ્કોલર ઉપાચાર્ય) તથા રતિભાઈ નાયક (બાળલેખક) જેવાઓ આ ભૂખને જાણી ગયા. અને તે ક્ષુધા ઉત્તરોત્તર તીવ્ર બને એ માટે પુસ્તકાલયમાં દર વર્ષે નવાં નવાં પુસ્તકોનું ઉમેરણ કરતા ગયા. આમ થતું ગયું, થતું ગયું અને વિદ્યાર્થીઓની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી થઈ. આજે તો વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો વાચનરસ ઘટતો ઘટતો છેક તળિયે પહોંચી ગયો છે. આને કારણે એમની લેખિત અને મૌખિક અભિવ્યક્તિ કંગાળ બની ગઈ છે. પંદર-વીસ વાક્યો શુદ્ધ ભાષામાં લખતાં બોલતાં આજના વિદ્યાર્થીઓ કે શિક્ષકો ગેંગે.... ફેંફેં કરે છે; પગ ધ્રૂજે છે ને જીભ થોથવાય છે.

ઊંડા અને વ્યાપક વાચનરસથી ભોળાભાઈનું વિદ્યાર્થીજીવન સમૃદ્ધ બન્યું. એ વખતે યોજાતી વક્તૃત્વ સ્પર્ધાઓની સભાઓ તેઓ ગજવતા અને શાળાનાં હસ્તલિખિત અને પ્રિન્ટેડ વાર્ષિક સામયિકોમાં સુંદર લેખ લખતા. આમ એમની સાહિત્ય સાધના અને જીવન સાધનાનાં બીજ સર્વ વિદ્યાલયના એમના અભ્યાસકાળ દરમિયાન આ

ફળદ્રુપ ભૂમિમાં વવાયાં. જેમ કોઈ ખેડૂત જળસંગ્રહ માટેના ઉપાયોથી જમીનમાં પાણી ઉતારતો જ જાય, ઉતારતો જ જાય અને દિવસો વિતતાં એને પાણીનો વિપુલ જથ્થો મળી રહે તેવું અહીં પણ થયું. વાત બહુ સરળ અને સોળ આના સાચી છે. આ તો એક ને એક બે જેવી સીધીસાદી વાત છે. સંઘરેલું ધન કામ નથી આવતું ? કોઈ કૂવામાં સામે બાજુના આવરા (સ્રોત)થી પાણી એકઠું થતું જાય એ રીતે એમનો જ્ઞાનસંગ્રહ – 'ટીંપે ટીંપે સરોવર ભરાય'ની જેમ સમૃદ્ધ થતો ગયો.

ભોળાભાઈનું ગામ સોજા આમ તો બહુ ઓછું જાણીતું. વળી અંતરિયાળ પણ ખરું. ધ્યાન ખેંચે એવી એ ગામની કોઈ વિશેષતા પણ નહીં. પણ પિતા શંકરભાઈ અને એમનાં માતૃશ્રી બંને ધાર્મિક પ્રકૃતિનાં. એટલે ઘરમાં વાંચવા અને નાનીમોટી વાર્તાઓ કહેવાકથવાનું વાતાવરણ ખરું. ભોળાભાઈ ગામડાનો જીવ એટલે શેઢા, ખેડ-ખાતર, જળ-જમીન, પાક-પાણીથી સુપરિચિત. આ બધાની વચ્ચે એ ઊછર્યા. એટલે ગામમાં નદી, પર્વત કે સમુદ્ર જેવાં મોટાં પ્રાકૃતિક સ્થળોના અભાવ વચ્ચે પણ એ પ્રકૃતિપ્રેમી બન્યા. ન્યૂટનના ગુરુત્વાકર્ષણ (પૃથ્વીનું ખેંચાણબળ)ની જેમ આ પ્રકૃતિપ્રેમ એમને ખેંચતો જ ગયો અને એમાંથી પ્રવાસની ભૂખ ઊઘડતી ગઈ. વય વધતાં એમનો પ્રકૃતિપ્રેમ પણ વધતો ગયો. ભ્રમણની આ ભૂખે એમને નદીઓ, ખીણો, પર્વતો, દરિયા, જંગલો જોવા પ્રેર્યા. આવડો મોટો દેશ અને આવડી મોટી દુનિયાઓની વિવિધતા અને અજાયબીઓ, જાતજાતના ને ભાતભાતના પહેરવેશ અને બોલીઓવાળા લોકો – આ ખેંચાણે એમને વિશ્વપ્રવાસી બનાવ્યા. એમની સૌંદર્યપિપાસા વધતી જ ગઈ. ઉમાશંકરે કહ્યું છે ને કે 'સૌંદર્યો પી; ઉરઝરણ ગાશે આપ મેળે !' એમને ફરવાનું ભ્રમણ કરવાનું મળે તો પળવારમાં તૈયાર. પેલી ગુજરાતી કહેવત તેમણે સાર્થક કરી : 'ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે.' બહુ હર્યાફર્યા અને પરિણામે એમનું ઉરઝરણ વહેતું થયું અને ગુજરાતી ભાષાને 'વિદિશા', 'દેવોની ઘાટી', 'પૂર્વોત્તર' જેવાં સુંદર પ્રવાસવર્ણનો (પુસ્તકો) મળ્યાં. કાકા કાલેલકર પછી પ્રવાસવર્ણનો અને રોચક શૈલીમાં લખાયેલાં નિબંધપુસ્તકો માટે તેઓ હંમેશાં યાદ રહેશે. આપણે જાણે એમના સહપ્રવાસી હોઈએ એવો સુખદ અનુભવ એમનાં પ્રવાસ વર્ણનનાં પુસ્તકો વાંચવાથી થાય છે. નાનું કે મોટું સૌંદર્ય એમની હૃદયવીણાને ઝંકૃત કરી દેતું. કોઈ વૃક્ષ, ઝરણું, નદી, પર્વત કે નમણો ચહેરો, ગુફાઓ વગેરે જુએ તો એ અભિભૂત થઈ જતા. આ ભ્રમણવીર પાણી જુએ ને નાચી ઊઠે, સમુદ્રસ્નાન કરવાનું છોડે નહીં.

મનીષી કવિ ઉમાશંકર જોશી પછી ગુજરાતી ભાષાને રાષ્ટ્રકક્ષાએ ગાજતી કરવાનો યશ ભોળાભાઈને આપી શકાય. શાંતિનિકેતન વિશ્વભારતી (પ. બંગાળ) અને દિલ્હી સાહિત્ય અકાદમી જેવી રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓના તેઓ 'ફેલો' હતા. ગુજરાતની બહાર ગુજરાતી ભાષાને તેમણે ઓળખાતી (જાણીતી) કરી. એક અર્થમાં તેઓ ગુજરાતી ભાષાની ઓળખ બની ગયા. અને ભારતીય (હિંદી, સંસ્કૃત, બંગાળી, મરાઠી, ઉડિયા, અસમિયા) તેમ જ વિદેશી (અંગ્રેજી, જર્મન, સ્પેનિશ, ફ્રેન્ચ) ભાષાઓના જાણકાર ભોળાભાઈ ભાષાઓના સંગમ તીર્થ જેવા હતા.

એમની યાદશક્તિ દાદ માગી લે તેવી હતી. પ્રવચન કરે ત્યારે મેઘદૂત કે શાકુંતલ (કવિ કાલિદાસ) અને ટાગોરના સર્જનમાંથી ઘણુંબધું પીરસે અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે. પોતે એમ. એ. (હિંદી, અંગ્રેજી), પીએચ.ડી. (હિંદી). એમના વિદ્યાર્થી હોવાનું જેમને સદ્ભાગ્ય મળ્યું હશે તેઓ એમને હંમેશાં યાદ કરશે. એમના જેવો અવાજનો રણકો અને ભણાવવાનો ઉમળકો આજે તો શિક્ષણજગતમાં ક્યાંય જોવા મળતો નથી.

ઉમાશંકર જોશી કહેતા કે જે વર્ગને 'સ્વર્ગ' બનાવે તે ખરો શિક્ષક. સદ્ગત ભોળાભાઈ આવા ઉત્તમ શિક્ષક અને ઉત્તમ વક્તા હતા. એમનું ખડખડાટ હાસ્ય હવે સાંભળવા નહીં મળે એનો ભારે રંજ મને છે.

એમનાં પુસ્તકો રણજિતરાય સુવર્ણચંદ્રક અને 'દર્શક' એવૉર્ડથી સન્માનિત થયેલાં છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ ચેરમેન તરીકે અકાદમીને કાર્ય કરતી કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન પ્રમુખ તરીકે એમની વિદ્વત્તાનો લાભ આપણને ન મળ્યો એનો ભારે ખેદ છે. કોઈ પણ સાહિત્યિક પ્રવૃત્તિ માટે ભોળાભાઈ હંમેશાં 'એવરરેડી' રહેતા. 'પરબ' જેવા સાહિત્યિક માસિકના સંપાદક તરીકે. પણ દીર્ઘ સેવાઓ આપેલી છે.

આમ તેમની સર્જનયાત્રા અને જીવનયાત્રા સુદીર્ઘ, યશસ્વી અને ભરી ભરી છે. અમારા તો તેઓ પૂર્વ વિદ્યાર્થી, પૂર્વ શિક્ષક અને પૂર્વ પ્રમુખ હતા. અમારા પરિવારના એક 'આત્મીય સ્વજનની વિદાય અમારે માટે ભારે વસમી છે.

પણ 'ધણીનો ધાર્યો મનસૂબો બ્રહ્માથી પણ નવ ફરે' એ ઉક્તિ પ્રમાણે 'બલિયસી કેવલમ્ ઇશ્વરેચ્છા'નો સ્વીકાર કરીને એ સદ્ગત આત્માને વંદું છું.

ડાબો સ્તન અનાવૃત, ઘાટીલા પગમાં લાંબી કાંબી, ગળામાં હારની હાર, માથે મુકુટ જાણે શિખરબંધી મંદિરનું સૂક્ષ્મરૂપ, ખભે અડકી રહ્યાં છે ચારુ કર્ણફૂલ, અરે હા, પેલું સ્તનાંશુક નથી, ડાબે સ્કંધેથી ઢળી જમણી તરફ જતું ઉત્તરીય છે – પાર્વતી - મારી મા, મારી પ્રિયા... જાણે સમાધિની ક્ષણ આવી ગઈ !

(પૂર્વોત્તર' પૃ. ૧૮)

...પૂર્વનાં પર્વત શિખરો જાણે સાદ રાડી રહ્યાં છે. સૂર્ય પણ જાણે એક શિખરને ખભે ચડી સમગ્ર પર્વતશ્રેણી અને ભાગીરથીની ઘાટીને પોતાના તડકાથી રસી રહ્યો છે. પરંતુ જમણે હાથે ભાગીરથીની પેલે પાર દક્ષિણે એક શ્વેત પર્વત આછા સંચારમાણ ધુમ્મસમાં વીંટળાયેલો છે. એક રહસ્યાવૃત્ત ભવ્યતાનો એ અનુભવ કરાવે છે. કોમળ તડકો એ રહસ્યાને હજી ભેદી શક્યો નહોતો. પણ એ કોમળ તડકામાં પંખીઓનો કલનિનાદ ભાગીરથીના ગર્જન વચ્ચે પણ સાંભળી શકાતો હતો.'

('દેવતાત્મા હિમાલય', પૃ. ૪૧)

'થોડેક દૂર જતી ગાડીનો અવાજ સ્તબ્ધતાને જગાડે છે. એની તીણી વ્હીસલ સ્તબ્ધતાને ચીરે છે. હજી હમણાં તો હોલાનો અવાજ એ સ્તબ્ધતાને વાઢ કરતો હતો. ગાડી હવે દૂર જતી છે. દૂરથી માત્ર એનાં પૈડાંના સંગીતનો વિલંબિત સ્વર વહી આવે છે. ધીરે ધીરે તેય વિલીન થઈ જાય છે. ફરી સ્તબ્ધતા વ્યાપી વળે છે.'

('કાંચનજંઘા' પૃ. ૧૩૧)

# સર્વ વિદ્યાલયનું ગૌરવ શિખર

**વલ્લભભાઈ એમ. પટેલ, પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર,**
**ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર**

રવિવાર, તા. ૨૦ મે, ૨૦૧૨ના રોજ સવારે મુ. શ્રી ભોળાભાઈ સાહેબના અવસાનના સમાચાર જાણી દિગ્મૂઢ થઈ ગયો ! મન, હૃદય અને મસ્તિક આ સમાચાર ન સ્વીકારી શક્યાં. તુર્ત જ ડૉ. કનુભાઈ પટેલનો સંપર્ક કર્યો. તેમણે પણ આ સમાચાર સાચા હોવા સંદર્ભે સંદેહ વ્યક્ત કર્યો. તેમણે ખાતરી કર્યા બાદ વળતો ફોન કર્યો કે સમાચાર સાચા છે. આ સમાચાર સાંભળતાં જ ઊંડો આઘાત અનુભવ્યો, મનોમન વ્યથિત થઈ ગયો. કુદરત સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આટલી આકરી કસોટી કેમ લઈ રહી છે, તે વિચારમાં ચિંતિત થઈ ગયો. એક જ વર્ષની અવધિમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ શ્રી કે. વી. શેઠ, મંડળના આધારસ્તંભ સમાન ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ અને છેલ્લે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ પદ્મશ્રી ભોળાભાઈ સાહેબની આકસ્મિક વિદાયથી સર્વ વિદ્યાલય રાંક બની ગયું ! મને વ્યક્તિગત રીતે ભારે આઘાત લાગવાનું મુખ્ય કારણ એ કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જવાબદારી ગણતરીના દિવસો પૂર્વે મુ. શ્રી ભોળાભાઈ સાહેબની ભારે હૂંફ અને હૈયાધારણાથી સ્વીકારી હતી, તેવામાં તેઓશ્રીએ જ અણધારી વિદાય લઈ લીધી ! હજી, આ મંડળે સદ્ગત ચેરમેન સાહેબનાં સ્વપ્નો સાકાર કરવાનાં હતાં, તેમ જ મુ. શ્રી ભોળાભાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ નવાં નવાં વિદ્યાશિખરો સર કરવાનાં હતાં. તેમ જ આ યુનિવર્સિટીને એક નવી ઊંચાઈએ લઈ જવાની હતી. અમારાં શમણાં અધૂરાં જ રહી ગયાં ! ઈશ્વર તું આટલો નિર્દયી કેમ ? શતાબ્દી સમારોહની ઉજવણીના આરે આવેલી આ સંસ્થાના કર્ણધારોને કેમ ઉપાડી લીધા ? તને અમારામાં શું ખોટ દેખાઈ ?

વિદ્યાપુરુષ પદ્મશ્રી ભોળાભાઈ સાહેબના બહુમુખી વ્યક્તિત્વ – એક પ્રતિભાશાળી અધ્યાપક, મોટા ગજાના સાહિત્યકાર અને માનવીય ગૌરવના પ્રતીક સમા મૂઠી ઊંચેરા વ્યક્તિત્વ – વિશે મારા સદ્ગત પિતાશ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબ અને ડૉ. રામભાઈકાકાની વચ્ચે થતી વાતોમાં પરોક્ષ રીતે અવારનવાર સાંભળેલું. આ પૂર્વે સર્વ વિદ્યાલય, કડીમાં અભ્યાસ દરમિયાન ગુરુવર્ય શ્રી મોહનલાલ સાહેબ તેમના વર્ગોમાં સર્વ વિદ્યાલયના પોતાના એક ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી તેમ જ પ્રતિભાસંપન્ન નિબંધકાર – ગદ્યકાર – સર્જક તરીકે તેમનો રસભીનો પરિચય કરાવતા હતા, તે આજે પણ મારા સ્મૃતિપટલ ઉપર તરવરે છે.

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વ્યવસાયમાં જોડાવાનું થતાં અને કોમર્સ વિદ્યાશાખાનો વિદ્યાર્થી હોવાથી મુ. શ્રી ભોળાભાઈ સાહેબના અંતરંગ પરિચયમાં આવવાનું ઓછું થયું હતું. સાચું કહું તો સાહિત્યમાં મને ખાસ રસ-રુચિ નહીં. પરંતુ, તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખની જવાબદારી સ્વીકારી ત્યારે મંડળની મિટિંગોમાં તેઓશ્રી અચૂક ઉપસ્થિત રહેતા. સાહેબના પ્રમુખપદે ભરાયેલ પ્રથમ મિટિંગ બાદ કડી કેમ્પસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સંસ્કારભવનમાં સાહેબના ખાસ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે તેમણે

કાલિદાસના 'મેઘદૂત'નું જે આકંઠ રસપાન કરાવ્યું હતું તે અદ્‌ભુત હતું. તેમના આ વ્યાખ્યાનથી પ્રભાવિત થઈ હું સાહિત્યમાં રસ લેતો થયો. સાહિત્ય સમજતો થયો. તેમની ઉપસ્થિતિમાં યોજાતી મિટિંગો દરમિયાન મેં અનુભવ્યું કે તેઓશ્રી મંડળના પ્રમુખ હોવા છતાંય – સત્તાના કેન્દ્રસ્થાને હોવા છતાંય – ક્યારેય તેમને સત્તાવાહી સ્વરે નથી સાંભળ્યા કે નથી જોયા ! ખપ પૂરતી જ વાત કરે અને તે પણ આવશ્યકતા જણાય તો જ, અન્યથા મૌન સંમતિ આપતા. મિટિંગો દરમિયાન ચેરમેન સાહેબ અને અન્ય સભ્યો ખાસ આગ્રહ કરે ત્યારે ભોળાભાઈ સાહેબ થોડીક વાતો કરતા. તેઓશ્રી બોલે ત્યારે તેમને સતત સાંભળ્યા કરવાનું મન થાય. સાહેબને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મશ્રીનો એવૉર્ડ એનાયત થયો ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા તેમનો અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે આપેલ પ્રતિભાવ સાંભળી સમગ્ર શ્રોતાવૃંદ તેમના વિદગ્ધ વક્તવ્યથી ભાવવિભોર થઈ જતું નજરોનજર નિહાળ્યું હતું. પોતાના વક્તવ્ય દરમિયાન રવીન્દ્રનાથ, કાલિદાસ અને ગુજરાતી કવિઓનાં કાવ્ય-મૌક્તિકોનું પ્રસંગોપાત્ત ગાન કરીને સૌને રસતરબોળ કરી દીધા હતા. તેમના વિચારોથી હું ઘણોબધો પ્રભાવિત છું. વિનમ્ર ભાવે વિધાન કરું છું કે મેં આજદિન સુધી તેમના જેવા વિદગ્ધ વક્તાને જોયા નથી કે સાંભળ્યા પણ નથી. શતાધિક પુસ્તકોના સર્જક સદ્‌ગત ભોળાભાઈ સાહેબ ખરા અર્થમાં સર્વ વિદ્યાલયનું એક ગૌરવશિખર હતા. આજે સર્વ વિદ્યાલય શોભી રહ્યું છે તે તેના ભૂતપૂર્વ છાત્રધન અને સમાજસેવાની ભાવનાથી પ્રેરાઈને પાડેલી આદર્શ પ્રણાલિકાઓથી.

સાહેબના બહુઆયામી અને બહુશ્રુત પ્રદાનના કારણે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની અનેકવિધ સંસ્થાઓએ તેમના સર્વોચ્ચ પુરસ્કારો / એવૉર્ડ્સ એનાયત કરીને તેમને અલંકૃત કર્યા હતા. સાહેબ, પોતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ સિદ્ધિનાં શિખરો સર કરી ગયા હોવા છતાં તેમની નિખાલસતા અને સરળતા હૃદયને સ્પર્શી જાય તેટલાં ઉત્કટ હતાં. તેઓશ્રી હંમેશાં વિદ્વત્તાના ભારથી દૂર રહ્યા છે. સૌ કોઈ તેમને સરળતાથી મળી શકતું. તેમના વ્યક્તિત્વનું સૌથી મોટું જમા પાસું માનવીય ગૌરવને છાજે એવું તેમનું વર્તન, વાણી અને નિર્દોષ હાસ્ય રહ્યું છે. તેઓશ્રી ખરા અર્થમાં આજીવન વિદ્યાવ્યાસંગી અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક તરીકેનું જીવન જીવી ગયા ! આપણને પ્રાચીન ગુરુ-પરંપરાનું અનુસંધાન તેમનામાં જોવા મળે છે. આપણે પૂર્વોત્તર ભારતીય ભાષા-સાહિત્યનો આપણો સાંસ્કૃતિક એલચી ગુમાવ્યો ! તેમના નિધનથી શાંતિનિકેતન સાથેની આપણી લીંક તૂટી ગઈ ! બંગાળી ભાષાની મધુર પદાવલિઓનું ગાન હવે કોણ સંભળાવશે ? છેલ્લે તેમણે તા. ૩ મે, ૨૦૧૨ના સાંધ્યસમયે 'અમદાવાદ બુક ફેર' દ્વારા આયોજિત 'મીટ ધ ઑથર' કાર્યક્રમ વખતે પોતાની કેફિયત જણાવતાં બંગાળી બાનીની જે રસલ્હાણ કરાવી હતી તે અવિસ્મરણીય બની રહેશે. આ કાર્યક્રમમાં સાહેબે મન મૂકીને જે વાતો કરી, નિખાલસ ભાવે પોતાની કથની કહી હતી તે વારંવાર સાંભળવી ગમે તેવી હતી. સૌ શ્રોતા તેમના ઉપર આફરીન થઈ ગયા હતા ! આજે ગુજરાતના વિદ્યાજગતક્ષેત્રે ખાલીપો અનુભવાય છે. આપણે તેમની ખોટ તો કદાપિ પૂરી કરી શકીશું નહીં, તેમ છતાં સર્વ વિદ્યાલય કાજે આપણે ફરજપાલનમાં કર્તવ્યનિષ્ઠ બની રહીએ તે જ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરના નીચેના શબ્દોને આપણે સાર્થક કરીએ :

**અસ્ત થતા સૂર્યે પૂછ્યું**
**કોણ ઉપાડશે મારું કામ ?**
**સાંભળી જગત નિરુત્તર રહ્યું,**
**એક માટીનું કોડિયું બોલ્યું**
**મારાથી બનતું હું કરી છૂટીશ**

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# પ્રતિભાસંપન્ન સર્જક પગલાં પાડવા આવ્યા...

**ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ**
**વાઈસ પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર**

પદ્મશ્રી પ્રો. ભોળાભાઈ પટેલના તા. ૨૦ મે, ૨૦૧૨ના રોજ થયેલા અચાનક અવસાનના સમાચાર ખરેખર સાચા છે તેવી પૃચ્છા કરતો ફોન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલનો (સરદાર) આવ્યો ત્યારે ઘડીભર સ્તબ્ધ થઈ જવાયું. તેમના ઘેર ફોન કરવાથી સમાચાર સાચા છે તે સાંભળી આંચકો લાગ્યો. હજુ ગઈ કાલે તો મને મળવા આવ્યા હતા. તેમના દીકરા શ્રી મધુભાઈના અંગત કામે આ પ્રતિભાસંપન્ન સર્જક મારે ત્યાં આવેલા. તેમને કહ્યું કે કાંઈ કામ હોય તો આપ ધક્કો ન ખાશો હું રૂબરૂમાં આવું છું. કહે કે ના મારે તમારું ઘર જોવું છે અને જાણે પહેલા અને છેલ્લી વાર મારે ત્યાં પગલાં પાડવા આવ્યા હોય તેવું થયું. મને કહે તમારું ઘર તો મારા ઘરની ખૂબ પાસે છે. હું અવારનવાર આ રસ્તા પર ચાલતો ફરવા આવું છું. હવે, હું અવારનવાર તમારે ત્યાં આવીશ. આ અગાઉના વાયદા જેવું કહી વિવિધ સાહિત્ય સ્વરૂપોના સર્જક આ મહાનુભાવે ૨૦મી મે, ૨૦૧૨ના રોજ અંતિમ યાત્રા શરૂ કરી.

કોઈ પણ પ્રસંગ હોય, કોઈ પણ સમારંભ હોય પોતે આટલે પહોંચ્યા, પ્રતિષ્ઠા પામ્યા છે, તેનું શ્રેય તેઓ હંમેશાં સર્વ વિદ્યાલય, કડીને આપતા. સર્વ વિદ્યાલયના એક હોનહાર વિદ્યાર્થી તરીકે આપણે તેમને હંમેશાં યાદ રાખીશું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખપદે રહી તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને પ્રતિષ્ઠિત કરી છે. તેમના અવસાનથી માતાને પુત્ર ગુમાવવાનું જેટલું દુઃખ થાય, તેટલું દુઃખ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને થયું છે. સઘળો સર્વ વિદ્યાલય પરિવાર તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે. અને અંગત રીતે ખૂબ ટૂંકા પરિચયમાં આવ્યા છતાંય તેમના ખૂબ પ્રેમાળ વ્યક્તિત્વનાં મને દર્શન થયાં છે. સરળ વ્યક્તિત્વ, સ્નેહાળ સ્વભાવ, પ્રવાસના શોખીન આ મહાનુભાવે અંતિમ પ્રવાસ આરંભ્યો છે, ત્યારે તેઓ ફરી તેમના પ્રવાસનાં વર્ણન કરવા આપણી વચ્ચે આવશે. આપણ સૌને માર્ગદર્શન આપશે તેવી આશા સાથે ફરી એક વાર પરમકૃપાળુ પરમાત્મા તેના આ પ્રેમાળ પુત્રને શાશ્વત શાંતિ આપે તે અભ્યર્થના સાથે તેમના કુટુંબીઓને આ આઘાત સહન કરવા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.

*'વિદિશા'ના નિબંધો એમનાં વિષયને કારણે, એમાં જે સ્થળો છે તેને કારણે, એ સ્થળોના ઇતિહાસ-ભૂગોળને કારણે, એ સ્થળોના વર્ણનને કારણે તો આકર્ષક છે જ : પણ એથીય વિશેષ તો એમની શૈલીને કારણે, એમાંય સવિશેષ તો લેખકની પરિપક્વ રસિકતા અને તીવ્રસૂક્ષ્મ સંવેદનાને કારણે સંતર્પક છે.*

– નિરંજન ભગત

# વિરલ વિભૂતિ : ડૉ. ભોળાભાઈ

**મનુભાઈ જે. પટેલ, મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી**

'ગુજરાતી વિશ્વકોશ'માં નોંધ્યું છે કે "ઘણા લેખકો એવા હોય છે જે કેવળ સમકાલીન જમાનાના સંતાનરૂપ હોય છે; કેટલાક એવા હોય છે જે જમાનાનાં બળોને ઝીલતાં ઝીલતાં જમાનાને ઘડે પણ છે, થોડાક એવા પણ હોય છે કે જેમનું સાહિત્ય એક નહિ પણ અનેક પેઢીઓનું ઘડતર કરીને ચિરંજીવ બને છે; પણ એવી તો વિરલ જ વિભૂતિ હોય, જેનું વ્યક્તિત્વ જમાનાનાં બળોની પાર જઈને સમગ્ર દેશ અને સાહિત્યમાં નવી ચેતના પ્રગટાવે છે." આવી ચેતના પદ્મશ્રી ડૉ. ભોળાભાઈએ ગુજરાતી સાહિત્ય અને શિક્ષણ જગતમાં પ્રજાળીને તેનું સતત સંવર્ધન કર્યું છે.

કેટલીક વ્યક્તિઓની વસમી અને આકસ્મિક વિદાયથી સમાજ, શિક્ષણ અને સાહિત્યમાં ભારે ખોટ ઊભી થતી હોય છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરે થોડા થોડા અંતરે બે મોભી ગુમાવ્યા છે. ગત જાન્યુઆરી માસમાં આકસ્મિક વિદાય થયેલા ચેરમેનશ્રી માણેકલાલ સાહેબની અણધારી વિદાયથી મંડળ સ્વસ્થતા પ્રાપ્ત કરે ત્યાં તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ અને ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન પ્રમુખ ડૉ. ભોળાભાઈ પટેલે મે માસમાં અણધારી વિદાય લીધી. જેથી સમગ્ર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગુજરાતી સાહિત્ય પરિષદે આંચકો અને આઘાત અનુભવ્યો છે.

કોઈ પણ સંસ્થાનો વિદ્યાર્થી તે જ સંસ્થાના કબીર વડ સમા વિસ્તૃત પટ પર પ્રમુખ તરીકે સર્વાનુમતે અને ભાવનાના પૂર સાથે નિયુક્તિ થાય તેવી ઘટના વિરલ અને અદ્વિતીય જ ગણી શકાય. ડૉ. ભોળાભાઈ થકી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખપદનું ગૌરવ અને ગરિમા વિશેષ ઉજ્જ્વળ થયેલ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કારોબારી સભામાં નિયમિત આવતા ડૉ. ભોળાભાઈને સંસ્થાનું પ્રમુખપદ સ્વીકારવા માટે વિનંતી કરી ત્યારે ખૂબ જ નિખાલસ અને નમ્રભાવે અનિચ્છા દર્શાવી. પણ સ્વ. ચેરમેન માણેકલાલ અને સર્વ વિદ્યાલયના પૂર્વ આચાર્યશ્રી અને મંડળના મંત્રીશ્રી મોહનલાલ પટેલ, ડૉ. રામભાઈ, ડૉ. કનુભાઈ અને અમે સૌએ ભાવપૂર્વક આ પદનો સ્વીકાર કરવા માટે વિનંતી કરતાં કંઈક ક્ષોભ સહિત આ જવાબદારી વહન કરવા પદ્મશ્રી ડૉ. ભોળાભાઈએ સહમતિ દર્શાવી હતી. પરિણામે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ગુજરાતી સાહિત્ય વર્તુળમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અભ્યાસ દરમિયાન ગાળેલાં વર્ષો અને સંકળાયેલ આચાર્યશ્રી નાથાલાલ દેસાઈ ઉપરાંત અધ્યાપકો અંગેનાં સુખદ સ્મરણો તેમણે હંમેશાં યાદ કરેલ છે. પોતાનામાં સાહિત્યની અભિરુચિ, વાચન, ચિંતન અને મનન ઉપરાંત લેખનમાં બીજારોપણ છગનભાની પુણ્યભૂમિ : વર્તમાન કાશીનગરી સમી કડીમાં જ રોપાયાં હતાં. કડી સર્વ વિદ્યાલયનું નામ કર્ણપટે પડતાં જ હૃદયમાં અનેક સ્પંદનો અને સ્મરણોનાં

મોજાં ઊછળતાં જોવા મળતાં હતાં. No study without kadi એ સૂત્રને હંમેશાં યાદ અપાવતા હતા. કડી બી. એડ્. કૉલેજમાં થોડાંક વર્ષો પહેલાં ઇનામ વિતરણ અને વ્યાખ્યાન નિમિત્તે પધાર્યા હતા, ત્યારે કવિ કાલિદાસના મેઘદૂતમ્‌ના શ્લોક ભાવવાહી રીતે બોલીને સમગ્ર શ્રોતાવર્ગને આનંદની અનુભૂતિ પૂરા બે કલાક સુધી કરાવીને સૌને ભાવવિભોર બનાવ્યા હતા.

સૌને સાંભળવા અને ખપપૂરતું જ બોલવું એ તેઓશ્રીનું આગવું લક્ષણ હતું. નાનામાં નાનો માણસ પણ કોઈ પણ સંકોચ વગર ભોળાભાઈની સાથે દિલથી વાત કરી શકતો અને યોગ્ય માર્ગદર્શન પણ મેળવી શકતો. સ્વ. માણેકલાલ સાહેબના અમૃતપર્વ પ્રસંગની ઉજવણી પ્રસંગે ડૉક્ટરશ્રીઓએ શ્રમ નહિ લેવા અને મુસાફરી ટાળવા ખાસ તાકીદ કરેલી હોવા છતાં આ ઉજવણી પ્રસંગે સૌ મહેમાનોને આવકારવા અને માણેકલાલ સાહેબને અભિનંદન આપવા માટે સૌથી વહેલા આવીને સમગ્ર કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધી રોકાઈને હૃદયનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ડૉ. ભોળાભાઈ ગુજરાતી સાહિત્યના પ્રવાસ લેખકોમાં કાકાસાહેબ કાલેલકર જેવા જ સિદ્ધહસ્ત લેખક પુરવાર થયા છે. ડૉ. ભોળાભાઈ નિબંધકાર, વિવેચક અને તુલનાત્મક સાહિત્યના અભ્યાસ ઉપરાંત અનેક ભારતીય ભાષાઓમાં પ્રભુત્વ મેળવ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના વર્ષો સુધી તંત્રી અને પરામર્શક તરીકેની સેવા સૌરભ ચિરસ્મરણીય બની રહેશે. શાંતિનિકેતનમાં ફેલોશિપ મેળવીને ત્યાં પણ અધ્યાપક તરીકે યશસ્વી પ્રદાન કરેલ છે. ગુજરાતી સાહિત્યમાં ૧૦૦થી વિશેષ ગ્રંથોનું નિર્માણ કરીને અનેક સિદ્ધિઓ અને એવૉર્ડો મેળવીને એવૉર્ડોને પ્રતિષ્ઠિત કર્યા છે. રણજિતરામ સુવર્ણચંદ્રકથી માંડીને છેક પદ્મશ્રી સુધીના ગૌરવપૂર્ણ એવૉર્ડો મેળવીને શ્રી ભોળાભાઈ મૂઠી ઊંચેરા માનવી તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

તેઓશ્રી સદ્‌ગત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળે એક મોભી, દ્રષ્ટા અને માર્ગદર્શક ગુમાવ્યા છે. માનવીમાં રહેલી અતૂટ શ્રદ્ધા અને માનવતાભર્યાં કાર્યો અને પ્રોત્સાહન હંમેશાં ભોળાભાઈ પાસેથી જોવા અને માણવા મળ્યાં છે. ટ્રસ્ટના આ મોભીની વિદાયથી જાણે કે છત્ર જતું રહ્યું એવો અહેસાસ અને લાગણી અનુભવીએ છીએ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સાથે ડૉ. ભોળાભાઈનું સ્મરણ સૌને સ્મરણીય બની રહેશે. ડૉ. ભોળાભાઈ વગરની સર્વ વિદ્યાલયની સફર વસમી બની રહેશે.

**"યહ જમીન ઔર આસમાન ખાલી હૈ,**
**યહ મંજિલ ભી અબ નહીં હમારી હૈ,**
**જબ સે તૂ નહિ હૈ મેરે હમસફર,**
**યહ સફર એક સજા બન ગયી હૈ."**

તા. ૨૫-૫-૨૦૧૨
ચાણસ્મા (ઉ.ગુ.)

*ભોળાભાઈ કર્તવ્યથી પ્રેરાઈને વિવેચક બન્યા અને નિરંજન આદિ વડીલોના આદેશથી નિબંધકાર બન્યા. લેખનના વિકલ્પે એ આસ્વાદને વર્યા હતા અને વર્ગમાં આનંદના ભાગીદારો મેળવી લેતા. હું એમને પ્રતિભાશાળી શિક્ષક કહું છું ત્યારે વિદ્વત્તા, વક્તૃત્વ અને વાત્સલ્ય ઉપરાંત ભોળાભાઈની ભાવયિત્રી પ્રતિભાનો પણ નિર્દેશ કરું છું.*

– રઘુવીર ચૌધરી

# ભોળાભાઈને શબ્દાંજલિ

**ધીરુભાઈ ઠાકર**

ભોળાભાઈ પટેલ સાથે મારો ચાળીસેક વર્ષનો સંબંધ. હું મોડાસા ગયો (૧૯૬૦) તે પહેલાં તેમની સાથે પરિચય થયેલો. તેઓ બેત્રણ વાર મોડાસા આવી ગયેલા. એક વાર તો તેમણે મોડાસા કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ ઊડિયા કવિતા વિશે વ્યાખ્યાન પણ આપેલું.

પ્રથમ દૃષ્ટિએ જ જીતી લે તેવો પ્રેમનીતરતો મુખભાવ. મરક મરક કરતો કુમાશભર્યો ચહેરો. આંખોમાં જાણે યુગોનાં સૌંદર્ય-દર્શનનો રોમાંચ આંજ્યો હોય ! જન્મજાત શિક્ષક. સાહિત્ય અને કળાના રસભોગી ભાવક-વિવેચક. સૌન્દર્યદર્શી કવિનું કુતૂહલ અને શિક્ષકની પ્રસન્નતા તેમના વક્તવ્યમાંથી ઝરે. તેનો ચેપ તેમના વિદ્યાર્થીઓ અને રસિક શ્રોતાઓને પણ લાગતો.

અઢાર વર્ષની ઉંમરે મૅટ્રિક થઈને તેઓ વતન નજીક માણસામાં શિક્ષક થયા. રઘુવીર ચૌધરી આઠમા ધોરણથી મૅટ્રિક સુધી તેમની પાસે ભણેલા. ત્યાંથી ભોળાભાઈ બનારસ હિંદુ યુનિવર્સિટીની બહારની પરીક્ષા આપીને હિંદી, સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ વિષયો સાથે બી.એ. થયા. પછી નોકરી કરતાં કરતાં તે હિંદી સાથે એમ.એ. અને ૧૯૬૮માં અંગ્રેજી સાથે એમ.એ. થયા. ભાષાશાસ્ત્રનો ડિપ્લોમા લીધો. ૧૯૬૪માં નગીનદાસ પારેખ પાસે બંગાળી શીખવાનું શરૂ કર્યું તે ૧૪ વર્ષ ચાલ્યું. અજ્ઞેયજી વિશે હિન્દીમાં તેમણે પીએચ.ડી. માટે સંશોધન કર્યું. ઉપરાંત ફ્રેન્ચ, જર્મન, ઊડિયા અને અસમિયા વગેરે ભાષાઓ પણ શીખી લીધી. આમ તેઓ બહુભાષાવિદ હતા. તેનો લાભ માત્ર જે તે ભાષાના સાહિત્યના અધ્યયન પૂરતો ન રહેતાં, હિંદી, બંગાળી, અંગ્રેજી ભાષા-સાહિત્યના અધ્યાપનને પણ મળ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાંથી તેઓ નિવૃત્ત થયા ત્યારે વિવિધ વિષયોમાં તેમના અધ્યાપન અને માર્ગદર્શન પામેલા વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હતી. નિવૃત્ત થયા પછી પણ વિદ્યાર્થીઓને આ પ્રેમાળ અને એકનિષ્ઠ અધ્યાપકનો લાભ મળ્યા કરતો. ભોળાભાઈ દિવંગત થતાં વિદ્યાર્થીઓને થયેલો આઘાત અશ્રુઓથી વર્ણવી શકાય નહિ તેટલો વિષમ છે.

ગુજરાતી સાહિત્યમાં ભોળાભાઈનું અર્પણ ચિરંતન છે. તેમણે સુંદર અનુવાદો ઉપરાંત લાલિત્યપૂર્ણ પ્રવાસનિબંધો અને તુલનાત્મક શૈલીનાં સર્જનાત્મક પ્રતિભાનાં દ્યોતક વિવેચનો આપ્યાં છે. 'વિદિશા' તેમનો શ્રેષ્ઠ નિબંધસંગ્રહ છે. તેમાં સૌન્દર્ય-દર્શનનો કવિસહજ ઉદ્રેક દાખવતા શિષ્ટમિષ્ટ પ્રતિભાવો જોવા મળે છે. કાકાસાહેબની માફક ભોળાભાઈ પણ પ્રકૃતિદર્શનની સાથે સંસ્કૃતિદર્શન કરાવતા જાય છે. તેને માટે તેઓ સંસ્કૃત, બંગાળી, ઉર્દૂ, હિન્દી, ગુજરાતી અંગ્રેજી સાહિત્યમાંથી છૂટે હાથે લહાણી કરે છે. આ લેખકની વિશેષતા એ કે શિશુસહજ મુગ્ધતાની સાથે સૌન્દર્યપ્રેમી કલાકારની શૃંગારપ્રિય રંગદર્શિતા પણ તેમના પ્રવાસવર્ણનમાં

જોવા મળે છે. 'વિદિશા'નું વિશિષ્ટ આકર્ષણ છે છેલ્લો લેખ, જે નિત્યપ્રવાસી માનવની તીવ્ર સંવેદનાને વ્યાપક ભૂમિકા પર સ્થાપી આપે છે.

'દેવોની ઘાટી' (૧૯૮૯) માટે તેમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયેલું. તેમાં સિમલા, કુલુ-મનાલી અને કેરળ-કર્ણાટકના કરેલા પ્રવાસે તેમને થયેલ રોમાંચક અનુભવનું કથન છે. સિમલામાં હિમાલયના શૃંગ પર થતા સૂર્યોદયનું દર્શન કરવા તેઓ બારીમાંથી અગાશીમાં – પ્રાચીન સંસ્કૃતિમાં કૂદકો મારે છે, વિપાશા નદીના પુલ પરથી પસાર થતાં વેદકાલીન સંસ્કૃતિમાં ડૂબકી મારે છે. મંદિરના સ્થાપત્યમાં કંડારેલી મદનિકાઓ તેમને સૌન્દર્યલુબ્ધ કરે છે. એ સુંદરીઓનું વર્ણન કરતાં રવિ ઠાકુરે ઉર્વશીને 'વિશ્વેર પ્રેયસી' કહેલી તે યાદ કરે છે.

ભોળાભાઈની પ્રવાહી, પ્રાસાદિક અને ચિત્રાત્મક ગદ્યશૈલીને અંગત અધ્યાસ પ્રાપ્ત થાય છે તે તેમના આ પ્રકારના સર્જનાત્મક અભિગમને કારણે. આપણા નિબંધસાહિત્યમાં આ તેમનું નોંધપાત્ર પ્રદાન છે.

ભોળાભાઈને વિશ્વકોશ-પ્રવૃત્તિ પ્રત્યે અનન્ય પ્રેમ હતો. છેક આરંભકાળથી વિશ્વકોશના નાના-મોટા તમામ કાર્યક્રમોમાં તેમની ઉપસ્થિતિ હોય જ. વિશ્વકોશના આયોજનમાં ભારતીય ભાષાઓ અંગે તેમનું માર્ગદર્શન સતત મળતું. અમારે માટે તે ઉત્સાહપ્રેરક સ્રોત હતા. તેમની ઊંચી રસવૃત્તિ અને ઉદાત્ત રસિકતાએ અમદાવાદના સાહિત્યમંડળમાં પરોક્ષ રીતે સુરુચિ-સંવર્ધન કર્યું હતું. મુક્તહાસ્યથી શોભતું તેમનું ઉષ્માપૂર્ણ વ્યક્તિત્વ જ્યાં જાય ત્યાં વાતાવરણને ભર્યુંભર્યું કરી દેતું. તેમનું પ્રત્યક્ષ દર્શન અને સાહિત્યમાં કરેલું સૌન્દર્યદર્શન ક્વચિત્ એકાત્મતાનો અનુભવ કરે છે – કરાવે છે. 'વિદિશા'નો આ પ્રવાસી કહે છે :

''તેષાં દિક્ષુ... આ શબ્દો પવનપાવડી બની જાય છે મારે માટે જાણે. એ પહેરી મન ઊડવા માંડે છે. તે દિશામાં માત્ર વિદિશા નથી, દશે દિશા છે... સાત સમુંદર તેરો નદી, પહાડ પર્વત, નગર જનપદ, ઝાડ જંગલ... પછી આવે મારું નાનું ગામ, જે ગામમાંથી હું નિર્વાસન પામ્યો છું. મારું એ ગામ... ભલે અહીં નદી નથી, પહાડ નથી, જંગલ નથી, સાગર નથી, સરોવર નથી, પણ હવે એ બધુંય મારામાં છે. બધુંય. પણ ત્યાં ઝાઝું રહેવાનું થતું જ નથી... પણ પાછો સણકો ઊપડે હેથા નય, હેથા નય... ત્યારે મન 'તેષાં દિક્ષુ'ની પવનપાવડી પહેરી લે છે.''

ભોળાભાઈ, તમે ઉતાવળ કરી, પ્રસ્થાન કરવામાં.

પવનપાવડી પહેરતાં પહેલાં નીચે નજર નાખવી જોઈતી હતી.

સ્વજનો અશ્રુપાત કરે છે,

મિત્રો સ્તબ્ધ થઈ ગયા છે,

વિદ્યાર્થીઓ શૂન્યમનસ્ક બન્યા છે,

સાહિત્યપ્રદેશમાં અસાધારણ ખાલીપો જોવા મળે છે.

હજુ કેટલું બધું કામ બાકી છે ?

ગુજરાતી શિષ્ટગ્રંથો ભારતભરમાં કોણ ઉતારાવશે ?

માતૃભાષા ગુજરાતીને અસ્મિતાનો ઓપ કોણ ચડાવશે ?

'મેઘદૂત' અને રવીન્દ્રસાહિત્યનું રસપાન આર્દ્ર પ્રસન્ન ભાવે કોણ કરાવશે ?

ૐ શાન્તિઃ.

# નિસ્બત અને નિષ્ઠા

કુલીનચંદ્ર યાજ્ઞિક

સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રના મણિ, 'પદ્મશ્રી' પુરસ્કાર વિજેતા શ્રી ભોળાભાઈ પટેલની વિદાયથી ગુજરાત ગરીબ થયું છે. એમને અપાયેલી ભાવભરી અંજલિઓ તેમના શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારક્ષેત્રે તેમણે આપેલા ઉત્તમ અને બહોળા પ્રદાનની પ્રશસ્તિઓ છે. એમના જેટલી અને જેવી શ્રદ્ધાંજલિઓ ઉમાશંકર જોશી પછી કદાચ બીજા કોઈને મળી નથી. તેમના તેજસ્વી શિષ્યો ગુજરાતની સંસ્કારયાત્રાને સતત આગળ ધપાવી રહ્યા છે. અને વિવેચનો, પ્રવાસવર્ણનો, નિબંધો, ગુજરાતી સાહિત્યનો અમૂલ્ય વારસો છે. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ અને અકાદમી બંનેનું પ્રમુખપદ શોભાવ્યું, અને ગુજરાત વિદ્યાસભા અને સાહિત્ય સભામાં પણ અનન્ય સેવા આપી.

તેમનો વધારે પરિચય તો મને છેક નિવૃત્તિ પછી થયો હતો. પણ ત્યારે દરેક કામમાં તેમની નિસ્બત અને નિષ્ઠાનો પ્રત્યક્ષ અનુભવ થયો. એ ચીવટવાળા ઘણા 'વ્યવસ્થિત' વ્યક્તિ હતા. હિંદીના તો એ અધ્યાપક, પણ સંસ્કૃત, બંગાળી અને બીજી ભાષાઓના તે સારા જાણકાર. કાલિદાસના મેઘદૂત અને કવિવર રવીન્દ્રનાથનાં કાવ્યો માટેની તેમની પ્રીતિ અદમ્ય હતી.

એમની ઉદારતાનો એક પ્રસંગ તાજો થાય છે. ત્રણેક વર્ષ પહેલાં સાહિત્ય પરિષદની એક મિટિંગમાં ચર્ચાએ કંઈક ગરમી પકડી હતી. ચર્ચાના મુદ્દા કરતાં વ્યક્તિત્વના ભેદ વધારે ગંભીર જણાતા હતા. ભોળાભાઈએ પોતાનું મંતવ્ય ભારપૂર્વક સ્પષ્ટ કર્યું. તેમાં કશું જ અનુચિત ન હતું, પણ કેટલાક સભ્યો નારાજ થયાનું તેમને લાગ્યું. તેમણે તરત જ નિખાલસતાથી તેમનો આશય ન હોવા છતાં કોઈને ગેરસમજ કે મનદુઃખ થયું હોય તો દિલગીરી વ્યક્ત કરી, કોઈએ આવી માગણી કરી નહોતી, છતાંય.

એક કમનસીબ ઘટનાથી મનમાં ઝીણી કસક ઊઠે છે. ભોળાભાઈના અકાદમીના પ્રમુખ તરીકેના કાર્યકાળ પછી અકાદમીના બંધારણ મુજબ નવી ચૂંટણી થઈ. ભોળાભાઈ તેમાં પુષ્કળ મતોથી જીત્યા હતા પણ સરકારે ચૂંટણીના પરિણામના અનુસંધાનમાં અકાદમીની વિધિસરની રચના જ ન કરી ! આ બંધારણનો ભંગ હતો. અને ગુજરાત પ્રત્યે અવિવેક હતો.

આમાં ભોળાભાઈની પ્રવૃત્તિઓ ઉપર તો કશી અસર પડી નહિ. બલકે એ તો ત્યાર પછી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા, પણ ભોળાભાઈ અને અન્ય વિજેતા ઉમેદવારોની સેવા મળવાની તક ગુજરાતની એક ઉત્તમ સંસ્થાએ ગુમાવી.

છેલ્લા બે-એક વર્ષોમાં તબિયતને કારણે ભોળાભાઈની પ્રવૃત્તિ ઉપર અંકુશ આવ્યો હતો પણ તેમના અવસાનના એક સપ્તાહ અગાઉ પણ તેમણે જાહેર સમારંભમાં ભાગ લીધો હતો. સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેનો તેમની નિર્ધારિત મુદત પૂરી ન થઈ શકી તેનો રંજ રહી ગયો !

ઈશ્વર એમના પુણ્યાત્માને શાંતિ આપે !

# પ્રશિષ્ટ અને અદ્યતનના આસ્વાદક : ભોળાભાઈ

**રઘુવીર ચૌધરી**

આનંદ કુમારસ્વામીના નિબંધસંગ્રહ 'ડાન્સ ઑફ શિવ'ની પ્રસ્તાવનામાં રોમાં રોલાએ લયમુક્ત દર્શન, ચિંતનની ગહન મંદ સુગંધના આનંદને નવાજ્યાં છે. આ સામ્ય ભોળાભાઈના નિબંધોમાં જોઈ શકાય. સાંસ્કૃતિક વિકાસ માટે નૈતિકતા પૂરતી નથી, સૌંદર્યદૃષ્ટિ પણ જોઈએ. આ સંકેત ભોળાભાઈના સમગ્ર લેખનમાં નિહિત છે. કુમારસ્વામીએ કહ્યું છે : સુન્દરતા વિના સાચી નૈતિકતા સંભવ નથી, જેમ નૈતિકતા વિના સાચી સુંદરતા સંભવ નથી. ભોળાભાઈએ કલા અને સૌંદર્યનાં મથકોને તીર્થસ્થાન ઠરાવેલાં.

ભોળાભાઈ શંકરદાસ પટેલ (જન્મ તા.૭-૮-૧૯૩૪ સોજા, જિ. મહેસાણા.) માતા રેવાબા. ચૌદ વર્ષની વયે શકુબહેન સાથે લગ્ન. સંતાનો મંજુલા (૧૯૫૩) મધુસૂદન (૧૯૫૫), આનંદ (૧૯૫૭), વસંત (૧૯૬૧), બકુલ (૧૯૬૩) ઉચ્ચ શિક્ષણ પામી સ્વાશ્રયી બન્યાં. સને ૧૯૮૩માં દીકરી મંજુલાના વૈધવ્યથી ઊંડો આઘાત લાગ્યો. લોહીના દબાણની તકલીફ શરૂ થઈ. એ પૂર્વેનું ખડતલ અને ઘાટીલું શરીર તેમ જ પ્રસન્ન વ્યક્તિત્વ એમના મિત્રો અને વિદ્યાર્થીઓ ભૂલ્યા નથી. મુક્ત બુલંદ હાસ્ય ત્ર્યંબકના અટ્ટહાસ્યની કલ્પના કરવા પ્રેરે.

ભોળાભાઈ સને ૧૯૫૨માં મૅટ્રિક થઈ શકુબહેનના પિયર માણસામાં શિક્ષક થયા. ત્યારે હું આઠમા ધોરણમાં હતો. ભોળાભાઈ જાણે કે જન્મજાત શિક્ષક હતા. કડી સર્વ વિદ્યાલયમાં મોહનલાલ પટેલ, અંબાલાલ પટેલ, રતિલાલ નાયક અને અન્ય સંનિષ્ઠ શિક્ષકો પાસે ભણ્યા હોઈ સાહિત્ય અને કળાની રુચિ કેળવાયેલી હતી. એમણે અમને વિદ્યાર્થીઓને વાંચતા-લખતા-બોલતા કર્યા. નાટ્યકળા પ્રત્યે પ્રેર્યા. શાળામાંથી છૂટી એ મારી સાથે બાપુપુરાના રસ્તે અડધે સુધી આવે. નિરંજન-રાજેન્દ્ર-પ્રિયકાન્તની કવિતાની વાત થાય. ઉમાશંકર – સુન્દરમ્‌નો સ્વાધ્યાય પછીનાં વર્ષોમાં થયો. હું મૅટ્રિક પહેલાં સંસ્કૃત ભૂષણ, સાહિત્યરત્ન અને ડ્રૉઇંગ ઇન્ટર મિડિયેટ થયો એમાં એમનું પ્રેરક પ્રોત્સાહન હતું. સને ૧૯૫૨થી ૧૯૫૮નાં છ વર્ષો ભોળાભાઈ માટે સતત આનંદદાયી રહ્યાં. ત્યાંથી એમણે બનારસ હિન્દુ યુનિવર્સિટીના અવિધિસર વિદ્યાર્થી તરીકે બી.એ.ની પરીક્ષા આપી. વિષયો હતા હિન્દી, સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ. પરીક્ષા પછી પણ બનારસ એમનાથી જલદી છૂટતું ન હતું.

બનારસમાં એમને પ્રો. નામવરસિંહને સાંભળવાનો લાભ મળ્યો. એક રશિયન વિદ્યાર્થિનીને નામવરસિંહ જયશંકર પ્રસાદ કૃત 'અરુણ યહ મધુમય દેશ હમારા' ગીત સમજાવતા હતા. નામવરસિંહની આસ્વાદમૂલક વિશ્લેષણ રીતિથી એ ભારે પ્રભાવિત થયેલા. એનો આનંદ વારંવાર વ્યક્ત કરતા. એ એમના જીવનનો મહત્ત્વનો શૈક્ષણિક લહાવો હતો.

સને ૧૯૫૮થી ૧૯૬૦ દરમિયાન અમદાવાદથી નૂતન હાઈસ્કૂલમાં કામ મેળવી હિન્દી સાથે એમ.એ. થયા. ત્યારે ઉમાશંકરભાઈના વર્ગો ભરવા સંમતિ મેળવી હતી. વળી ૧૯૬૮માં અંગ્રેજી સાથે એમ.એ. થયા. તો એમાંય પ્રથમ ક્રમ જાળવ્યો. ભાષાઓ શીખવાનું વ્યસન તો હતું જ. સને

૧૯૬૪માં નગીનદાસ પાસે બંગાળી શીખવાનું શરૂ કર્યું. તે ચૌદ વર્ષ ચાલ્યું. અંગ્રેજીનાં અધ્યાપિકા ડૉ. અનિલા દલાલ પણ બંગાળીનાં સહાધ્યાયી. વિદ્યામૈત્રી આજીવન વિકસતી રહી. એમના વિદ્યાર્થીઓની વાત કરું તો બિન્દુ-હર્ષદ, ઊજમભાઈ, વીરેન્દ્રનારાયણ, મૃદુલા, રેખા, આલોક અને શિષ્યાથી પણ વિશેષ રૂપાનાં આંસુ આ ક્ષણે પણ મને દેખાય છે. વિશાળ ભાવકવર્ગ પણ આર્દ્ર સ્વરે વાત કરતો જોવા મળ્યો. ભારતમાંથી, વિદેશોથી સંવેદનાની લહરો વળી વળીને આવી સ્પર્શતી રહી. આજે તો એમના વિદ્યાર્થીઓના માર્ગદર્શનમાં પણ અનેક અધ્યાપકો પીએચ.ડી. થયા છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં અમારી પ્રણાલી વિદ્યાર્થીને સર્જાતા સાહિત્યમાંથી નવો વિષય આપવાની હતી. એથી હિન્દીના અનેક સર્જકો સાથે અમારા વિદ્યાર્થીઓ સીધા સંપર્કમાં મુકાયા. વિભાગમાં ડૉ. મહાવીરસિંહ ચૌહાણ જોડાતાં પ્રગતિશીલ પરિમાણ ઉમેરાયું. સુલતાન પીએચ.ડી. ભૂલી કવિતામાં વધુ સંડોવાયા.

અજ્ઞેયજીના લેખન પર પાશ્ચાત્ય પ્રભાવ એ એમના પીએચ.ડી.નો મહાનિબંધ. એની અનેક આવૃત્તિઓ થઈ છે. એની નોંધ લેવાઈ છે. અજ્ઞેયજી ભાગવત ભૂમિ યાત્રા નિમિત્તે પંદરેક ભારતીય લેખકો સાથે ગુજરાત-સૌરાષ્ટ્રના પ્રવાસે આવેલા. મને અને ભોળાભાઈને વ્રજભૂમિની યાત્રા કરાવવા ખાસ દિલ્હીથી કાર લઈને આવેલા. અખંડાનંદ સરસ્વતીના આશ્રમમાં રોકાયેલા. અમે તમાલ વૃક્ષ જોઈ કૃષ્ણમય બની ગયેલા. એ પણ ભોળાભાઈના જીવનનું એક ઉત્તમ સ્મરણ છે. વૃક્ષો, છોડવા, ફૂલ બધાયનું એમના સ્મૃતિકોશમાં સ્થાન હતું.

તુલનાત્મક શૈલીનો એક વિવેચન લેખ અને લાલિત્યપૂર્ણ પ્રવાસ નિબંધ ભોળાભાઈને સમગ્ર સારસ્વત જગતમાં ચર્ચાતા કરી મૂકે છે. લેખ હતો બૉદલેર અને નિરંજન ભગતની નગરકવિતાના તુલનાત્મક અભ્યાસનો. 'Tableaux Parisians અને પ્રવાલદ્વીપ' (સંસ્કૃતિ, ૧૯૬૩) એમાં સુરેશ હ. જોષીનો અભિપ્રાય ટાંકેલો : નિરંજન ભગતને બૉદલેરની જેમ 'કૉમ્પ્રિહેન્સિવ મીથ' લાધી નથી એ વાંચી ભગતસાહેબે પ્રથમ વખત મળતાં કેવા દઢ અવાજમાં ભોળાભાઈની સમજણ કેળવી હતી, એ ઉદ્ગારની, એ ઉમંગથી પુનરુક્તિ કરતા. પોતાની ટીકાનો પણ આનંદ !

'વિદિશા' નામના નિબંધે ભોળાભાઈને વિભિન્ન ક્ષેત્રના ભાવકો સુલભ કરી આપ્યા. કાલિદાસ અને રવીન્દ્રનાથની સૌંદર્યચેતનાના પોષણથી અહીં શબ્દનો રથ દશાંગુલ ઊંચે ચાલે છે. લલિત નિબંધ તરીકે પ્રવાસવર્ણન અહીં દૃષ્ટાંત પામે છે. વિખ્યાત છબિકાર અશ્વિન મહેતા જેવા સર્વોચ્ચ કલાસૂઝ ધરાવતા વાચકે લખ્યું : ''વિદિશા, જેવા પ્રવાસલેખો ગુજરાતી ભાષામાં લખાયા નથી ને ક્યારે લખાશે તે ખબર નથી.'' તો મહેન્દ્રભાઈ મેઘાણીએ લખ્યું : ''વિદિશા' આખી વાંચતાં વાંચતાં દાંતની પીડા વીસરાઈ ગઈ... તમારું આ પુસ્તક વાંચીને અનેક લોકોને દેશમાં ભ્રમણ કરવા નીકળી પડવાનું મન થશે. શરૂઆતમાં મને પણ થયેલું. પણ પછી આગળ વાંચતાં થયેલું કે તમે જે રસિકતાથી સૌંદર્યદર્શન કરાવ્યું છે તેની તોલે તો આ પ્રત્યક્ષ દર્શનનો આનંદ પણ નહીં આવે.....''

પ્રત્યક્ષ દર્શન કરતાં પણ પ્રવાસનિબંધનું સૌંદર્યદર્શન વધુ આનંદ આપે એ શક્યતા ભોળાભાઈએ સિદ્ધ કરી. સહૃદયોના વધુમાં વધુ પ્રતિભાવ પામનાર પુસ્તકોમાંનું એક છે 'વિદિશા'. 'દેવતાત્મા હિમાલય' (૧૯૯૦) માટે પણ મને પક્ષપાત છે. 'દેવોની ઘાટી' (૧૯૮૯)ને સાહિત્ય અકદામીનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયેલો, (૧૯૯૨). સને ૧૯૮૯માં ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન તરફથી અમને હિન્દી-ગુજરાતી લેખન માટે સૌહાર્દ સમ્માન પ્રાપ્ત થયેલું ત્યારે લખનઉમાં

અજ્ઞેયજી કૃત 'નદી કે દ્વીપ' માં વર્ણવાયેલાં સ્થળો જોવા ગયેલા. નિરંજન ભગતના મુંબઈ કાફેની મુલાકાત લેવામાં પણ એમનો કુતૂહલજન્ય ઉત્સાહ નિમિત્ત બનેલો. નૈસર્ગિક સૌંદર્ય પ્રત્યેની એમની અસીમ પ્રીતિ નગરરૂપ 'આધુનિક અરણ્ય'માં પણ લુપ્ત થતી નહોતી. પશ્ચિમના અદ્યતન સ્થાપત્યને પણ એમણે સમભાવથી જોયું છે. પણ કુદરતની કુંજ વધુ વહાલી, હૃદયની કુંજ જેટલી.

પુસ્તક વિશે સામાન્ય રીતે તંત્રીલેખ લખાતા નથી, પણ હરીન્દ્ર દવે અને હસમુખ ગાંધીએ 'જન્મભૂમિ' અને 'સમકાલીન'ના એમના તંત્રીલેખોમાં કહ્યું કે વિવેચક ભોળાભાઈની વિદ્વત્તામાં રસિકતા છે અને પ્રવાસવર્ણનની રસિકતામાં વિદ્વત્તાની સરવાણી છે.

ભોળાભાઈએ વિદ્યાર્થી અવસ્થામાં કવિતા લખી છે. કવિતાના અનુવાદ આજીવન કર્યા છે. રુચિ અને અભિવ્યક્તિ પરિષ્કૃત હોવાનો લાભ એમના પ્રવાસ લેખનને મળ્યો છે. કલ્પનાશીલતા અને નિરીક્ષણનો સંયોગ અનાયાસ સધાય છે. 'વહેલી સવારે ચંદ્ર ગિરિનગર પર તરતો દેખાયો હતો.' (કાંચનજંઘા, ૧૯૮૫) જેવાં કલ્પનોના મૂળમાં એમનું સ્વકીય નિરીક્ષણ છે. ક્યારેક એમાં એકલવાયી અંગત લાગણી પણ ભળે છે. 'પૂર્વોત્તર (૧૯૮૧)નો એક અંશ મુનિકુમાર પંડ્યાએ તારવ્યો છે.

"ચુપચાપ બધાંથી દૂર જઈને જયસાગરને કાંઠે એક વૃક્ષ નીચે બેઠો. કોઈ અજાણ્યા પંખીનો અવાજ આવતો હતો. સૂરજનું લાલ બિંબ ત્યાં દૂર ક્ષિતિજે અડકી ગયું હતું. કેવી સ્તબ્ધતા ! જોતજોતામાં સૂરજ જમીનમાં ઊતરી ગયો.

ઊભો થઈ સરોવરના પાણી સુધી ગયો. સ્વચ્છ પાણી હાથમાં લીધું. સપાટી કંપી ઊઠી. આ ક્ષણે સરોવર ઘણું વિશાળ અને છતાં ત્યજાયેલું અને એકલવાયું લાગ્યું."

સરોવર કે લેખકનું મન ? બેઉ. કાલિદાસના યક્ષની જેમ ભોળાભાઈ ચેતન-અચેતનનો ભેદ ભૂલી જાય છે. બલ્કે, કહેવું જોઈએ કે એમને માટે સઘળું ચરાચર વિશ્વ સચેતન છે, આત્મવત્ છે.

શિરીષ પંચાલે ભોળાભાઈના પ્રવાસલેખનમાં આત્મીયતા, ઉષ્મા જોઈ છે. ગ્રંથિઓથી, વળગણોથી મુક્ત છે ભોળાભાઈની સૌંદર્યદૃષ્ટિ. બાહુબલિની નગ્નતા એમને પાવનકારી લાગે છે.

"ગોમટેશ્વરની પાવનકારી નગ્નતા, બેલૂર હોયસળની મદનિકાઓનું સમ્મોહનકારી સૌંદર્ય અથવા કહો દેહોત્સવનું કાવ્ય, અને હમ્પીનાં ખંડેરોમાં વિલસતા ભવ્ય અતીતના વિષાદનું ભર્યા ભર્યા કંઠે થયેલું આર્દ્રું ગાન"

મારા પ્રિય પુસ્તક 'દેવતાત્મા હિમાલય"ની એક ઝલક જોઈએ :

"....પૂર્વનાં પર્વત શિખરો જાણે સાદ પાડી રહ્યાં છે. સૂર્ય પણ જાણે એક શિખરને ખભે ચઢી સમગ્ર પર્વતશ્રેણી અને ભાગીરથીની ઘાટીને પોતાના તડકાથી રસી રહ્યો છે. પરંતુ જમણે હાથે ભાગીરથીની પેલે પાર દક્ષિણે એક શ્વેત પર્વત આછા સંચારમાણ ધુમ્મસમાં વીંટળાયેલો છે. એક રહસ્યાવૃત્ત ભવ્યતાનો એ અનુભવ કરાવે છે. કોમળ તડકો એ રહસ્યને હજી ભેદી શકતો નહોતો. પણ એ કોમળ તડકામાં પંખીઓનો કલનાદ ભાગીરથીના ગર્જન વચ્ચે પણ સાંભળી શકાતો હતો."

એક અંશ (રાધે તારા ડુંગરિયામાંથી) બોલે ઝીણા મોરમાંથી :

"....આ સાંજ, આ પવન, આ નદી, આ પહાડ, આ અરણ્ય, આ આકાશ, આ નિર્જનતા ધીરે ધીરે તેમાં અંધકાર ભળી ગયો. અરણ્યનો આદિમ અંધકાર.

એ આદિમ અંધકારમાં આ પુરાણાં જંગલો વચ્ચેથી પસાર થતા પવનનો અવાજ એ પણ આદિમ. એ અવાજ વધતો ગયો. માનસનો ઘુઘવાટ પણ વધતો ગયો, સમુદ્રના ઘુઘવાટ સાથે એને સરખાવી શકાય.''

જંગલમાં પણ ભોળાભાઈને સમુદ્ર યાદ ન આવે તો જ નવાઈ. એમણે ભારતના પ્રત્યેક સમુદ્રમાં, નદીમાં સ્નાન કર્યું હતું. રાજેન્દ્ર પટેલે કહ્યું કે પુસ્તકમેળાની છેલ્લી ગોષ્ઠીમાં એમણે પોતાના સ્વપ્નનો ઉલ્લેખ કર્યો હતો — તરવાના સ્વપ્નનો. અમે શંકરાચાર્યની જન્મભૂમિની યાત્રાએ હતા ત્યારે પણ એમણે તરવાની તક ઝડપી લીધી હતી. એમને પ્રિય હતાં જલનાં તમામરૂપ. જેનું વર્ણન કામાયનીના આરંભે છે એ તરલ, સઘન, તમામ.... એક તત્ત્વ કી હી પ્રધાનતા.

*

સાહિત્યપ્રેમને કારણે ભોળાભાઈએ પ્રશિષ્ટ તેમજ આધુનિક કૃતિઓનો સતત સ્વાધ્યાય કર્યો. એમાંથી એમની સર્જક તરીકે સજ્જતા વધી, પ્રતિભા વ્યુત્પત્તિ અને અભ્યાસથી પરિષ્કૃત થઈ.

એમના ભાષાપ્રેમે–ભાષાજ્ઞાને એમને સમર્થ અનુવાદક બનાવ્યા. ભાષાવિજ્ઞાનના પણ એ સંનિષ્ઠ વિદ્યાર્થી હતા. ડિપ્લોમા કરેલો. ભાષાવિજ્ઞાનની ગ્રીષ્મશિબિરોમાં જતા. પ્રવાસોનો એ આરંભિક તબક્કો હતો. પછી તો દેશ-વિદેશની વિવિધ સાહિત્યિક–શૈક્ષણિક સંસ્થાઓના નિમંત્રણથી એ વ્યાખ્યાન આપવા કે ગોષ્ઠી – પરિસંવાદમાં ભાગ લેવા ગયા.

સને ૧૯૮૩માં શાંતિનિકેતનની વિશ્વભારતીની યુનિવર્સિટીમાં તુલનાત્મક ભારતીય સાહિત્યના મુલાકાતી ફેલો તરીકે એક વર્ષ માટે નિમંત્રણ મળ્યું. ત્યાં રવીન્દ્રસાહિત્યનો વિશેષ અભ્યાસ થયો. યુ. જી. સી. તરફથી રાષ્ટ્રીય અધ્યાપકનું સંમાન મળતાં દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાન આપ્યાં. પ્રેમ મળ્યો.

૧૯૯૩માં સાહિત્ય અકાદમી દિલ્હીની જનરલ અને એક્ઝ્યુકિટિવ કાઉન્સિલમાં નિમાતાં ભારતીય સાહિત્ય અને સાહિત્યકારો સાથે એમનો સંપર્ક અનુબંધમાં પરિણમ્યો. ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખની હેસિયતથી ઉત્તમ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા.

'અધુના' (૧૯૭૩) એમનો પ્રથમ વિવેચન સંગ્રહ છે. આધુનિકતા અને ગુજરાતી કવિતા (૧૯૭૩) જૂના-નવા વચ્ચે એમનો સંયત કવિતાવિવેક સૂચવે છે. ગુજરાતી સાહિત્ય પરિષદના વિવેચન વિભાગના પ્રમુખ તરીકે એમણે આપેલું પ્રવચન 'સાહિત્યિક પરંપરાનો વિસ્તાર' એ નામે ૧૯૯૬માં પ્રગટ થાય છે. તુલનાત્મક સાહિત્ય તેમજ કૃતિનિષ્ઠ આસ્વાદનું આ પુસ્તક ભોળાભાઈની સાહિત્યરુચિ, સમજણ અને મૂલ્યાંકન પદ્ધતિનો ખ્યાલ આપે છે. 'વૃંદાવન મોરલી વાગે છે' ભારતીય કૃષ્ણકવિતાનું અનિલા દલાલ સાથે કરેલું સંપાદન છે. (૨૦૦૭) એને વ્યાપક આવકાર મળેલો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે એમણે ભક્તિકવિતાના સ્વાધ્યાયને આગળ વધાર્યો. 'મધ્યકાલીન ભારતીય ભક્તિકવિતાની સુવર્ણ ફસલ'

રવીન્દ્રનાથનો સ્વાધ્યાય એમનો નિત્યક્રમ હોય એમ લાગે. 'મેઘદૂત' કંઠસ્થ. 'વિક્રમોવર્શીયમ્' નાટક હાથમાં રાખ્યા વિના શબ્દશઃ ભણાવે, લોકગીતો, લગ્નગીતો પણ ઘણાં યાદ, સંસ્કૃત વૃત્તોનો પાઠ કરે તે શ્રોતાઓને સ્પર્શી જાય. મંગલમૂર્તિ વજ્રઅંગ અને એમના આરાધ્ય શ્રીરામને મનોમન સ્મરે. શિવ-રામ-કૃષ્ણ ત્રણેય સાથે સાહિત્યિક-ચૈતસિક નાતો. હિમાલય એમને પિયર સમો પ્રિય. શિખરમાં શિવને જુએ. પ્રકૃતિનાં સકલ તત્ત્વો સાથે ભીતરનો સંચાર અનુભવે. સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે એ વક્તવ્ય આપી રહ્યા હતા ત્યારે એમને ગરવા ગિરનારની

છાયાનો સધિયારો હતો અને મનોજ દાસ, મોરારિબાપુ જેવા શ્રોતાઓ સાથે સંવાદ સધાયો હતો. વિશાળ સભાગૃહના શ્રોતાઓમાં અડધાથી વધુ સાહિત્યના નવયુવાન વિદ્યાર્થીઓ હતા. ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૪૬મું અધિવેશન રૂપાયતન જૂનાગઢના સૂઝભર્યા વ્યવસ્થિત આયોજનને કારણે ભોળાભાઈ માટે જીવનનું સર્વોત્તમ સમ્માન સિદ્ધ થયું. (તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૧).

ભોળાભાઈએ બે વખત ગિરનારનું આરોહણ કરેલું. એની સ્તુતિનું ભજન મોરારિબાપુએ ગાયું ત્યારે ભોળાભાઈની પ્રસન્નતા વધુ સચેત-દ્વિગુણિત બની હતી :

**તારો ભરોસો મુને ભારી**
**એવો ગરવો દાતાર ગિરનારી રે ગિરનારી.**

તે દિવસથી ૨૦મે ૨૦૧૨ની સવાર સુધીનો સમય ભોળાભાઈ માટે ઉત્સાહ અને ઉમંગભરી સક્રિયતાનો હતો. રવીન્દ્રનાથની સાર્ધ શતાબ્દીના સાપ્તાહિક ઉત્સવમાં એ નિરંજન ભગતની પડખે હતા – રવીન્દ્ર ચયનિકા અને રવીન્દ્ર વિવેચનના બે ગ્રંથ પ્રગટ થયા તે દિવસે – ગુરુદેવની જન્મતિથિએ એ વિસ્તારથી બોલ્યા હતા. એ પૂર્વે ૨૦૧૦ના નવેમ્બરની ૨૬મી તારીખે સાહિત્ય અકાદમીએ એમને ફેલોશીપ અર્પણ કરવા સચિવ કૃષ્ણમૂર્તિએ અમદાવાદમાં કાર્યક્રમ યોજ્યો ત્યારે એમના વિશાળ ચાહકવૃંદ સમક્ષ વિસ્તારથી કેફિયત રજૂ કરી હતી. એ પ્રવચનને અંતે એમણે ભારતની માતૃભાષાઓનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ જવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ૩૦ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી સુધી શ્રી ગુણવંત શાહ અને અન્ય માતૃભાષા પ્રેમીઓ દ્વારા સંયોજિત માતૃભાષા વંદના આંદોલનનો ઉલ્લેખ કર્યો હતો. ભોળાભાઈને છેક સુધી એક ફરિયાદ રહી કે ગુજરાત સરકારના કેળવણી વિભાગે માતૃભાષાના શિક્ષણ અંગે ચોક્કસ ભાષાનીતિ દાખવી નથી. 'મળી માતૃભાષા મને ગુજરાતી' (૧૯૯૭) અને 'આવ ગિરા ગુજરાતી' (૨૦૦૧) એમની સ્વભાષા પ્રીતિને પ્રતિબદ્ધ કરે છે. 'પરબ'ના સંપાદનના સહયોગી ડૉ. ચન્દ્રકાન્ત ટોપીવાળા અને રમેશ ર. દવે અંતરંગ મિત્રો બન્યા. 'પરબ' અગ્રણી સામયિક બન્યું.

ભોળાભાઈની બીજી અધૂરી અપેક્ષા હતી અનુવાદ અંગે. એમણે વિવિધ ભાષાઓમાંથી પચીસ જેટલા અનુવાદ ગુજરાતીને આપ્યા છે. ગુજરાતીમાંથી હિન્દીમાં અનુવાદ અમે સાથે મળીને કર્યા છે. પણ અન્ય ભારતીય ભાષાઓમાં ગુજરાતીનું ઉત્તમ સાહિત્ય પહોંચ્યું નથી. ગુજરાતી સાહિત્ય પરિષદ આ અંગે કૃતસંકલ્પ છે. ભારતીય સાહિત્ય આદાનપ્રદાન દ્વારા વધુ ને વધુ સમૃદ્ધ થાય એ માટેનો સહિયારો પુરુષાર્થ ભોળાભાઈને યોગ્ય અંજલિ લેખાશે.

---

*"કલકત્તા એક મહાનગર નથી, કલકત્તા એક 'સંસ્કૃતિ' છે. એને 'કલકત્તા સંસ્કૃતિ' કહી શકાય. આ સરઘસનું નગર છે, આ આંદોલનનું નગર છે, આ નાટકોનું નગર છે, કવિતા સાહિત્યનું નગર છે, આ વિદ્યાનું નગર છે. કલકત્તા અત્યંત સુંદર છે, કલકત્તા અત્યંત કુરૂપ છે. કલકત્તાના અનેક ચહેરા છે."*

**(કાંચનજંઘા પૃ. ૧૨૬)**

---

# સહૃદય સોબતની એ ક્ષણો !

પ્રકાશ ન. શાહ

એમની સાથેનો પરિચય સહેજે પાંચ દાયકે અડતો હશે. નિકટ પરિચય અને મૈત્રીપ્રહરો છેલ્લાં ત્રીસેક વરસના પટ ઉપર અંકિત જોઉં છું. પણ આ લખવા બેઠો છું ત્યારે થઈ આવતું પહેલું સ્મરણ છત્રીસ વરસ ઉપરનું છે જ્યારે મેં એમને પહેલો (અને છેલ્લો) પત્ર લખ્યો હતો. ૧૯૭૬નો માર્ચ ઊતરતે પાલનપુર સબ જેલમાં મિસાબંદી હતો ત્યાં છાપાથી જાણ્યું કે આપણા ભોળાભાઈનું પુસ્તક રાજ્ય સરકારે પુરસ્કૃત કર્યું છે. સરકાર પદારથ પરત્વે સ્થાયી જેવો સમીક્ષાભાવ છતાં મારો રાજીપો પ્રગટ કર્યા વગર રહી શકું શાનો ! એમને અભિનંદન આપતાં મેં લખ્યું કે આજ લગી અમે 'હિંમતસિંહજી ઑફ માણસા'ને જાણતા હતા, પણ હવે 'ભોળાભાઈ ઑફ માણસા' ચિત્રમાં આવે છે !

નહીં કે એ સોજાના હતા તે હું જાણતો નહોતો. પણ સાહિત્ય પરિષદ મુનશીની આજ્ઞાંકિત મટીને ઉમાશંકર આદિ સાથે સખીકૃત્યના તબક્કામાં પ્રવેશી ત્યારે ઉમાશંકર જોશી, યશવન્ત શુક્લ, પીતાંબર પટેલ વગેરે પછીની જવાબદારી ઉઠાવતી મિત્રબેલડી બેલાશક ભોળાભાઈ અને રઘુવીરની હોવાની હતી. એમનું માણસા-મિલન અને ૧૯૫૫ની ઐતિહાસિક નડિયાદ પરિષદમાં શિક્ષક ભોળાભાઈ અને છાત્ર રઘુવીરનું સાથે હોવું હવે જાણીતું હતું; અને ત્યાં પ્રતિકારનું નેતૃત્વ કરતા ઉમાશંકર જોશી-જયન્તિ દલાલને તેમ સત્તાસંક્રાન્તિનો પડકાર મુત્સદ્દીભરી ગરવાઈથી ઝીલતાઉકેલતા મુનશીજીને કૌતુક ને જિજ્ઞાસાથી જોતા ભોળાભાઈ-રઘુવીરને કલ્પવા મારા જેવા મિત્રોને ગમતું હતું. એથી માણસા-બાપુપુરા ગોઠડીમાં કેમ જાણે પશ્ચાદ્‌વર્તી ધોરણે પણ સામેલ થવું એ મારો લાંબા સમયનો સણકો રહ્યો છે.

ભોળાભાઈને વિશે જ્યારે પણ વિચારવાનું બને, વાત કરવાનું બને, વિવિધ ભાષાઓમાં એમની અકુતોભય ગતિ તેમ જ તુલનાત્મક સાહિત્યક્ષેત્રે એમનો સાધિકાર સિક્કો અને નિબંધવિશ્વમાં વિશિષ્ટ દિશારૂપ વિદિશા સ્કૂલનું સંસ્થાપન સંભારવાનો ચાલ છે. સામાન્યપણે, આ મિત્રબેલડીમાં રઘુવીર સમાજકારણી-સંસ્થાકારણી લેખક અને ભોળાભાઈ સૌંદર્યબોધના સહજ યાત્રી એવી એક જાડી છાપ રહી છે. પણ લાંબા, ટુકડે ટુકડે પણ લાંબા, મૈત્રીપ્રસંગોમાં મેં જોયું છે કે પોતીકી સામાજિકતા કહો, સમાજનિસબત કહો, સંસ્થાબાંધણી કહો, ભોળાભાઈ એમાં પાછા પડતા જણ નથી.

મને યાદ છે, યશવન્તભાઈ (યશવન્ત શુક્લ)એ મૂક્યા પછી હું પાલનપુર વિદ્યામંદિરની પ્રથિતયશ વ્યાખ્યાનમાળા થોડાં વરસ સંભાળતો ત્યારે એક વાર ભોળાભાઈ ત્યાં આવેલા અને લાંબી રાત લગી અમારી વાતો ચાલેલી. વિદ્યામંદિર કેવી ગુજરાતમાં મળતાં મળે એવી સંસ્થાઓ પૈકી છે એવો હૃદયભાવ મેં વ્યક્ત કર્યો એમાં સૂર પુરાવતે પુરાવતે ભોળાભાઈ પોતાની માતૃસંસ્થા એટલે કે સર્વ વિદ્યાલયની વાતે વળી ગયા હતા અને પેલું બાલવત્ પણ દિલે સાચુકલું જોડકણુંયે હોંશે હોંશે સંભાર્યું હતું કે 'નો લાઈફ વિધાઉટ વાઈફ / નો સ્ટડી વિધાઉટ કડી' કેવા શિક્ષકો, કેવી કેવી પ્રવૃત્તિઓ કશું સંભારતા એ થાકતા નહોતા.

હજુ થોડાં વરસ ઉપર, માણેકલાલ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર કૅમ્પસ ઉપર અમે સાથે જ સંબોધન માટે આવ્યાગયા ત્યારે યુનિવર્સિટી બનવા તરફની ગતિ વિશે ભોળાભાઈ ઉમંગ અને ઉત્સાહથી વાત કરતા હતા. મેં કહ્યું કે છગનભાનું તપ તો ખરું જ પણ હાલનો તબક્કો માણેકલાલભાઈ સરખાની યોજકશક્તિએ ઉજમાળો છે. વાતવાતમાં મેં કેટલાંક વરસ ઉપર ડૉ. રામભાઈ સાથે માણેકલાલના જીન પર એક રાતે કલાકેક ગાળવાનો થયો હતો એનું સ્મરણ કર્યું હતું. માણેકલાલના હાથમાં પીળી પડેલી એક છાપાકાપલી હતી – હું ધારું છું 'ટાઈમ્સ'માંથી કાપેલી જેમાં સારી શૈક્ષણિક સંસ્થાઓને ડિમ્ડ યુનિવર્સિટીઓનો દરજ્જો આપવાના યુજીસી અભિગમની વાત હતી. એનો હવાલો આપી માણેકલાલે પોતાનો એ દિશામાંનો ઉચ્ચ અભિલાષ અને આકાંક્ષા પ્રગટ કર્યાં હતાં.

ભોળાભાઈ સાથે આ સ્મરણ વહેંચવાનું નિમિત્ત જોકે જરીક જુદું પણ હતું. ઉમાશંકરે ત્રીજું નેત્ર ખોલ્યા પછી બનવા માંડેલી ભોંય પર કાળક્રમે દર્શકે એમની પ્રતિબદ્ધ એટલી જ કાર્યકુશળ ઢબે અચ્છો દાવ ખેલી જાણ્યો અને ગુજરાતને સ્વાયત્ત સાહિત્ય અકાદમી મળી. દેશની વડી અકાદેમી સહિત અન્યત્ર કદાચ ક્યાંય નહીં એવું લેખકીય મતદાર મંડળ અને એની મારફતે થતી ચૂંટણી એ આ અકાદમીની વિશેષતા હતી. દર્શકનો અગ્રયાયી કાર્યકાળ પત્યા પછી સહજ ક્રમે ત્યારના ઉપપ્રમુખ યશવન્ત શુક્લ નવા પ્રમુખ તરીકે પોતાની ભૂમિકા કલ્પતા હોય એ દેખીતું હતું. સદાસક્રિય એવા કાલજ્યેષ્ઠ તો ત્યારે એ હતા જ. પણ ભોળાભાઈએ ઉચ્ચાકાંક્ષાવશ વિચાર્યું કે યશવન્તભાઈ વય અને સ્વાસ્થ્ય તેમ જ સીધી જવાબદારીઓના જે મુકામ પર છે એ જોતાં એમની પાસે આ નવદાયિત્વ સારુ સમય અને શક્તિ એટલાં નથી હોઈ શકવાનાં જેટલાં મારી (ભોળાભાઈની) કને હોવાનાં છે. એટલે પ્રમુખપદ માટે યશવન્તભાઈ જો ચિત્રમાં ન હોય તો પોતે લડી લેવું એમ એ વિચારતા હતા. અલબત્ત, યશવન્તભાઈ હોય તો નહીં, એ વાતે પણ ભોળાભાઈ ચોક્કસ હતા.

એમણે બીજા કોઈક મિત્રોને કરી હશે તેમ આ વાત મને પણ કરી. મારો પ્રતિભાવ, બને કે બાકી સૌથી વિપરીત, ભોળાભાઈની સાથે શત પ્રતિશત મળતો હતો. એમણે મને સાથે લીધો અને અમે બંને યશવન્તભાઈને મળ્યા. વય અને સ્વાસ્થ્ય તેમ જ બાકી જવાબદારીઓ જોતાં તેઓ ન વિચારે અને ભોળાભાઈ માટે અનુકૂળતા કરે એવી વિનંતી કરવાનું મારે ભાગે આવ્યું. યશવન્તભાઈએ મારો મુદ્દો, ભોળાભાઈની હોંશ અને અધિકાર ત્રણે પ્રમાણી તત્ક્ષણ વિધાયક પ્રતિસાદ આપ્યો ત્યારે હું હરીફાઈભર્યા જગતથી જુદી પ્રતિક્રિયા જોઈ જરી રડી પડ્યો હતો તો ભોળાભાઈની આંખમાં પણ ઝળઝળિયાં હતાં. સદ્મ સોસાયટીના એ નિવાસસ્થાનમાં, જેમ એચ. કે.ની એમની ઑફિસમાં, યશવન્તભાઈ સાથે વખતોવખત મળવાબેસવાનું થતું રહ્યું છે. પણ એમાં સૌથી વધુ યાદ રહી ગયેલા બે'ક પ્રસંગો પૈકીનો એક આ છે.

મારો મુદ્દો એ છે કે આપણા સહૃદય સાહિત્યસેવી ભોળાભાઈમાં સંસ્થાબાંધણીનો અને નરવી પ્રથાઓ વિકસાવવાનો ઉચ્ચાભિલાષ એમને અંગેની સામાન્ય છાપ કે સપાટી પરની જાણકારીથી ન જણાતો હોય તો અને ત્યારે પણ ઠીક ઠીક માત્રામાં હતો. સુખી લેખાતા ઉપલા વર્ગમાં ન હોય એવાં સંસ્કારી કુટુંબો પણ રમતે રમતે મજાનું ગૃહ પુસ્તકાલય વસાવી શકે એવી પચાસ રૂપિયાની મર્યાદાની પુસ્તકશ્રેણી અકાદમીમાં એમની જ પહેલ હતી એવો મારો ખયાલ છે. આ તો નમૂના દાખલ એક વાત થઈ, બીજી પણ એવી હશે.

અકાદમીની જિકર નીકળી જ છે તો સાથે સાથે ગુજરાત વિદ્યાસભાને પણ સંભારી લઉં. યશવન્તભાઈના આગ્રહી નિમંત્રણથી વિદ્યાસભા સાથે સંકળાયા બાદ તાજેતરનાં વરસોમાં ભોળાભાઈ ઠીક ઠીક સક્રિય હતા. પ્રમુખ તો આમાં બે'ક વરસ જ રહ્યા પણ વિદ્યાસભાની પ્રકાશનપ્રવૃત્તિને એમણે જીવતી કરી જાણી. હમણાં એમને શ્રદ્ધાંજલિ આપતાં મધુસૂદન પારેખે એની અચ્છી તપસીલ આપી હતી. કમાલ તો વિદ્યાસભાના વર્તમાન પ્રમુખ, સુપ્રતિષ્ઠ સ્થપતિ બાલકૃષ્ણ દોશીના એ ઉદ્ગારો હતા કે ભોળાભાઈને અને મને આ વર્ષોમાં થતો રહેલો પ્રશ્ન એ હતો અને છે કે કોઈ કૉલેજ કે સ્કૂલનાં પાટિયાં હશે, પણ વિદ્યાસભાનું પોતાનું નામ, પોતાનું ઠેકાણું (દોશીએ કરેલો પ્રયોગ 'જ્યૉગ્રફી' હતો) ક્યાં છે, શું છે. સંસ્થાબાંધણી અને પ્રથાકીય સંગોપન-સંવર્ધનનો ભોળાભાઈનો અભિગમ તાજેતરના મહિનાઓમાં સાહિત્ય પરિષદ પરત્વે હંમેશની ઊલટથી પણ સવિશેષ પ્રગટ થાય એ અવશ્યંભાવી હતું... પણ કાલપુરુષને શું કહીએ.

લાંબા સ્મરણપટ પરની આ થોડીએક વાતોનો બંધ વાળવામાં છું અને મને સાંભરી આવતી અગિયારેક વરસ ઉપરની એ સાંજ છે જ્યારે દિલ્હીની અકાદેમીએ અમદાવાદમાં એમને વિશે અને એમની સાથે વાતચીતનો ઉપક્રમ ગોઠવ્યો હતો. એક વક્તા હું પણ હતો. ભોળાભાઈ વિશે બોલતાં મેં 'નિરીક્ષક'માં પ્રગટ થયેલી લેખમાળા 'પૂર્વોત્તર'નું સ્મરણ કરી ખાસ એ મુદ્દો કરેલો કે અકાદેમીની કોઈ યોજનાને અન્વયે એમણે આમ તો આ એક સાહિત્યયાત્રા જ કરી છે, પણ એથી બની આવેલું એક રૂડું કામ દેશને જોડવા ભણીનું છે. કારણ, આવા ઉપક્રમો સિવાય આટલા મોટા દેશમાં પરસ્પર અપરિચયવશ આપણે 'પ્રજાઓ' થઈને જ રહી જઈએ. ભોળાભાઈને મારી આ નુક્તેચીની ગમી હશે એમ મને ત્યારે લાગેલું. પણ હમણાં, એમના ગયા પછીના દિવસોમાં, એમની અક્ષરસોબતમાં જે બધા કલાકો ગાળવાનું સહેજે બનતું રહ્યું છે એમાં જોઉં છું તો 'પૂર્વોત્તર' વિશે એમણે ખુદે પક્ષપાતપૂર્વક વાત કરેલી છે! ઊજમ પટેલ અને રમેશ ર. દવે સાથેની એમની પ્રશ્નોત્તરીમાં પ્રશ્નકર્તાઓએ એક મજાનું સ્મરણ તાજું કર્યું છે. એવું બનેલું કે ગુજરાતી નિબંધસાહિત્ય વિષયક એક પરિસંવાદ ભોળાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને હતો અને સતીશ વ્યાસ એમાં 'દેવોની ઘાટી' વિશે વક્તવ્ય આપવાના હતા. અધ્યક્ષે વક્તા અને લેખક વિશે (આ કિસ્સામાં પોતાને વિશે) બે આરંભિક શબ્દો કહેવાના હોય એમાં ભોળાભાઈએ ત્રીજા પુરુષની રીતે પ્રયોગ કરતાં કહ્યું હતું કે "ભોળાભાઈના મતે, એમનો 'પૂર્વોત્તર' નામનો પ્રવાસનિબંધોનો સંગ્રહ વિશેષ નોંધપાત્ર છે."

શી વાતે છે આ નોંધપાત્રતા ? ભોળાભાઈના શબ્દોમાં :

"....આપણા દેશનો એ ભાગ, જેને ભારતના ભૂખંડથી અલગ પડી જવાની ગ્રંથિ પ્રબળ છે, તે વિશે ગુજરાતી વાચકો વધારે જાણે એવી મારી ઇચ્છા છે. ઉમાશંકર જોશીએ 'ઇશાન ભારત'માં એ વિશે નિર્દેશ કરેલો છે. 'પૂર્વોત્તર'માં મુગ્ધ ભ્રમણ છે, પણ એ સોદ્દેશ્ય છે."

અને –

"....આ ઇશાન ભારતમાં આપણે જેને Core Indian Culture કહીએ તે અસમ બાદ કરતાં ભાગ્યે જ મળે. છેક લોકો સુધી પહોંચવાનું ઓછું જ બન્યું છે... ઈશાન ભારતની કિરાત સંસ્કૃતિ આમેય થોડીક ભિન્ન છે – એકતા અહીં કોઈ હોય તો તે પ્રદેશ ભારતમાં જોડાયો છે, તે પૂરતી એવું લાગે."

જોઈ શકાશે કે એમને વ્યાપક નિસબતો પોતાની રીતે અવશ્ય સ્પર્શતી. પરિષદ ભવનથી નવરંગપુરા બસ સ્ટેન્ડ લગીની મંગળવારી પદયાત્રાઓથી માંડીને શાંતિનિકેતનના સહપ્રવાસમાં થયેલી એવી કેટલીયે વાતો હું સંભારી શકું, પણ વિસ્તારભયે અટકું છું. માત્ર, જે ત્રણ સર્જકો વિશે એકેકું પુસ્તક સુવાંગ આપવાનો એમનો કોડ વણપુરાયો રહી ગયો – કાલિદાસ, રવીન્દ્રનાથ, ઉમાશંકર – એમની (અલબત્ત, ખાસ કરીને છેલ્લા બેની) વ્યાપક નિસબતો બાબત અમારે ઘણી વાતો થતી. પછીથી, હજુ ગયે વરસે ઉમાશંકર શતાબ્દી નિમિત્તે મારે કવિના રાજકીય ચિંતન વિશે વિગતે બોલવાલખવાનું થયું એ ખરું, પણ એનાં ઠીક ઠીક વરસ પહેલાં સાહિત્ય પરિષદની ઉમાશંકર સ્વાધ્યાય પીઠના ઉપક્રમે મારે આ વિષય પર બોલવું એવું સૂચન એમનું જ હતું.

પરિષદ-પ્રમુખ તરીકે આ દિવસોમાં એમણે કોઈ એક મુદ્દો અધોરેખિતપણે વખતોવખત કર્યો હોય તો તે આ રાજ્યમાં ધોરણસરની ભાષાનીતિની તાકીદને અંગે હતો, અને તે વિપળવાર પણ વહેલો નહોતો. એમાં એક નિસબત જરૂર પ્રગટ થતી હતી, પણ એમની અંતઃસરવાણીનો ‘સાક્ષાત્કાર’ તો છેલ્લા મહિનાઓમાં ગુજરાતમાં ક્ષુબ્ધ પ્રજાજીવન અને નીંભર સરકાર વિશે એમના જે સહજોદ્‌ગાર આવી પડ્યા એથી થયો ! દેખીતી રીતે જ, જાહેર બાબતોના ટીકાટિપ્પણનું એમનું એ ગદ્ય વિદિશા સ્કૂલનું નહોતું. પણ આ લખવાનું પૂરું કરવામાં છું અને પ્રત્યાયનક્ષમ ભાષાના આપણા અભ્યાસી નાટ્યસમીક્ષક એસ.ડી. દેસાઈનું એક નાનુંસરખું લખાણ ‘નિરીક્ષક’ જોગ મળે છે. એમાં જાહેર બાબતો સંદર્ભે ભોળાભાઈને મુખે જે ગદ્ય સરી આવ્યું એને વિશે એમની નિરીક્ષા જુઓ : “સૌંદર્યલક્ષી વાતો કરતા રહેતા ભોળાભાઈ અતિ સ્ફુટ થયા વિના વ્યંજનાની નજીકની ભાષા અને ઉચિત કલ્પનોથી સમકાલીન રાજકારણના પ્રાદેશિક પ્રણેતાની કાર્યશૈલી અંગે પ્રતીતિકર વાત કરી ગયા. પ્રસન્ન થઈ ફકરો ફરી વાંચ્યો...”

તો, લાંબા પરિચયમાં, ઠીક ઠીક મૈત્રીપ્રહરોમાં મેં જોયાજાણ્યા તે ભોળાભાઈ સૌંદર્યસેવી હોવા છતાં (અને હોતે છતે) સમાજસભાન જણ હતા. અને સૌંદર્યબોધ, અંતે તો, વ્યક્તિ-પ્રકૃતિ-સંસ્કૃતિની સંવાદી સંબંધભાત શક્ય બને એવી રચનાવ્યવસ્થાની જરૂરત ન પ્રમાણતો હોય એવું કેવી રીતે બની શકે ! તુલનાત્મક સાહિત્યસેવને કેળવાયેલી જે સહૃદય સમજ, એને વ્યાપક મુદ્દાઓ અગરાજ ન હોઈ શકે – નહોતા – એવી દિલી નોંધ લેતો અટકું છું.

*‘...અમારો સંકલ્પ હતો કે બે વાગ્યે, તો બે વાગ્યે ‘ગીતગોવિંદ’નું ગાન તો સાંભળવું જ. ચાંદની રાત હતી. અમે સ્તબ્ધ શેરીઓ વટાવી સાગરકિનારે ગયા. મધરાતે આ સાગર પણ એકાકી હતો. એકલો ઊછળતો ગાન ગાતો હતો. એ વિરાટ સાગર સંગીત હતું. અમારે ગીતગોવિંદનું કોમળકાન્ત સંગીત સાંભળવું હતું એ માટે અમે ઉત્કર્ણ હતા. અમે મંદિરે આવ્યા,જગન્નાથની આંખો અમને જોઈ રહી હતી. એ આંખોમાં હજી ઊંઘ દેખતી ન હતી.’*

(રાધે તારા૦ પૃ. ૧૧૮-૧૧૯)

# કડી, કાશી અને હૃદયસ્થ ભોળાભાઈ

ડૉ. કુમારપાળ દેસાઈ

ભોળાભાઈ સાથે કડી સર્વ વિદ્યાલયની વાત થતી, ત્યારે એકાએક એમની આંખોમાં હસતી ચમક ડોકિયાં કરતી. મુખ પર કોઈએ પ્રસન્નતાનો જલ છંટકાવ કર્યો હોય તેવું લાગતું અને વાણીમાં ઉલ્લાસિત શબ્દો આનંદભેર ઊછળકૂદ કરવા લાગતા. એ ભૂતકાળમાં સ્મરણોમાં એવા ડૂબી જતા કે એ સમયનું કડી સર્વ વિદ્યાલયનું આખું વાતાવરણ આપણી નજર સમક્ષ ખડું કરી દેતા. પોતાના ખેડૂત પિતાનો આભાર માનતા કે નજીકની નિશાળને બદલે એમને કડીના સર્વ વિદ્યાલયમાં દાખલ કર્યા અને એના પાટીદાર આશ્રમ-બોર્ડિંગમાં રહીને ભણવાની મોંઘેરી તક આપી.

કડીના સર્વ વિદ્યાલયની વાતનો પ્રારંભ કરે, ત્યારે ભોળાભાઈનું નાન્દી વાક્ય એ હોય કે 'અમારા જમાનામાં કડીનું સર્વ વિદ્યાલય એ કાશી ગણાતું હતું.' કાશીમાં પંડિતો જે રીતે વિદ્યાયજ્ઞ કરે, તેવો વિદ્યાયજ્ઞ કડીના સર્વ વિદ્યાલમાં ચાલતો હતો. કડીનું પુસ્તકાલય શાળા ખૂલે તે પહેલાં એક કલાક અગાઉ ખૂલી જતું અને શાળા બંધ થાય પછી એક કલાક બાદ બંધ થતું. ભોળાભાઈ કહેતા કે 'કડી એ મારું કાશી અને એનું પુસ્તકાલય એ મારું તીર્થસ્થાન.'

ભોળાભાઈને શિક્ષકનિષ્ઠા, પુસ્તકપ્રેમ અને સ્વાધ્યાયલીનતાનાં મૂળ સર્વ વિદ્યાલયના શિક્ષણમાં પડેલાં છે. એના શિક્ષકોએ એમના વ્યક્તિત્વ પર પ્રબળ પ્રભાવ પાડ્યો. પાટીદાર આશ્રમના ગૃહપતિ અને શિક્ષક પાસેથી સમૂહજીવનના પાઠ શીખવા મળ્યા. એમની પાસેથી કાંતતા શીખ્યા, કેટલીય રમતો રમતા શીખ્યા અને સહુથી વધુ તો શિસ્તબદ્ધ વિદ્યાર્થી તરીકે જીવતા શીખ્યા. સવારે ઘંટ પડે એટલે ઊઠી જવાનું. સ્નાન કર્યા પછી રમતો રમવાની અને ત્યાર બાદ નાસ્તો કરવાનો. એ પછી સ્વાધ્યાય કરવાનો. સવારે સાડા દસ વાગે જમીને નિશાળે જવાનું. સાંજે પાછા આવીને વળી રમતો ખેલવાની. ભોજન બાદ સાયંપ્રાર્થના કરી સ્વાધ્યાય કરવાનો અને બરાબર રાત્રે દસ વાગે સૂઈ જવાનું. અહીં એમને બે ગુરુજનો મળ્યા. એક આચાર્ય નાથાભાઈ દેસાઈ અને બીજા અંબાલાલ પટેલ.

ભોળાભાઈ નોંધે છે, 'અમારા આચાર્ય નાથાભાઈ દેસાઈ કોઈ યુનિવર્સિટીના કુલપતિ તરીકે શોભે એવા. બહુઆયામી વ્યક્તિત્વ. ગણિત સારું ભણાવે. વળી અંગ્રેજી પણ ભણાવે. અમને વાચનાલયમાં જવા પ્રેરે. રાત્રે આકાશમાં નક્ષત્રોનું દર્શન કરાવે. રોજ સાંજે પ્રાર્થના-પ્રવચન પણ હોય. લીમડાનાં વૃક્ષો વચ્ચેના મેદાનમાં સાયં પ્રાર્થનાના સૂરો લહેરાતા તે આજેય સંભળાય છે.'

બીજા સાહેબ તે અંબાલાલ પટેલ. તેઓ પોતાને 'ગુરુમિત્ર' કહેતા. તેમને જીવનમાં એક જ શોખ હતો અને તે સતત વાંચનનો ! ગૃહપતિ અંબાલાલભાઈ છાત્રાલયમાં આંટો મારવા નીકળે, ત્યારે છેલ્લે ભોળાભાઈના રૂમમાં બેસે અને સાથે જાતજાતનાં સામયિકો અને પુસ્તકો લાવે. એની ચર્ચા થાય.

શિક્ષક અંબાલાલ પટેલ સાથે કડી છોડ્યા પછી પણ ભોળાભાઈને એટલો જ જીવંત સંબંધ રહ્યો. અંબાલાલભાઈ પોતાની જાતે બંગાળી શીખ્યા

હતા અને ભોળાભાઈ પાસેનાં બધાં બંગાળી પુસ્તકો વાંચી ગયા હતા. એ જમાનામાં અંગ્રેજી પખવાડિક 'ઇલસ્ટ્રેટેડ વીકલી' પ્રસિદ્ધ સામયિક ગણાતું હતું. અંબાલાલભાઈ એમાં આવતા મહત્ત્વના લેખો વિદ્યાર્થીઓને વાંચી સંભળાવતા. તેઓ ખૂબ સરસ રીતે અંગ્રેજી શીખવતા એમ ભોળાભાઈ વારંવાર કહેતા.

એક વાર સર્વ વિદ્યાલયમાં નવથી અગિયારમી શ્રેણીના વિદ્યાર્થીઓની વક્તૃત્વસ્પર્ધા યોજાઈ. સાત મિનિટ વક્તવ્ય આપવાનું હતું. ભોળાભાઈએ લખીને બરાબર મોઢે કરી લીધું. સાતસો વિદ્યાર્થીઓનો સમૂહ અને ગુરુજનોની વચ્ચે ભોળાભાઈ બોલવા ઊભા થયા. શરૂઆતમાં પગ ધ્રૂજતા હતા, પણ પછી કડકડાટ બોલી ગયા અને એમને પહેલું ઇનામ મળ્યું હતું !

સર્વ વિદ્યાલયમાં હતા, એ સમયે શ્રી અરવિંદની વડોદરાની તસ્વીર જોઈને એમણે પણ છેક ખભા સુધી ફેલાય તેટલા લાંબા વાળ રાખ્યા હતા. નિશાળના પુસ્તકાલયમાં શ્રી અરવિંદનાં અંગ્રેજી પુસ્તકો વાંચ્યાં. એક દિવસ પંદરમી ઑગસ્ટે પ્રાર્થનાસભામાં અંબાલાલભાઈ સાહેબે ભોળાભાઈને શ્રી અરવિંદ વિશે વક્તવ્ય આપવાનું કહ્યું. કડીના આ અભ્યાસે એમનામાં વધુ અભ્યાસની એવી અદમ્ય ઇચ્છા જગાવી કે એમનું મન શાંતિનિકેતન કે પોંડિચેરી જવાના ખ્યાલોમાં રાચવા લાગ્યું.

ભોળાભાઈ નિશાળમાં ભણતા હતા ત્યારે એમનું દફતર કે કપડાં કદી વ્યવસ્થિત ન હોય. શાળામાં ટોપી પહેરીને જતા, પણ નિશાળે જતાં સુધીમાં ટોપી જડે જ નહીં, નિશાળેથી આવીને ક્યાંક બધું ખડકી દેતા. અવ્યવસ્થાને ભોળાભાઈ પોતાનો આગવો ગુણ કહેતા. કહે કે ઝટ બધું જડે નહીં. ઉમાશંકરભાઈનું સૂત્ર 'અહીં કશું ખોવાતું નથી, કે કશું જડતું નથી' ટાંકીને કહેતા અને સાથે ઉમેરતા કે એ સૂત્ર ઉમાશંકરભાઈને પણ રામનારાણ પાઠક પાસેથી મળ્યું હતું !

સર્જક તરીકે ભોળાભાઈનો વિચાર કરીએ તો અનેક ક્ષેત્રોમાં એમની કલમે વિહાર કર્યો. નિબંધકાર, વિવેચક અને તુલનાત્મક સાહિત્યમાં એમનું યોગદાન ગુજરાતની સીમા બહાર સમગ્ર દેશમાં આદર પામ્યું. દિલ્હીની કેન્દ્રિય સાહિત્ય અકાદેમીમાં બીજી ભાષાઓના સર્જકોનો મેળો જામે, ત્યારે ભોળાભાઈ પર મરાઠી, બંગાળી, હિંદી, ઉડિયા, અસમિયા સાહિત્યકારોને પ્રેમવર્ષા કરતા જોયા છે અને કોઈ વાર ભોળાભાઈ એ સભામાં આવ્યા ન હોય, તો એમની ગેરહાજરીનો રંજ અનુભવતા પણ નજરે દીઠા છે. આવા રાષ્ટ્રીય ફલક પર દેશની જુદી જુદી ભાષાના સર્જકો સાથે સંબંધ ધરાવતા ભોળાભાઈ જેવા ગુજરાતી સર્જક મળવા મુશ્કેલ છે.

તેઓ 'બાસાછાડા' પંખીની જેમ બહાર પ્રવાસે જવા માટે સતત આતુર રહેતા, પરંતુ નવાઈની વાત એ છે કે અભાવમાંથી એમનો ભ્રમણસ્વભાવ ઘડાયેલો હતો. ઉત્તર ગુજરાતના સોજા ગામના વતની અને આ ગામ એવું કે જ્યાં નદીએ નહીં, ડુંગર પણ નહીં, અને જંગલ પણ નહીં, અરે ! ગામની ભાગોળે પાળિયા જેવું પણ કશું મળે નહીં કે એ ગામનો કોઈ લાંબોટૂંકો ઇતિહાસ પણ નહીં.

સોજા ગામમાં ભોળાભાઈની સૌંદર્યખોજી આંખ ફરી વળે છે, પણ એમને ક્યાંય કશુંય કાવ્યાત્મક દેખાતું નથી અને તેથી જ પોતાના ગામમાં જે પ્રાપ્ત થયું નહોતું, એ પામવાની એમના હૃદયમાં આતુરતા હતી. આ સોજા ગામમાં સરોવર કે સરિતા ક્યાંથી હોય ! પણ આ અભાવે જ ભોળાભાઈમાં જળનું સૌથી વધુ આકર્ષણ જગાવ્યું.

એક અર્થમાં કહીએ તો 'નદી દેખી કરે સ્નાન' એવું એમનું મન હતું. કેટલીય વાર કોઈ નદી પાસે ઊભા રહીને એમને 'મેઘદૂત'ના શ્લોકોનું ગાન કરતા સાંભળ્યા છે. નદી હોય કે સમુદ્ર હોય, પણ એમાં સ્નાન કર્યા વગર એ રહી શકે નહીં. એક વાર તેઓ અમેરિકાના પ્રવાસે ગયા હતા અને એમના જન્મદિવસે પેસિફિક સાગરના કિનારે સંધ્યાસમયે સાગરતટે ઊભા હતા. એમને થયું કે આ જન્મદિવસ તો સાગરની સંનિધિમાં જ ઊજવવો. આમ વિચારીને એમણે સમુદ્રનાં ઊછળતાં મોજાંઓને આલિંગન આપીને સ્નાન કર્યું. જલ-પ્રિય ભોળાભાઈનાં નદીઓનાં વર્ણનો તો ચિત્તમાં સદાને માટે વસી જાય તેવાં છે પછી એ વેત્રવતિ નદીનું હોય, બ્રહ્મપુત્રાનું હોય કે પછી આસામમાં વહેતી માનસ નદીનું હોય.

ભોળાભાઈ સ્વીકાર કરતા કે એમનામાં સતત એક ભ્રમણવૃત્તિ હતી અને એમની એ 'વન્ડર લસ્ટ' એમને ભ્રમણ કરવા માટે પ્રેરતી હતી. પોતાની એ વૃત્તિ વિશે તેઓ કહે છે, ''ગાડીના ડબ્બામાં બારી પાસે બેસી કલાકોના કલાકો પસાર થતાં ગામ, ખેતર, નદી, નગર જોયાં છે. બારી પાસે બેસવાનું બહુ ગમે. લાંબાં અંતરો કાપતી ગાડી દોડી જતી હોય. સવાર પડે, બપોર થાય, સાંજ આથમે અને ગહન અંધારામાં ગાડી જતી હોય. સ્ટેશન આવે, ક્યારેક ઊભરાતું પ્લેટફૉર્મ હોય, ક્યારેક નિર્જન. બસ, ટ્રક, વિમાન બધાંયની ગતિ આકર્ષતી રહી છે. અનેક દિવસો બહાર રહીએ પછી ઘર બોલાવતું હોય. પણ ઘેર આવ્યા પછી ભમવા જવાની વૃત્તિ પાછી થયા કરે. મન ચંચલ થઈ ઊઠે.''

પોતાના સર્જનના પ્રારંભે ભોળાભાઈએ ત્રણ-ચાર નવલિકા અને થોડી કાવ્યરચનાઓ કરી, પણ એમનું મન તો વિવેચન અને અનુવાદમાં રાચતું હતું. એ સમયે કવિશ્રી નિરંજન ભગત 'સાહિત્ય' ત્રૈમાસિકનું સંપાદન કરતા હતા. એમણે યુવાન ભોળાભાઈને એક સાહિત્યિક નિબંધ લખવાનું સૂચન કર્યું. પહેલાં તો ભોળાભાઈને પારાવાર મૂંઝવણ થઈ, પછી ભોળાભાઈએ એમના સંસ્કૃતપ્રેમ, એમાં પણ કવિ કાલિદાસ પ્રત્યે વિશેષ પ્રીતિ, એમની પ્રવાસવૃત્તિ અને એમનો કવિતાપ્રેમ – આ બધાનો સમન્વય સાધીને 'વિદિશા' નામનો પહેલો નિબંધ લખ્યો. મનમાં ભારે દહેશત હતી કે શ્રી નિરંજન ભગત જેવા સંપાદકને એ પસંદ પડશે કે નહીં ? પરંતુ એમને આ પહેલો જ ડ્રાફ્ટ ભગતસાહેબને પસંદ પડી ગયો. એ દિવસોમાં ભોળાભાઈએ સાંચી, વિદિશા, ખજૂરાહોનો પ્રવાસ કર્યો હતો. વિદિશાની વૈત્રવતી નદી અને એની સાથે કાલિદાસના 'મેઘદૂત' કાવ્યના સંદર્ભે એમની સર્જક ચેતના જાગૃત થઈ હતી. આ નિબંધમાં કાલિદાસ અને પ્રાચીન સાહિત્યના સંદર્ભો અને એ સ્થળનો વર્તમાન સંદર્ભ – એ બે વચ્ચેના તનાવને પોતાની સંવેદનશીલતા અને ભાષાસમૃદ્ધિથી એનાં ભાવચિત્રોના માધ્યમે પ્રત્યક્ષ કર્યો.

એ સાથે કવિ જીવનાનંદ દાસની કાવ્યપંક્તિ 'ચુલ તાર કબેકાર અંધકાર વિદિશાર નિશા'નો સંદર્ભ પહેલી પંક્તિમાં બેસી ગયો અને સમગ્રપણે એક એવી રચના થઈ કે જે ગુજરાતી સાહિત્યમાં નવીન કહી શકાય. આ 'વિદિશા'ના કાવ્યાત્મક ઉપસંહારમાં આ મનોભાવને પ્રગટ કરતાં ભોળાભાઈ પટેલે લખ્યું :

''કેવડો મોટો દેશ છે આપણો આ ! આખો જન્મારો ભમીએ તોય પાર ના આવે. એકલા હિમાલય માટે જાણે કે એક જન્મારો ઓછો પડે. પછી કેટલા પહાડ, નગર, સમુદ્રતટ ? કેટલો ભવ્ય અતીત ? થાય કે બધું જ બધું ભમીએ.'

મહેન્દ્રભાઈ મેઘાણીએ લખ્યું કે 'વિદિશા' વાંચતી વખતે એમની દાંતની પીડા વિસરાઈ ગઈ,

'કૂપમંડૂક'ને અનુભવ થયો કે આ વાંચીને પારસી મિત્રોનું હૃદય બાગ-બાગ થઈ ગયું અને અશ્વિન મહેતાએ લખ્યું કે વિદિશા જેવા પ્રવાસલેખો ગુજરાતીમાં લખાયા નથી અને ક્યારે લખાશે તે ખબર નથી. વિસ્મયબોધ એ ભોળાભાઈના નિબંધોનો પ્રધાનગુણ. એમણે એમના નિબંધોમાં પ્રકૃતિનાં અનંત રૂપોની છબી કાવ્યકોટિએ પહોંચે એવા ગદ્યમાં આલેખી છે.

કવિવર રવીન્દ્રનાથની ગીતપંક્તિ 'આમિ ચંચલ હે, આમિ સુદૂરેર પિયાસી' એમના ભ્રમણપ્રિય સ્વભાવને યથારૂપે પ્રગટ કરે છે. સાહિત્યની આંખે અને પ્રવાસની પાંખે તેઓ માંડવગઢ જાય છે, ત્યારે મધ્યકાલીન સમયની બીજી નગરીને જુએ છે. અને ત્યાં પડઘાતી બાજબહાદુર અને રૂપમતીની પ્રણયકથા એના ખંડેરોના સૌંદર્ય સાથે ભોળાભાઈની ચેતના પર એવી અસર થાય છે કે જાણે એનાથી 'પઝેસ', અભિભૂત થઈ ગયા હોય, તેમ એનું આલેખન કરે છે.

ભોળાભાઈ ભાષાઓના સંગમતીર્થ જેવા હતા. હિંદી અને અંગ્રેજી બંનેમાં એમણે એમ.એ. કર્યું હતું. હિંદીમાં પીએચ.ડી. પણ ખરું. ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો. જર્મન ભાષા શીખ્યા હતા, ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષા પર તો સારું એવું પ્રભુત્વ, પણ એની સાથોસાથ એમણે બંગાળી, ઉડિયા, અસમિયા જેવી ભાષાઓના ગ્રંથોનો અભ્યાસ કર્યો એટલું જ નહીં પણ એના ઉત્તમ ગ્રંથોનો અનુવાદ કરીને એમણે ગુજરાતી ભાવકોને એક નવીન સાહિત્યસૃષ્ટિનો અનુભવ કરાવ્યો. વળી, ગુજરાતીમાં બીજી ભાષાઓમાંથી અનુવાદ થાય છે, પણ ગુજરાતી સાહિત્યની કૃતિઓનો અન્ય ભાષામાં અનુવાદ થતો નથી એ મહેણું પણ ભાંગ્યું. એમણે ઉમાશંકર જોશીના કાવ્યગ્રંથોનો હિંદી અનુવાદ કર્યો.

આવા સમર્થ સાહિત્યકારે નિબંધ, વિવેચન, પ્રવાસવર્ણન, અનુવાદ, સંશોધન અને સંપાદનના ૬૦થી પણ વધુ ગ્રંથો આપ્યા, તો પચીસેક વર્ષ સુધી 'પરબ' સામયિકનું સંપાદન કર્યું. રણજિતરામ ચંદ્રક, પદ્મશ્રી જેવાં ખિતાબો પણ મળ્યા, પરંતુ એ બધાથી વિશેષ શ્રી ભોળાભાઈ પટેલ એક મૂઠી ઊંચેરા માનવી હતા.

ચિત્તમાં એક સ્મરણ જાગે છે કે ગુજરાતી વિશ્વકોશના લલિતકલા કેન્દ્રનો મંગલ પ્રારંભ યોજ્યો હતો. છેક છેલ્લી ઘડીએ પ્રમુખસ્થાને આવનારી વ્યક્તિને અકસ્માત થતાં એમનું આવવાનું મુશ્કેલ બન્યું, ત્યારે શ્રી ભોળાભાઈ પટેલને વિનંતી કરી. સ્નેહવશ ભોળાભાઈએ કશીય બીજી વાત કે વિચાર કર્યા વિના એ કેન્દ્રનું ઉમળકાભેર ઉદ્‌ઘાટન કર્યું. આવું હતું એમનું સૌજન્ય. સફરમાં સદાય અમારું ધ્યાન રાખે અને સાહિત્યિક પ્રવૃત્તિમાં સદા હૂંફાળો સાથ આપે.

એમની પાસે સ્મરણોનો ખજાનો હતો. એમાંય શ્રી ઉમાશંકર જોશી, શ્રી હરિવલ્લભ ભાયાણી અને શ્રી નગીનદાસ પારેખનાં સ્મરણો કહેતાં ત્યારે ભોળાભાઈના ચહેરા પર એક જુદી જ ચમક છલકાઈ ઊઠતી. એ સ્મરણોમાં એમના પ્રત્યેના અહોભાવને બદલે એમની સાથેની અંગતતાનો સ્પર્શ અનુભવાતો. પ્રવાસમાં તો ભોળાભાઈ એવા ખીલે કે હંમેશાં એમની બાજુની બેઠકમાં બેસવાનું આકર્ષણ રહેતું અને પછી એમનો સ્મરણ ફુવારો ફૂટતો રહે.

વિદ્યાર્થી વત્સલ શિક્ષક તરીકે ભોળાભાઈએ હંમેશાં પોતાના વિદ્યાર્થીઓની ચિંતા કરી છે, એટલું જ નહીં, પણ જો વિદ્યાર્થી બીમાર હોય તો તેને સ્વયં ઘેર મળવા જતા. એમની પ્રગતિમાં ઊંડો રસ લેતા અને એ વિદ્યાર્થીઓ એમના પરિવારના સ્વજનો બની જતાં. ભાષા સાહિત્યભવનમાં શિક્ષક

તરીકે પણ ભોળાભાઈની આગવી છાપ હતી. સવારે અગિયાર વાગે આવે અને સાંજે પાંચ-સાડા પાંચ પછી બીજા અધ્યાપકો સાથે ભોળાભાઈ નીકળતા હોય. એમનો આ વિદ્યાવ્યાસંગ એ જ એમના જીવનનું કેન્દ્ર બન્યું અને એને પરિણામે ભોળાભાઈ જ્યારે વક્તવ્ય આપતા હોય, ત્યારે એમાં જુદીજુદી ભાષાના કવિઓની પંક્તિઓ આવે, નવા વિચારો આવે અને પરિણામે સમગ્ર કાર્યક્રમનું સ્તર બદલાઈ જતું. વળી કાર્યક્રમમાં પણ ક્યારેય પોતાની જાતને આગળ કરવાની વૃત્તિ નહીં, બલકે સહુ સાથેના સહકારથી કામ કરવાનું હંમેશાં પસંદ કરતા.

ગુજરાત સાહિત્ય અકાદમીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન ભોળાભાઈ પ્રમુખ હતા અને હું ઉપપ્રમુખ હતો, તે સમયે અકાદમીએ અનેક આયોજનો કર્યાં. જેની પાછળ હંમેશાં ભોળાભાઈની દૃષ્ટિ રહેલી હોય અને એ પછી સરકારી તંત્રમાં એ આયોજન અવરોધ પામતું હોય, તો જરા ઊંચા સ્વરે ભોળાભાઈ કહેતા અને કાર્ય સિદ્ધ કરીને જ રહેતા.

આવી ઉત્તમ સિદ્ધિઓ અને સાહિત્યિક સમૃદ્ધિ આપ્યા પછી વ્યક્તિ આટલી ઉષ્માપૂર્ણ બની રહે તેની ખોટ તો લાગવાની જ. ભાષાઓના સંગમતીર્થ જેવા ભોળાભાઈની જેમ કવિ કાલિદાસ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર, અજ્ઞેયજી અને કવિ જીવનાનંદ દાસની વાત કરનાર બીજું કોઈ મળશે ખરું? એમનો સંસ્કૃતપ્રેમ, એમની ભ્રમણવૃત્તિ અને એમનો કવિતાપ્રેમ આ બધાનો સમન્વય એમના નિબંધોમાં મળ્યો. કાકાસાહેબ કાલેલકર પછી એમના નિબંધોએ નવી સૃષ્ટિનું સર્જન કર્યું.

ભોળાભાઈએ જીવનના અંત સમયે લખેલી નોંધમાં પોતાના શ્રેષ્ઠ પાંચ પુસ્તકો તરીકે ‘વિદિશા’, ‘કાંચનજંઘા’, ‘અજ્ઞેય – એક અધ્યયન’ (હિંદી) ‘અધુના’ અને ‘મળી માતૃભાષા મને ગુજરાતી’ને ગણાવ્યાં છે, જ્યારે પોતાના પાંચ ગુરુવર્યો તરીકે મોહનલાલ પટેલ, અંબાલાલ પટેલ, નગીનદાસ પારેખ, હરિવલ્લભ ભાયાણી અને ઉમાશંકર જોશીને ગણાવ્યા છે. પણ એની બાજુમાં નિરંજન ભગતનું નામ પણ લખ્યું છે, જેમને કારણે નિબંધકાર તરીકે સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ્યા.

ભોળાભાઈને કંબોડિયા, જાવા, સુમાત્રા અને ચીન જોવાની ઇચ્છા હતી. એમની એ ઇચ્છા અપૂર્ણ રહી, પરંતુ ‘બાસાછાડા’ પક્ષીની જેમ બહાર જવા માટે સતત તડપતા ભોળાભાઈના મનમાં કવિવર રવીન્દ્રનાથની આ પંક્તિ વારંવાર પડઘાતી હતી :
“હેથા નય, અન્ય કોથા, અન્ય કોથા, અન્ય કોન ખાને”

(અહીં નહીં, બીજે ક્યાંક, બીજે ક્યાંક, બીજે કોઈ ઠેકાણે.)

‘બીજે કોક ઠેકાણે’ વિદાય પામેલા ભોળાભાઈ, ભલે તમે અમારી વચ્ચેથી ગયા, પણ હૃદયથી અમે તમને ક્યારેય છોડવાના નથી.

*“તો શું આ રાધાનું ગામ છે? એનું કોઈ ઐતિહાસિક કે પૌરાણિક પ્રમાણ છે? ખરેખર રાધા જેવી કોઈ થઈ છે ખરી?” (રાધે તારા પૃ. ૨૧)*

# પ્રવૃત્તિશીલ સારસ્વત : ભોળાભાઈ પટેલ

**(થોડાંક સ્મરણો)**

**ચિમનલાલ ત્રિવેદી**

ભોળાભાઈ પટેલની પૂર્વે 'સ્વર્ગસ્થ' લખતાં કલમ અટકે છે. એમના અવસાનના પાંચ-છ દિવસ પહેલાં જ હું, ભગતસાહેબ (નિરંજન ભગત) અને ભોળાભાઈ શારદા મુદ્રણાલયમાં મળ્યા હતા. થોડાંક વર્ષોથી અમે ત્રણેયે સાથે મળીને, 'ગૂર્જર'ના મનુભાઈ શાહના નિમંત્રણથી કેટલાંક ઉત્તમ સંપાદનો તૈયાર કરી આપવાનું સ્વીકાર્યું હતું. એમાંથી અમે 'શ્રેષ્ઠ ઉમાશંકર' અને 'શ્રેષ્ઠ ન્હાનાલાલ'ના સમગ્ર સાહિત્યમાંથી તારવીને ૬૦૦ પાનાંની મર્યાદામાં સંપાદનો પ્રગટ કર્યાં હતાં. અને એની સાથે 'ઉમાશંકરનાં શ્રેષ્ઠ કાવ્યો' અને 'ન્હાનાલાલનાં શ્રેષ્ઠ કાવ્યો'નાં રસલક્ષી ટિપ્પણો સાથેના સંપાદનો પણ પ્રગટ કર્યાં હતાં. આ પછી ઈ. ૨૦૧૨માં 'શ્રેષ્ઠ રા. વિ. પાઠક'નું સંપાદન પ્રગટ કરવાનો ઉપક્રમ રચ્યો હતો. કામની વહેંચણી કરીને, તે તે વિભાગની પૂર્વેની નોંધો લખીને – પરસ્પર બેઠકમાં વાંચીને પ્રેસમાં આપી દીધી હતી અને એ પુસ્તકમાં પાઠકસાહેબનાં કાવ્યો, વાર્તાઓ, નિબંધો, વિવેચના, પિંગળનાં સંપાદકીય નોંધ સાથેનાં પ્રૂફો જોઈને, સંપાદનને આખરી ઓપ આપીને ઊભા થયા હતા.

મનુભાઈનું સ્વાગત મધુરતાથી દરેક બેઠકમાં માણતા હતા. અમને લઈ જવા-લાવવાની વ્યવસ્થા પણ મનુભાઈ કરતા હતા. બેઠકમાં અમારે સંપાદનકાર્ય ઉપરાંત અનેક સાહિત્યિક સાંસ્કારિક ચર્ચાઓ ખુલ્લા મનથી, હાસ્યની છોળો વચ્ચે થતી – ફાફડા-જલેબી અને ચા સાથેની માણેલી આ મિજલસો અપૂર્વ તો હતી જ, જીવનને રસમય અને આલોકિત કરનારી પણ હતી. ચર્ચાવિચારણામાં અમારે કદી મતભેદ થયા નથી, કટુતાનો અંશ પણ ક્યાંય પ્રગટ થયો નથી. પરસ્પરનાં દૃષ્ટિબિન્દુઓ સમજી-ચર્ચી પછી લેખનમાં એનો વિનિયોગ થતો. પુસ્તકના લે-આઉટ અને સંપાદનની પાછળ મૂકવા માટે તવારીખ, પુસ્તકોની યાદી વગેરેની માવજત ભોળાભાઈ પ્રેમપૂર્વક કરતા. છેલ્લી બેઠકમાં તા. ૪-૬-૨૦૧૨ના રોજ મળવાનું નક્કી કરી અમે જવા નીકળ્યા ત્યારે વિધિની શી ઇચ્છા હશે એનો કોઈ સંકેત નહોતો. નવા સંપાદન – 'શ્રેષ્ઠ બ. ક. ઠાકોર'નો માત્ર નિર્દેશ થયો હતો. આ બેઠકોમાંનું ભોળાભાઈનું હાસ્ય હજી પડઘાય છે. તા. ૪-૬-૧૨એ 'શારદા'માં ભગતસાહેબ અને હું મળ્યા ત્યારે ભોળાભાઈની ખોટ ખૂબ સાલતી હતી. સૂનું સૂનું લાગતું હતું. એમના ઉમદા-ઉદાર વ્યક્તિત્વની, એમની બહુશ્રુતતાની – વિદ્વત્તાની, એમના ઉલ્લાસમય હાસ્યની અને એમની કોઠાસૂઝની મારા ચિત્ત ઉપર ન ભૂંસી શકાય એવી મુદ્રા અંકિત થયેલી છે.

ભોળાભાઈ સાથેનાં અતીતનાં ઘણાં સ્મરણો ચિત્ત ઉપર ઊપસી આવે છે. દિલ્હીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ઉમાશંકર જોશીના પ્રમુખપદે સંમેલન મળ્યું હતું. અમને છેલ્લે દિવસે હરિદ્વાર જવાનો – એની યાત્રા કરવાનો વિચાર આવ્યો. ભોળાભાઈ, હું અને બીજા બે મિત્રો ટેક્સી કરીને હરિદ્વાર પહોંચી ગયા. રસ્તામાં – પ્રવાસમાં અને ત્યાં વિવિધ સ્થળોનાં દર્શન કરતાં ભોળાભાઈની સૌન્દર્યદૃષ્ટિ, પ્રવાસ-લિજ્જત અને એમની વિવિધ

ભાષાઓના સાહિત્યની એમણે પ્રાપ્ત કરેલી મર્મજ્ઞતાનો અમને જે લાભ મળ્યો છે એ અવિસ્મરણીય છે. એમનાં નર્મ-મર્મ અને વિનોદભરી ઉક્તિઓ એમના આંતરદ્રવ્યનો ઉઘાડ કરતી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદમાં એ મંત્રી હતા અને હું કોષાધ્યક્ષ, દર અઠવાડિયે એક વાર અમે પરિષદમાં મળતા હતા. પ્રિયકાન્ત પરીખ પણ એમની સાથે મંત્રી હતા. અમે એવી પ્રથા ઊભી કરી કે પરિષદમાં ખર્ચ પાડીને ચા પીવી નહિ અને અમે ત્રણે વારાફરતી ચાનું બિલ આપી દેતા. વચ્ચે વચ્ચે રસ્તામાંથી સિંગ-ચણા પણ લઈ જતા અથવા પૈસા આપી મંગાવતા. વહીવટના પ્રશ્નો અને પત્રોના ઉત્તરો પરસ્પર ચર્ચા કરી તૈયાર કરતા અને પરિષદની આર્થિક સંકડામણમાંથી એ કેમ બહાર આવે એનો વિચાર કરતા. એ વખતે તો પરિષદને માત્ર આર્થિક ગ્રાંટ જ સરકાર તરફથી મળતી હતી અને ત્રણચાર વર્ષનું 'ઓડિટ' કરવા સરકાર તરફથી કોઈ આવેલું નહિ એટલે કર્મચારીઓના પગાર કેમ કરવા એની ચિંતા સતત મનમાં થયા કરતી. સરકારમાં રૂબરૂ ચર્ચા કરવા જવાની ઇચ્છા થયેલી, પણ મારી પુત્રી આરતી એ વખતે સચિવાલયમાં સેક્શન ઑફિસર હતી. એની પાસેનાં ખાતામાં પરિષદ જેવી સંસ્થાઓ હતી. એને કહી ઝડપી 'ઓડિટ'ની વ્યવસ્થા કરી ચડેલી ગ્રાંટ મેળવી પછી પગાર કરેલા. ભોળાભાઈની સહૃદયતા અને પ્રેમભરી હૂંફ એ સમયગાળામાં મને સ્પર્શી ગઈ હતી તે અમારી 'શારદા પ્રેસ'ની છેલ્લી બેઠક સુધી અકબંધ રહી હતી.

દિલ્હીની સાહિત્ય અકાદમીમાં તેઓ ગુજરાતી ભાષા-સાહિત્યની જે સલાહકાર સમિતિ હોય છે એના કન્વીનર-આવાહક હતા. ગુજરાતી ભાષા-સાહિત્યના ઉત્કર્ષ માટે એનાં વિવિધ પ્રકાશનો માટે એ સતત ત્યાં આગ્રહપૂર્વક રજૂઆત કરતા. 'મિડ્યુવલ ઇન્ડિયન લિટરેચર'ના જે ગ્રંથો અંગ્રેજીમાં પ્રગટ થવાના હતા એમાં હું ગુજરાતી સાહિત્યનો સંપાદક હતો. સમગ્ર સંપાદનના મુખ્ય સંપાદક અયપ્પા પણીકર હતા. મેં સૂચવ્યા કરતાં, બીજી ભાષાઓની તુલનાએ લગભગ બમણાં પાનાં પસંદ કર્યાં હતાં. એમાંથી ઓછાં પાનાં કરી શકાય એવું નહોતું. ભોળાભાઈએ ડૉ. પણીકરને દિલ્હીમાં અકાદમીની બેઠકમાં મારું દૃષ્ટિબિન્દુ વિગતે સમજાવેલું અને ગુજરાતી સાહિત્ય માટે બધી ભાષાઓ કરતાં વધુ પાનાં મળી શક્યાં. ભોળાભાઈ અને રઘુવીરભાઈએ દિલ્હી સાહિત્ય અકાદમીમાં સલાહકાર સમિતિના આવાહક તરીકે પ્રશસ્ય કામગીરી બજાવી છે. ઈ. ૨૦૦૦માં 'ભાષા-સમ્માન' એવૉર્ડ માટે મૈથિલી અને ગુજરાતીમાં એ એવૉર્ડ અપાયો હતો. એમાં પણ એ બંનેનું નિર્ભીકપણે અને સબળ રીતે રજૂઆત કરવાનું – ગુજરાતીને કોઈ અન્યાય ન કરી બેસે એનું સતત ધ્યાન રાખવાનું પ્રેમભર્યું વલણ પ્રગટ થતું હતું. ભોળાભાઈને દલપતરામની કાવ્યપંક્તિ 'આવ ગિરા ગુજરાતી તને અતિ શોભિત હું શણગાર સજાવું' – બહુ ગમતી. એ ઉપરથી એમણે પોતાના એક પુસ્તકનું શીર્ષક યોજેલું. દિલ્હી અકાદમી આપણા મોટા સર્જકો – નરસિંહ, અખો, પ્રેમાનંદ જેવા કવિઓનાં ચૂંટેલાં ઉત્તમ કાવ્યોનાં, અભ્યાસલેખ અને તે તે કૃતિની સમીક્ષા કરી, શબ્દકોશ સાથેનાં સંપાદનો તૈયાર કરવાનો 'પ્રોજેક્ટ' મૂકેલો. પ્રેમાનંદનાં કાવ્યોનું આવું સંપાદન, એમના અતિશય પ્રેમભર્યા આગ્રહથી – મારી નાદુરસ્ત તબિયત છતાં તૈયાર કરી આપેલું જે પછી પ્રગટ થયું. અકાદમી તરફથી એમણે અનેક પરિસંવાદો સફળતાપૂર્વક ગુજરાતી સાહિત્ય માટે યોજેલા. 'ગુજરાતીમાં નિબંધનાં દોઢસો વર્ષ' વિશેનો પરિસંવાદ પછી એમણે અકાદમીને સુસંપાદિત પણ કરી આપ્યો. પ્રેમાનંદ આદિકવિઓ વિશેના પરિસંવાદો ખૂબ સફળ રહેલા.

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે અનેક પ્રવૃત્તિઓ એમણે આરંભેલી. જૂનાં પ્રશિષ્ટ પુસ્તકોનાં પુનર્મુદ્રણો એમણે પ્રકાશિત કર્યાં. પોતે પણ એમાં યોગદાન આપેલું. કવિવર ન્હાનાલાલના સમગ્ર સાહિત્યને પ્રકાશિત કરવા માટે તેઓ ઉત્સુક હતા. મારે ત્યાં આવીને એમણે ખૂબ ચર્ચા-વિચારણા કરીને પછી ન્હાનાલાલની વિવિધ સાહિત્ય સ્વરૂપોની કૃતિઓમાં સંપાદનો માટે યોગ્ય વ્યક્તિઓને વિનંતી કરેલી. એમાંથી કેટલાંક સંપાદનો થયાં પણ એમનો કાર્યકાળ પૂરો થયા પછી સરકાર હસ્તક અકાદમીનો અંકુશ થવાથી અન્ય સંપાદનો – મુખ્ય તો એમની કવિતાના ગ્રંથો હજી પ્રગટ થઈ શક્યા નથી ! ગુજરાત વિદ્યાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા પછી તેઓએ એની સુપ્ત વ્યાખ્યાનમાળાઓને જીવતી કરી, પ્રકાશનો માટે પણ યત્નશીલ રહ્યા.

ભોળાભાઈ ગુજરાતી સાહિત્યના પ્રમુખ ચૂંટાયા પછી પરિષદમાં પણ નવી નવી પ્રવૃત્તિઓનાં મંડાણ એમને કરવાનાં હતાં તે ‘કાળને તે કહીએ શું ?’ – એ ઉમાશંકરની પંક્તિ યાદ કરાવી કાળે એમને ઉપાડી લીધા. ‘આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિ’માં અમે બંને સાથે હતા. ‘કાલેલકર અધ્યયન ગ્રંથ’ અને એમના કાલેલકરના લેખોનું ચયન અપ્રાપ્ય થતાં એનાં પુનર્મુદ્રણ કરાવ્યાં. ‘કાલેલકરના લલિત નિબંધો’નું સંપાદન કરી આપવા એમણે મને પ્રેમથી પ્રેર્યો અને એ સંપાદન કરાવીને જ જંપ્યા.

ભોળાભાઈ એટલે જ પ્રવૃત્તિ : એમને લીધે આપણે ત્યાં કેટલા બધા અનુવાદકોએ અનુવાદ-પ્રવૃત્તિ આરંભી ! પ્રવૃત્તિમાં રમમાણ રહી આંતર શિસ્તથી જ એ જીવ્યા, સફળતાપૂર્વક.

*“ગાડી વેગથી દોડી રહી છે. ગાડીની બારી બહારનું પલ પલ પરિવર્તિત વિશ્વ નજરમાં અંકાયે જાય છે. તેમાં ગાડીની સમાન્તર દોડ્યે જતા લાગતા. ટેલિગ્રાફના તાર સમલયમાં નીચાઊંચા થતા દેખાયા કરે છે. કલાકોના કલાક આમ ગાડીની બારી પાસે બેસી રહેવું ગમે છે. સાથે વાંચવા લીધેલી ચોપડીઓ, પત્રિકાઓ બાજુમાં પડી રાહ જોયા કરે. ઘરની બારીમાંથી તો રોજ લગભગ એનું એ પરિચિત દૃશ્ય દેખાયા કરે — નજીકમાં જ બંધાયેલી સોસાયટીનાં મકાન, પણ સદ્‌ભાગ્યે હજી ખુલ્લું પડી રહેલું એક ખેતર. પેલાં હારબંધ હવામાં ઝૂલતાં લીમડાનાં ઝાડ, ખેતર પૂરું થતાં થલતેજ ડ્રાઇવ-ઈનની વાહનોથી ભરીભરી ગતિવંત સડક, ગ્રીડના થાંભલા અને તેના પર થઈ જતા તાર...બારી બહાર જોઈએ મનુષ્યોના એના એ ચહેરા. કાને પડતા એના એ સ્વર, હા, ખેતરનો ચહેરો બદલાયા કરે. તડકામાં, વરસાદમાં, સવારના, સાંજના ઘેટાં ચરે, બકરાં ચરે, ક્યારેક ઊંટ. પણ એ ઊંટ જ્યારે ઊતરતા અંધારામાં પેલી ડ્રાઇવ-ઈન સડક પરથી જતા હોય ત્યારે જે છાયાકાર રચાયા તે વિલક્ષણ. એ સમયે દોડી જતી હોય સેંકડો મોટરગાડીઓ ડ્રાઇવ-ઇન તરફ. કેવો તો કોન્ટ્રાસ્ટ ! એક સાથે જ પેસ્ટોરલ અને અર્બન !”*

*(પૂર્વોત્તર)*

# ભોળાભાઈ અને દરિયો

**નરોત્તમ પલાણ**

ગુજરાતી સાહિત્ય પરિષદનું નવમું જ્ઞાનસત્ર નવેમ્બર ૧૯૭૬માં અલિયાબાડા (જિ. જામનગર) મુકામે યોજાયું હતું. પ્રથમ રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમમાં કવિશ્રી ન્હાનાલાલ સંદર્ભે દરિયો અને દ્વારકાની વાત નીકળી હતી તે ઉપરથી અમે નક્કી કર્યું કે જ્ઞાનસત્ર પૂરું થાય તે દિવસે સાંજે જ દ્વારકા નીકળી જવું. આ વખતે અમારી સાથે પ્રખ્યાત ફોટોગ્રાફર જગન મહેતા પણ જોડાયા હતા. જ્ઞાનસત્રની પહેલી બેઠક ન્હાનાલાલ વિશેની અને છેલ્લી બેઠક નાટક વિશેની હતી એટલે બસમાં ગોઠવાયા કે તુરત ન્હાનાલાલ અને દ્વારકા ચાલુ થઈ ગયા ! જગન મહેતા તો ન્હાનાલાલ વગેરેના અંતેવાસી રહી ચૂકેલા હતા એટલે પ્રત્યક્ષ અનુભવની અવનવી વાતો જ્ઞાનસત્રમાં થયેલી ચર્ચાની પૂર્તિ કરતી હતી. ખાસ તો ન્હાનાલાલ વિશે બોલતાં ચંદ્રશંકર ભટ્ટે 'ચારુશીલાને પત્ર'ની જે વાત કરી તેના વિશે જગન મહેતાએ પોતાના સાવ જુદા જ અનુભવની વાત કહી ! 'ફર્યો તારી સાથે' તે કવિ કાન્તની પ્રખ્યાત રચના બળવંતરાય ઠાકોર માટે નહિ પણ ન્હાનાલાલ માટે લખાયેલી હતી ! હું અને ભોળાભાઈ આશ્ચર્ય ઉપર આશ્ચર્ય અનુભવતા હતા ! જુહુ દરિયા-કિનારે ઊભેલા ન્હાનાલાલને તસવીર, માત્ર બે-પાંચ સેકન્ડમાં જ પોતે ઝડપી લીધેલી તે દિવસે પૂર્ણિમાની રાત હતી અને કવિશ્રી માણેકબાના ખોળામાં માથું રાખીને સૂતા હતા !

ભોળાભાઈને તો આટલું જ પૂરતું હતું ! એક કવિનું દામ્પત્ય આટલું મધુર હોય તે જ કેવી પ્રસન્નકર ઘટના ! જ્ઞાનસત્રની છેલ્લી બેઠક નાટક વિશે હતી અને નવીન તો એ બનેલું કે આ બેઠકનું સંચાલન ખુદ ઉમાશંકરભાઈ જોશીએ કરેલું, તેમણે સ્નેહલગ્ન અને આત્મલગ્ન ન્હાનાલાલનાં નાટકોનો મુખ્ય મુદ્દો હતો એમ કહીને માર્મિક દર્શન વ્યક્ત કરેલું કે 'કવિશ્રીના નાટકમાં' આંબાવાડિયું તથા 'પૂર્ણિમાની રાત' છે તે પ્રસન્ન દામ્પત્યના પ્રતીક તરીકે છે અથવા તેને એમ ઘટાવી શકાય !' શું કાલ્પનિક પ્રેમકથા એવા 'જયા-જયંત'નું ઐતિહાસિક ઉદાહરણ 'જહાંગીર-નૂરજહાન' છે ? ભોળાભાઈના મુખે પ્રેમની મીમાંસા એટલે રવીન્દ્રનાથ અને જીવણાનંદ ! એક પછી એક કાવ્યપંક્તિઓ ભોળાભાઈ પોતાના ઊર્મિલ આવેગથી બોલતા જાય અને અમારી સાથે આજુબાજુના યાત્રીઓ પણ બીજી વાતો છોડીને એમને સાંભળતા આવે !

સહદેવનો ટેકરો અને બરડિયા વટાવ્યા કે તુરત ક્ષિતિજમાં જગત મંદિરનું શિખર દેખાવા માંડ્યું ! ભોળાભાઈએ અસલ આખ્યાનના ઢાળમાં ગાવાનું શરૂ કર્યું. શુકજી કહે : સાંભળ, ભૂપતિ ! સુદામાએ દીઠી દ્વારામતી, કનકકોટ ચળકાટ કરે, માણેકરત્ન જડ્યાં કાંગરે !' સુદામાજી ગોમતીમાં સ્નાન કરે છે, એના વિચિત્ર રંગઢંગ જોઈને 'ખીજવે બાળક, પૂંઠે પળે !' ભોળાભાઈ આખ્યાન ઉપર ઊતરી ગયા હતા અને જગન મહેતા પોતાની કૅમેરાની બૅગ ઉપર તાલ આપતા હતા !

હજુ થોડું અજવાળું હતું અને દ્વારકા પહોંચ્યા. સરકીટ હાઉસમાં રૂમ મેળવી, દરિયાકિનારે આવ્યા. ભોળાભાઈ પોતાના જમણા હાથની ચારે આંગળિયો અને અંગૂઠો ભેળા કરીને એમની લાક્ષણિક શૈલીમાં 'રવિ અસ્ત થાય, આકાશેતે આસો –' કિનારાની રેતીમાં ઊભા રહીને રવીન્દ્રનાથની વાણીમાં સંધ્યાનું વર્ણન કરતા હતા : 'આકાશમાં હજુ અજવાળું છે. સંધ્યા ઊતરી આવી છે. હું શોધું છું : 'કેથા તુમિ ? કેથા તુમિ ?' (તું ક્યાં છો ? ક્યાં છો ?) પાંસઠ વર્ષના, કેડથી સ્હેજ વાંકા વળી ગયેલા જગન મહેતા અને ચાલીશ-બેંતાલીશ વર્ષના હું અને ભોળાભાઈ – પ્રકૃતિ સાથે કવિતા જીવતા હતા !

આ ભોળાભાઈના વ્યક્તિત્વની આ ખૂબી હતી. એ જ્યાં હોય ત્યાં માત્ર કવિતા જ હોય ! સ્થૂળ જીવનની કોઈ ગ્રંથિ કે વાત ભોળાભાઈ પાસે ન હોય, સ્થૂળતાથી વેંત ઊંચું જીવન ભોળાભાઈનું હતું. શું ભોજન લીધું અને કેમ સૂતા તેની કશી જ સ્મૃતિ નથી, વળતા દિવસનું પ્રભાત થાય તે સાથે જ અમે ત્રણેય દરિયાકિનારે પહોંચી ગયા હતા ! હું અને ભોળાભાઈ કિનારાના શંખલા-છિપલામાં રમતા હતા અને જગન મહેતા પોતાના કેમેરાની ચાંપ સાથે ! કિનારે કિનારે સંગમ નારાયણ અને ગોમતીઘાટ પહોંચીએ તેની પહેલાં 'કીર્તિસ્તંભ' અને તેની સાથે સંકળાયેલો ૧૮૫૭ના વિપ્લવનો ઇતિહાસ જોયો : ઓખા મંડળના વાઘેરોનો સંઘર્ષ ૧૮૦૦થી શરૂ થયો હતો, અંગ્રેજો આવ્યા અને તેણે ગાયકવાડને હાથો બનાવી આ પ્રદેશના હિન્દુ મંદિરોને તોપગોળાથી ઉડાવી દીધા. તેની સામે અહીંની વાઘેર પ્રજાએ હથિયાર ઉપાડ્યા, પરિણામે ૧૮૨૦માં અંગ્રેજોએ દ્વારકા સામે લશ્કરી કાર્યવાહી કરી. આ કીર્તિસ્તંભ તે લડાઈમાં માર્યા ગયેલા અંગ્રેજ સૈનિકોની સ્મૃતિમાં છે. આનો જે અંગ્રેજી શિલાલેખ મળે છે તેમાં 'વિલિયમ હેન્રી મેરિયટ' મરાયાની નોંધ છે. વાઘેર પક્ષે આ સમયે મૂળુ સમિયાણી છે, તેને ભૂલથી મુળુ માણેક માની લેવામાં આવ્યા છે. વાસ્તવમાં મૂળુ માણેક ૧૮૫૭ના વિપ્લવનો વીર છે અને તેનું મૃત્યુ ૧૮૬૮માં પોરબંદર પાસેના 'વાછોડા' નામના ગામમાં થયેલું છે. વાઘેરોના સંગ્રામનો અંત ૧૮૬૮ના અંતમાં 'ટોબરા' ગામના હત્યાકાંડમાં આવ્યો. અંગ્રેજોએ આખા ગામને ઘેરીને સ્ત્રી બાળકોસહિત કુલ સિત્તેર વાઘેરોને સળગાવી દીધા હતા !

'અને છતાંય આપણા સાહિત્યમાં આની કોઈ કથા કે કવિતા નથી !' હું દુ:ખ વ્યક્ત કરતો હતો અને ભોળાભાઈ ઊંડા ઊતરી ગયા હતા. અહીં બાજુમાં 'એલિસ' નામની એક અંગ્રેજ બાળકીની કબર છે. આ કબરની ધાર ઉપર ૨૩-૮-૧૮૭૨ અને 'ગોડ, નીઅર ટુ ધી' એ એક લીટી કોતરેલી છે. જગન મહેતા વાંકા વળીને ફોટોગ્રાફ લેતા હતા, ભોળાભાઈ પેલી બાળકીના સ્મરણમાં હતા અને હું 'ગોડ, નીઅર ટુ ધી' આ પ્રાર્થના ગાંધીજી પણ વારેવારે ગવડાવતા અને 'આશ્રમ ભજનાવલિ'માં તે સંગ્રહાયેલી છે – એવી માહિતી આપતો હતો.

ગોમતી ઘાટ અને છપ્પન સીડીથી દ્વારકાધીશના મંદિરમાં પહોંચ્યા. અહીં જગન મહેતાને કેમેરો તથા અમારા થેલા અને ચંપલ સાચવવા બહાર રહેવું પડ્યું ! ભોળાભાઈ 'અહીં રાધિકા ક્યાં છે ?' એવા પ્રશ્ન સાથે દ્વારકાધીશના મહિમાને આંખો પહોળી કરીને જોતા હતા ! 'ન મોરપિચ્છ, ન ગોરસ, ગોપી કે ગોવાળ ?' ભોળાભાઈને વૃંદાવન વહાલું હતું. એમની ધર્મશ્રદ્ધા પરંપરાગત ભવભક્તિની નો'તી. સાંકડી બજારમાંથી સરકીટ હાઉસ, ભોજન, જરા આરામ અને બપોર પછી ગામ બહાર રુક્મિણી મંદિરે ગયા. રુક્મિણી મંદિરની મૂર્તિકલા સમજાવતો હતો અને ભોળાભાઈ એક એક શિલ્પ ઉપર હળવેકથી હાથ

ફેરવતા હતા ! એક અપ્સરા વાળ હોળી રહી છે અને તેના કેશમાંથી ટપકતાં જલબિન્દુઓને મોતી માનીને એક હંસ ચૂગી રહ્યો છે ! ભોળાભાઈએ તુરત જીવણાનંદની વનલતાસેનને યાદ કરી : 'ઓ નાટોર ગામની વનલતા સેન, કેશ તેના જુગજૂનો અંધકાર વિદિશાની નિશા !' ભોળાભાઈ હવે ભાવાવેગમાં વનલતાનું વિશ્લેષણ કરતા હતા : 'વનલતાનું ગામ નાટોર અને સરનેમ 'સેન' પણ કવિ આપે તેમાં તેની કેવી આત્મીયતા !' એક સુંદર નારી પ્રતિમા બતાવીને મેં પૂછ્યું : 'જીવણાનંદ આને કેમ વર્ણવે ?' ભોળાભાઈ તુરત એના સામું જોઈને : 'ઓ બરસાનાં ગાંવકી ગોરી, હું સમડી, કાબર કે કાગડો થઈને આવીશ, તારા માથાં પર રહેલી મટુકી માંહેનું ગોરસ ચાખવા !' (હાસ્ય)

જગન મહેતા એમના કૅમેરા સાથે ચાલુ હતા. અમે બંનેએ રુક્મિણી મંદિરના પાર્શ્વમાં એક પોઝ પણ આપ્યો. રુક્મિણી મંદિરની આસપાસનો રણ સમ વિસ્તાર અને જરા દૂર રૂપેણ બંદરના આમતેમ ડોલતાં વહાણો, ભોળાભાઈને પાણી અતિ પ્રિય હતું, અમે આડેમારગે, દરિયા તરફ ચાલ્યા. ઊંધાં પડેલાં હોડકાં, ઝૂંપડાંની ધારે લટકતી જાળો, ટોપલીમાં માછલી ભરીને સડસડાટ જાણે કે તરતી જતી કન્યાઓ ! ભોળાભાઈ અને જગન મહેતા બંનેને આ 'લોકલ કલર' બહુ ગમી ગયો હતો. મારે મન તો આ જ મારો પરિવાર હતો ! બેક જણા સાથે વાત કરતાં તુરત જ 'પદ્ધુ અને માધો, લાખી તથા માલી' – પોરબંદરમાં રહેતા એમના સગાઓની ખબરઅંતર પૂછવા લાગ્યા ! શહેરનો સમાજ અને ગામડાનો સમાજ એના સભ્યોની મનોવૃત્તિમાં પણ અલગ અલગ છે. આખા કિનારે સંબંધની આ સાંકળ ગૂંથાયેલી પડી છે. પોરબંદરની દીકરી મિયાણી સાસરે હોય અને મિયાણીની દીકરી દ્વારકા – એમ કિનારાની પ્રજાના રોટીબેટીના વહેવાર છે. અહીં મચ્છી મુખ્ય ખોરાક અને વ્યવસાય તથા બોલી પણ એક એટલે એટલા પ્રમાણમાં હિન્દુ-મુસ્લિમ ભેદ નથી. છેલ્લાં દશ દશ હજાર વર્ષના પથ્થરના લંગરોના અવશેષો આ કિનારેથી મળ્યા છે એટલે આ જીવનપ્રથા કેટલી લાંબી !

હું દરિયાકિનારાની વિશિષ્ટતા વર્ણવતો હતો અને ભોળાભાઈ દરિયા જેવી જિજ્ઞાસા ધરાવતા હતા. આ ભોળાભાઈ હતા : ધરતી, આકાશ, પશુ, પંખી અને એનાં પ્રત્યેક રૂપના ચાહક, દરિયા જેવી વિશાળતા અને સૌ તરફ નીતર્યાં નીર જેવો પ્રેમ.

અંધારું ઊતરી ચૂક્યું હતું. ચારેબાજુ સુનકાર હતો. ભોળાભાઈ કહે : 'ચૂપ થાવ ! પગલાંનો અવાજ પણ ના કરો, દરિયો સાંભળો ! દરિયો !' દરિયાનો ઠંડો મીઠો ઘુઘુ કરતો અવાજ અમારા હૃદયમાં અને દૂર દૂર ક્ષિતિજમાં વિસ્તરતો વિસ્તરતો વિરામ પામતો હતો.

નિબંધ, વિવેચન જેવાં અન્ય સાહિત્યિક ક્ષેત્રોની જેમ ભોળાભાઈએ અનુવાદના ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ભાષાઓ માટેની તેમની અનન્ય પ્રીતિએ તેમને અનુવાદમાં પ્રવૃત્ત કર્યાં છે. બંગાળી, હિંદી, ઓડિયા, અસમિયા અને અંગ્રેજીમાંથી અનૂદિત બીજી ઘણી રચનાઓ તેમની પાસેથી મળે છે. એમના અનુવાદ ગુજરાતીમાં સહજ અને વાચનક્ષમ બન્યા છે. મૂળની સર્જકતાને રૂપાંતરિત કરવામાં તે સફળ રહ્યા છે. આ અનુવાદોની સાથે તેમણે મૂકેલી દીર્ઘભૂમિકા, ટિપ્પણ, પરિશિષ્ટ તુલનાત્મક સાહિત્ય અને વિવેચન માટે ઉપકારક નીવડે છે.

– અનિલા દલાલ

# ન જાને કૌન-સા દેશ, જહાં તુમ ચલે ગયે !'

ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

'સાહેબ, પગે ઠીક થાય ત્યાં સુધી સૂતાં-સૂતાં જગદીશસિંગની આ સીડીમાં સંકલિત તેમની ગાયકીના નમૂના સાંભળજો' – કહીને મારો વત્સલ શિષ્ય અને 'આજતક' ચેનલ, ગુજરાતનો બ્યૂરો ચીફ ડૉ. ધીમંત પુરોહિત વિદાય થયો.

સીડીમાં સંકલિત જગદીશસિંગની શ્રેષ્ઠ ગઝલો – ધૂનો વગેરેનો આનંદ માણી રહ્યો હતો ! મનમાં જગદીશસિંગના સ્વરના શબ્દો ગજબની બેચેની સર્જી રહ્યા હતા :

> 'ચિઠ્ઠી ના કોઈ સંદેશ,
> ના જાને ! કૌન-સા દેશ,
> જહાં તુમ ચલે ગયે !'

અને ફોનની ઘંટડી રણકે છે 'સાહેબ, સમાચાર મળ્યા ? ડૉ. ભોળાભાઈનું અવસાન થયું છે !' – ડૉ. ધીમંત પુરોહિતનો આઘાતજનક સંદેશ ! પગે પ્લાસ્ટર હોવાને કારણે હું પથારીવશ હતો. એમના અંતિમ દર્શનની પ્રબળ ઇચ્છા હતી, પણ તનની લાચારી ! અને જગદીશસિંગના શબ્દો જાણે મારું મન વારંવાર ડૉ. ભોળાભાઈ પટેલના દિવંગત આત્માને પૂછી રહ્યું હતું :

> ''ન જાને કૌન-સા દેશ
> જહાં તુમ ચલે ગયે !''

મૃત્યુની ફિલસૂફી, આત્માની અમરતા વગેરે શબ્દો શોકસંતપ્ત મન અને હૃદયને આશ્વસ્ત કરી શકતા નથી ! ડૉ. ભોળાભાઈ પટેલે હિન્દીના ખ્યાતનામ કવિ – સાહિત્યકાર ''સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સાયન 'અજ્ઞેય' પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ અને અજ્ઞેયને એમ.એ.ના અભ્યાસક્રમમાં અનુસ્નાતક વર્ગોમાં ભણાવવાને કારણે ડૉ. ભોળાભાઈ પટેલની સાથે કોઈ કાર્યક્રમમાં વક્તવ્ય માટે જવાનું બને ત્યારે 'અજ્ઞેય'ની મન અને એમને ગમતી કાવ્યપંક્તિઓ હું અવશ્ય ટાંકતો :

> ''સાંસ કા પૂતલા હૂં મૈં
> જરા સે બંધા હુઆ
> ઔર
> મરણકો દે દિયા ગયા હૂં,
> લેકિન યહ જો પ્યાર હૈ ન,
> ઈસી કે દ્વારા મૈં
> જીવન-મુક્ત કર દિયા ગયા હૂં''

ડૉ. ભોળાભાઈને કવિ અજ્ઞેયજીના આ શબ્દો શતપ્રતિશત લાગુ પડે છે. ડૉ. ભોળાભાઈ પટેલ એટલે લાગણીનો માણસ, પ્રેમનો માણસ અને આત્મીયતાનો માણસ.

ગામ સોજા, જિ. મહેસાણાના શંકરભાઈ પટેલના સુપુત્ર ડૉ. ભોળાભાઈને હું એટલા માટે નહોતો ચાહતો કે તેઓ એક શ્રેષ્ઠ નિબંધકાર, વિવેચક, અનુવાદક, સંપાદક અને ગુજરાતી-હિન્દી અને અંગ્રેજીના વિદ્યાવ્યાસંગી પ્રાધ્યાપક અને ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગના નિવૃત્ત વિભાગાધ્યક્ષ હતા. હું એમને એટલા માટે પણ નહોતો ચાહતો કે તેમનું પ્રવાસ-સાહિત્ય ઉત્તમ હતું અને 'દેવોની ઘાટી' માટે સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તેઓ પુરસ્કૃત થયા હતા કે ઉત્તર પ્રદેશ હિન્દી સંસ્થાન લખનૌએ તેમને 'સૌહાર્દ' પુરસ્કારથી સન્માનિત કર્યા હતા તેમજ અનંતરાય વિવેચન એવૉર્ડ, ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' માટે કેન્દ્રીય હિન્દી નિદેશાલય દ્વારા

તેમને પ્રતિષ્ઠાપૂર્ણ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રદાન થયો હતો તેમ જ ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' સન્માનથી વિભૂષિત કર્યા હતા.

ડૉ. ભોળાભાઈ પટેલ મારા મુરબ્બી સન્મિત્ર હતા અને ૧૯૬૯થી એમણે એ મિત્રભાવ ઉમળકાભેર નિભાવ્યો હતો. એડમિશનને લગતું કોઈ કામ હોય તો એ મને હકથી કહે અને કશીક સુયોગ્ય ભલામણ કરવા જેવું લાગે તોપણ યાદ કરે.

૧૯૮૩માં હું નવગુજરાત કૉલેજમાં હિન્દીનો અધ્યાપક હતો. એ ગાળા દરમિયાન ''તુલનાત્મક ભારતીય સાહિત્ય''ના અભ્યાસ માટે ફેલો તરીકે તેમની પસંદગી થતાં તેમણે 'શાંતિનિકેતન' (વિશ્વભારતી) જવાનું થયું અને એમની લીવ વેકેન્સીમાં ભાષાભવનના ગુજરાત યુનિવર્સિટીમાં મારી અસ્થાયી નિમણૂક થઈ. હિન્દીના લેક્ચરર તરીકે હું જોડાયો પણ ખરો, પરંતુ શિક્ષણ વિભાગે મારું 'લીયન' નામંજૂર કરતાં હું રાજીનામું આપી નવગુજરાત આર્ટ્સ કૉલેજમાં જોડાઈ ગયો ! કદાચ કુદરતને એ મંજૂર હશે કે એ 'મહાસારસ્વત'નું આસન ભલે ખાલી રહે !

૧૯૯૦માં વળી પાછો ડૉ. ભોળાભાઈ સાથે રહેવાનો મોકો મળ્યો. ગુજરાત યુનિવર્સિટીએ પત્રકારત્વ વિભાગમાં અધ્યાપક તરીકે મારી નિમણૂક કરી. અને ભાષાભવન ખાતે હું ફરજ પર હાજર થયો.

તે વખતે ડૉ. મલાગી ભાષાભવનના નિયામક. એમણે કહ્યું : હમણાં એક પણ કેબિન ખાલી નથી ! કોઈ અધ્યાપક મિત્ર સાથે તેમની કેબિનમાં બેસવાનું રાખો, પછી જોઈશું !

એમ સાંજના ચારેક વાગ્યે ડૉ. રઘુવીરભાઈ ચૌધરી અને ડૉ. ભોળાભાઈ પટેલ મને મળવા આવ્યા. હિન્દી વિભાગના રીડર અને મારા મિત્ર ડૉ. રામકુમાર ગુપ્તની કેબિનમાં 'આશ્રિત' તરીકે હું બેઠો હતો. ડૉ. મલાગીની મને કેબિન ફાળવવાની નિષ્ક્રિયતાની વાત સાંભળી એ બંને મિત્રો નારાજ થયા. ડૉ. મલાગીને એમણે તાત્કાલિક બોલાવ્યા અને મારે માટે કેબિન ફાળવવા માટે શું થઈ શકે તેની ચર્ચા કરી. ડૉ. ભોળાભાઈનો કડકાઈભર્યો સ્વર અને ડૉ. રઘુવીરભાઈ ચૌધરીના આગ્રહને લીધે 'સ્ટોર રૂમ'ના બહાના હેઠળ પોતાના કબ્જામાં રાખેલી કેબિનની સાફસૂફી કરાવી તેનો કબ્જો મને આપ્યો. ડૉ. ભોળાભાઈની હૂંફ અને ડૉ. રઘુવીરભાઈનો મિત્રપ્રેમ મારી જિંદગીની મોંઘેરી મૂડી છે.

હું ભોળાભાઈને 'ધવલ હાસ્યનો હિમગિરિ' કહેતો. એમનું નિર્દોષ, નિર્મળ હાસ્ય સહુ માટે યાદગાર સંભારણું બની રહેતું. પણ ભોળાભાઈની એક મહાન સાહિત્યકાર તરીકે નમ્રતા એ એમનું બળ હતું. પરંતુ જ્યાં 'સાત્ત્વિક ક્રોધ' દેખાડવાનો હોય ત્યાં તેઓ લાલ આંખનો પરચો દેખાડવામાં ક્ષણનોય વિલંબ નહોતા કરતા !

મને યાદ છે ૧૯૯૦-૯૩ના સમય ગાળા માટે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસસમિતિમાં અમારા બંનેની પસંદગી થઈ હતી. ટેક્સી ભાડે કરી પાટણ પહોંચવાનું હતું. ત્યારે હું ભદ્ર, લાલદરવાજા ખાતે રહેતો હતો. ત્યાંથી ટેક્સી લઈ મારે ડૉ. ભોળાભાઈને ૩૨, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરાથી પીકઅપ કરવાના હતા. વાતો કરતા કરતા અમે પાટણ પહોંચ્યા. અભ્યાસ સમિતિ બેઠક પૂરી થતાં કન્વેયન્સ બિલ તૈયાર કરવાનું હતું. ટેક્સીવાળાએ દર્શાવેલા કિલોમીટર અમે કન્વેયન્સ ફોર્મમાં ભર્યા, પણ તે વખતના કાર્યકારી રજિસ્ટ્રાર શ્રી વોરાએ 'સ્ટાન્ડર્ડ કિલોમીટર'નો આધાર લઈ ડૉ. ભોળાભાઈને પીક-અપ કરવા જવાના કિલોમીટર તેમાંથી બાદ કરી દીધા ! અને ક્લાર્ક સુધારેલા બિલમાં અમારી પુનઃ સહી કરાવવા આવ્યો. રજિસ્ટ્રાર વોરાએ કરેલી કાપકૂપથી ડૉ. ભોળાભાઈ ગુસ્સામાં આવી ગયા. અમે બંને રજિસ્ટ્રારને મળવા ગયા, પણ તંત્રગત જડતાને વરેલા મિ. વોરા એકના બે ન થયા તે ન જ થયા. ત્યારે ડૉ. ભોળાભાઈનું મેં 'રૌદ્ર રૂપ' જોયેલું તે હજી ભૂલી શકતો નથી ! ડૉ. ભોળાભાઈ તત્કાલીન

કુલપતિ કુલીનચંદ્ર યાજ્ઞિક પાસે પહોંચ્યા અને એમણે આદરપૂર્વક સંપૂર્ણ પેમેન્ટ કરાવ્યું. ભોળાભાઈ સત્યનિષ્ઠાની ક્યારેય ઉપેક્ષા કરતા નહોતા. ખોટું એમને ખપતું નહોતું.

પાટણથી પાછા ફરતાં તે દિવસે અમે માણેલો 'વનભોજન'નો આસ્વાદ તેમણે નહિ-નહિ તોય મારાં શ્રીમતી મંજુબહેનને દસેક વાર અભિનંદન પાઠવી વાગોળ્યો હશે. ઢેબરાં, સૂકી ભાજી, દહીં, અથાણું અને મુખવાસની પડીકી, પ્યાલા, પેપરડિશ એમ નાનામાં નાની વાતની મારી પત્નીની ચીવટ એમને સ્પર્શી ગયેલી !

છેલ્લે મન ભરીને વાતો કરવાનો અમને મોકો મળ્યો 'સાબરમતી સિનિયર સિટીઝન પાર્ક, સાબરમતી આયોજિત ડૉ. ભોળાભાઈના સન્માન તેમજ ગરીબ વરિષ્ઠ નાગરિકોને અન્ન વિતરણના કાર્યક્રમમાં તેઓ અધ્યક્ષ અને હું અતિથિ વિશેષ. મારું એક પુસ્તક 'હું ક્ષણિક, તું ચિરંતન' ડૉ. ભોળાભાઈને અર્પણ કરેલું. તેમને ઘેર જઈ આપવાને બદલે કોઈ કાર્યક્રમ નિમિત્તે મોકો મળે અર્પણ કરવાની મારી ઇચ્છા તે દિવસે સફળ થઈ. એમને સાયટિકાને લીધે કમરનો અસહ્ય દુખાવો અને હું પણ એ બાબતમાં એમનો સમદુખીઓ. કાર્યક્રમ પત્યા પછી મન મૂકીને વાતો કરી.

કોઈ કાર્યક્રમ નિમિત્તે મેં હાજરી આપી હોય અને ડૉ. ભોળાભાઈ કે ડૉ. રઘુવીરભાઈ હાજર હોય તો તેમની અનુકૂળતા મુજબ તેમને ઘેર પહોંચાડવાનો મોકો મને મળ્યો છે. અને હળવા હૈયે વાતો કર્યાનો આનંદ પણ માણ્યો છે.

હું ઉપકુલપતિ અને કાર્યકારી કુલપતિ તરીકે ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત હતો અને ડૉ. ભોળાભાઈની નિવૃત્તિ નિમિત્તે તેમનો શુભેચ્છા સમારંભ ભાષાભવનમાં યોજાયો હતો. એમની ઇચ્છા હતી કે હું તે પ્રસંગે ઉપસ્થિત રહું પણ યુનિવર્સિટીના કોઈ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ પ્રસંગે મારે માટે અન્યત્ર હાજરી આપવાનું આવશ્યક હતું. હું આવા ધન્ય પ્રસંગે ઉપસ્થિત નહીં રહી શકું તેનું મનદુઃખ હતું.

અંતે નિર્ધારિત બહારના કાર્યક્રમને અધવચ્ચે પડતો મૂકી હું મોડો-મોડો પણ ભાષાભવન પહોંચી ગયો અને યુનિવર્સિટી વતી તેમનું સન્માન કરવાનું 'પુણ્ય' મને મળ્યું.

કોઈ કામસર કે મિટિંગને કારણે ડૉ. ભોળાભાઈ યુનિવર્સિટી આવે ત્યારે નાસ્તા દ્વારા એમના આતિથ્યનો લહાવો હું અવશ્ય લેતો. તેઓ પ્યુનને કહેતા : "ચંદ્રકાન્તભાઈએ મારા આવતાં અગાઉ જ નાસ્તાની વ્યવસ્થા કરાવી દીધી હશે... ઉતાવળ કરજે ભાઈ."

હિન્દી-ગુજરાતી ઉપરાંત જર્મન, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષાઓની તેમની જાણકારી અને અભ્યાસે 'ભાષાસેતુ'નું નોંધપાત્ર કામ કર્યું છે. અને ઉત્તમ કક્ષાના અનુવાદોથી ગુજરાતી ભાષાને ન્યાલ કરી છે. ડૉ. ભોળાભાઈના લેખનમાં સહૃદયતા, પ્રવાહિતા, પ્રાસાદિકતા અને મર્મસ્પર્શિતા છે ! એમના પ્રવાસનિબંધો એવી સુંદર શૈલીમાં આલેખાયેલા છે કે જે તે સ્થળ ન જોયું હોય તેવા માણસને પણ પ્રત્યક્ષાનુભૂતિનો આનંદ આપે.

'મિટ્ટી કી મહિમા' કવિતામાં સ્વ. ડૉ. શિવમંગલસિંહ 'સુમન'એ ગાયું છે –

**"કવિ મિટ જાતા, કિન્તુ**
**ઉસકા ઉચ્છ્વાસ અમર હો જાતા હૈ."**

ડૉ. ભોળાભાઈ પટેલનો સ્થૂળદેહ આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમનો 'અક્ષર દેહ' અમર રહેશે. માતા સરસ્વતીનો આ વરેણ્ય પુત્ર આજીવન 'કલમસેવી' રહ્યો અને મન મૂકીને માતા સરસ્વતીની ઉપાસનામાં મહેકતાં – મઘમઘતાં, પ્રસ્વેદભીનાં શબ્દસુમન અર્પી ૭૮મા વર્ષની પૂર્ણતા નિકટ હતી, ત્યારે 'દેવોની ઘાટી'ને બદલે 'દેવાશ્રય' શોધવા ચિરવિદાય લીધી. એમને ભાવભીની – અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પતાં એટલું અવશ્ય કહી શકાય –

**"બડે શૌક સે સૂન રહા થા જમાના,**
**તુમ્હીં સો ગયે, દાસ્તાં કહતે કહતે."**

# `પ્રપા' કાંઠાનો પરિચય

**હસુ યાજ્ઞિક**

ભોળાભાઈ પટેલનો સાતત્યપૂર્ણ કેટલોક પરિચય 'પ્રપા'ને કાંઠે આરંભાયેલો. 'પ્રપા' એટલે પરબ. આ નામ અમે ભાયાણી સાહેબના હાઈલૅન્ડ-પાર્કના નિવાસને આપેલું. અનેક માટે ગત સદીના સાતમા દાયકાથી અને તે પછી આઠમા-નવમા દાયકામાં વીમાનગરનું ભાયાણીસાહેબનું ઘર સંસ્કૃત-પ્રાકૃત-જૂની ગુજરાતી ભાષા અને તેમાં રસ ધરાવતા વિદ્વાન અધ્યાપકો માટે સાંજના સમયનું 'પ્રપા.' ઈ. ૧૯૬૪થી મારો મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ પરનો પીએચ.ડી. નિમિત્તનો અભ્યાસ ભાયાણી સાહેબના માર્ગદર્શનમાં ચાલે. ગુજરાત કૉલેજથી સાઇકલ લઈ હું ભાષાભવનમાં પહોંચું ને ત્યાંથી પગપાળા અમે ગુરુ-શિષ્ય આરંભના ગાળામાં ભાયાણી સાહેબના મહાદેવનગરના ઘરે અને પછી હાઈલેન્ડના બંગલે પહોંચીએ. ચંદ્રકળાબહેને શિંગ-મમરા ને ચા તૈયાર રાખ્યાં હોય, ને અમારો અભ્યાસનિમિત્તનો વાર્તાલાપ ચાલે. સાંજ પડે, સૂરજ આથમે તો ક્યારેક નગીનદાસ પારેખ, ભોળાભાઈ પટેલ, ચિમનભાઈ ત્રિવેદી, જયંત કોઠારી વગેરે આવે. આ ગાળામાં કવિ માધવકૃત અતિ શૃંગારી કથા 'રૂપસુન્દરકથા' અભ્યાસમાં નિયત થયેલી તેનાં કેટલાંક આધુનિક દષ્ટિએ અશ્લીલ પણ લાગે તેવાં શૃંગારી વર્ણન પર તો ક્વચિત્ કેટલાક કઠિન દુરાન્વયી અર્થ પર ચર્ચા ચાલે. નગીનદાસ પારેખનો આવી શૃંગારપૂર્ણ કૃતિ અભ્યાસમાં મૂકવા સામે મોટો વિરોધ. ભાયાણીસાહેબ આવાં આલેખનોના કુળના સંસ્કૃત-પ્રાકૃત શ્લોકોને મુક્તકો ટાંકે ને એના આસ્વાદક અંશો માણતા ભોળાભાઈ ખડખડાટ હાસ્ય સાથે કેટલાંક રસિક ઉમેરણો કરતાં જાય. ભાયાણીસાહેબ અને ભોળાભાઈના હાસ્યમાં અને મૂળ પૂરો સંદર્ભ આપતાં પદ્યોને આખેઆખાં રજૂ કરતી સ્મૃતિમાં પોતપોતાની આગવી લાક્ષણિકતા. બંનેનાં હાસ્ય ખડખડાટ ને મુક્ત. ભાયાણીસાહેબને તરત તો કોઈ શબ્દ યાદ આવે, બોલી માથુ ધુણાવે, જૂના ચરુમાંથી એક એક સોનામહોર ટપકે તેમ શબ્દો યાદ આવતા જાય ને આખું પ્રાકૃત મુક્તક કે શ્લોક બોલે. ગજબની સ્મૃતિ ! એક વાર વાંચેલું જ હોય, યાદ રાખવાનો પ્રયત્ન ન હોય, છતાં સંદર્ભ આપવાનો થાય ત્યારે બધું જ સ્મૃતિમાં ઝળહળે ! ભોળાભાઈ વગર અચકાયે, થોભ્યે કડકડાટ પૂરું પદ્ય બોલે ! આસ્વાદ્ય કૃતિનું વારંવાર વાચન કરવાની એમને ટેવ. આષાઢે કાલિદાસનું મેઘદૂત વાંચે જ, મોટેમોટેથી, વિદ્યાર્થીઓને પણ એમાં સહભાગી બનાવે. સંસ્કૃત, બંગાળી, ગુજરાતી કવિતાની અનેક પંક્તિઓ એમને કંઠસ્થ. વ્યાખ્યાન સાંભળ્યાં હશે એમને અનુભવ હશે જ કે કાલિદાસ, ટાગોર, જીવનાનંદદાસ કે પછી નિરંજન ભગતની કે અન્ય ગુજરાતી રચનાઓની અનેક પંક્તિઓ કંઠસ્થ હતી. આસ્વાદક કે નિબંધકાર ભોળાભાઈને વાંચતા એમાં ક્યાંક ને ક્યાંક કાલિદાસ-ટાગોર જ અત્રતત્ર અનુભવાશે. ઘણી ઉનાળુ, શિયાળુ, ચોમાસુ સાંજ આવી ગોષ્ઠિમાં વીત્યાનું સ્મૃતિમાં છે. ક્યારેક ચર્ચાઓ થાય ને

ઉગ્ર બને ! ભાયાણીસાહેબ ને ભોળાભાઈ બંને વચ્ચે પણ આવા સંવાદ રચાય ને અંતે ખડખડાટ હાસ્ય ! હું કે ચિમનભાઈ ત્રિવેદી આવા મતાંતરમાં ગુરુ પાસે મૌન રહેવા ટેવાયેલા, ભોળાભાઈ તો વડીલ મિત્ર માનીને જ વર્તનારા !'

પછીનો રાતવાસાનો અને સહપ્રવાસનો અનુભવ નવમા દાયકાના વર્ષોમાં. વિદ્વાન સાહિત્યકાર વડીલોને આદિવાસી કંઠ-પરંપરાના પ્રત્યક્ષ રૂપના અનુભવનું નક્કી થયું અને બસ ભરી બધાં સનાળી આશ્રમમાં પહોંચ્યાં. બધાંનું આદિવાસી ઢબે 'મોરિયું' નચાવી સ્વાગત થયું. બધાં ભાવવિભોર બન્યાં. રામકથાની સનિદર્શન હનુમાનના પાત્ર સાથે રજૂઆત થઈ ત્યારે બકુલ ત્રિપાઠી પણ હનુમાનના પાઠમાં સહભાગી બન્યા હતા. રાત્રે રૂપાંરોણીની વાર્તા હરમાબહેને માંડી ને એમને સખત ઉધરસ ચડી. ભોળાભાઈ વ્યાકુળ બન્યા અને કહેવા લાગ્યા : 'બસ બહેન ! તમને બહુ કષ્ટ થાય છે. બીજું થોડો આરામ કરીને પછી કહેજો અમે સાંભળીશું !' હરમાબહેને એનો જવાબ એમની બોલીમાં આપ્યો. ભોળાભાઈને ન સમજાયો. એમણે મને પૂછ્યું : 'એ બહેન શું કહે છે ?' મેં સહાસ્ય કહ્યું : 'દેવી જેવાં પાત્રને કંઈ પૂર વચ્ચે છોડાય ! કથાની નાયિકા ધસમસતા પૂરમાં છે. કથક એની સાથે જ જીવે છે. આ ક્ષણે એ હવે વાત ન અટકાવે !'

કંઠપ્રવાહમાં ગાયક-કથકને સાહિત્ય સાથે કેવો જીવંત સંબંધ હોય છે, એ જાણી એમણે આનંદાશ્ચર્ય અનુભવ્યાં ત્યારે મેં કહ્યું : 'આપણી સ્ત્રીઓ પણ ઓખાહરણ વાંચે ત્યારે ક્યારેય અનિરુદ્ધ જેલમાં હોય ત્યાં કથન-ગાન ન અટકાવે. મોડું થતું હોય તોપણ અનિરુદ્ધ મુક્ત થયા પછી જ અટકે ! આખી રાત કંઈ અનિરુદ્ધને જેલમાં થોડો રખાય ! લોકો માત્ર કથા કહેતા-ગાતા નથી, પાત્રમય બની ક્ષણેક્ષણ જીવે છે !'

એ કાર્યક્રમ મોડો ચાલ્યો. થાકીને મોડા મોડા સૂતા હતા. પરંતુ હજુ સૂરજ પણ ઊગું ઊગું થતો હતો કે ભોળાભાઈએ પલંગમાંથી બેઠા થતાં જ મોટે મોટેથી લલકાર્યું :

**જાગને જાદવા, કૃષ્ણગોવાળિયા !**

એમાં જ યશવંતભાઈ શુક્લે સ્વર-તાલબદ્ધ સૂર પુરાવ્યો ને પ્રભાતિયું સાંભળી મારા જેવા સૂર્યવંશીને જાગવું પડ્યું ! થોડી વાર થઈ કે કવિ-વાર્તાકાર કાનજી પટેલ આવ્યા ને બોલ્યા : 'આવવું છે કીડી-મંકોડીના સંગમમાં નાહવા ?' ભોળાભાઈ કહે : 'એ વળી શું ?' કાનજીભાઈ બોલ્યા : 'આશ્રમ જેના કાંઠે છે તે નદીનું નામ કીડી-મંકોડી ! વરસાદ થયો છે તે છબછબિયાં કરી સ્નાન થાય એટલું પાણી છે.' પ્રવાસી ભોળાભાઈનો જીવ રહે ? એમણે છબછબિયા સ્નાનનો અને પહાડી પ્રભાવનો વૈભવ માણ્યો ને 'પરબ'ના ઊઘડતા પાને લલિત પ્રવાસસ્મૃતિરૂપે આલેખ્યો. ઘણાંની સ્મૃતિમાં હશે આ લેખ !

– આ પછી પણ લાંબા ગાળે આ જ સ્થળે, સનાળી-આશ્રમમાં એક રાત એક રૂમમાં રહ્યા ને ત્યારે મોડે સુધી 'શૃંગારહાટ'ના પંચભાણ અને 'કુટ્ટનીમતમ્'ની રસપ્રદ વાતો કરી. એમણે 'કુટ્ટનીમતમ' નહીં વાંચેલું. મેં જ્યારે કહ્યું કે આ કૃતિનો આરંભ થાય છે વૃશ્ચિક રાશિની નગરી વારાણસીના સંદર્ભથી ને એમાં બે છેડાના વૃશ્ચિક રાશિના – વિશ્વનાથ ને વારાંગનાનો સંકેત છે. વિશ્વનાથ પર ચડેલા રક્તકમળની પાંદડીઓ કરમાતાં વળી ગઈ છે અને પ્રાન્તર્ ગાઢ કથઈ થતી કાળી પડી ગઈ છે તે જાણે વારાંગનાની રતુંબડી પગની પાનીના કાળા પડેલા અળતા જેવી લાગે છે ! આ સાથે જ આવાં લાક્ષણિક અલંકરણોની વાત ચાલતી રહી.

બીજી એક હસીમજાકની ગોષ્ઠિ ગૂજરાત વિદ્યાપીઠની છે. સખત ઉનાળાની બપોર.

ભાયાણીસાહેબ, કનુભાઈ જાની, ભોળાભાઈ વગેરે બેઠા હતા. એમાં ધોળા થવા આવેલાં ઝૂલ્ફાં સાથે નરોત્તમ પલાણ ડોલતા ડોલતા આવ્યા. ભાયાણી સાહેબને રમૂજ સૂઝી. એ બોલ્યા: 'પલાણ! તમારેય હવે આ ભોળાભાઈની જેમ ધોળાને કાળા કરવા કલપ કરવો જોઈએ!'

'પણ મારે ભોળાભાઈ જેવું કારણ જોઈએ ને!' હાજર જવાબી પલાણ બોલ્યા ને સંદર્ભ પકડી ભોળાભાઈ સમેત બધા મુક્તમને હસી પડ્યા.

છેલ્લો સાતત્યભર્યો ગણાય એવો કેટલોક સહવાસ ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાયી સમિતિની કારોબારીની બેઠકો નિમિત્તે. દર્શક પ્રમુખ, સ્વાયત્ત થયા પછીની પ્રથમ રચાયેલી અકાદમીમાં ધીરુભાઈ પરીખ, ભોળાભાઈ વગેરે કારોબારીના સદસ્ય. મારી પદ્ધતિ લિખિતરૂપમાં આવેલા બધા જ પ્રસ્તાવોની સંપૂર્ણ વીગત પરની ચર્ચાનોંધ બેઠક પહેલાં જ મોકલી આપવાની. અને અગાઉ કારોબારીમાં અનંતરાય રાવલ, પેટલીકર જેવા મહાનુભાવો એટલે પરંપરા જ એવી કે જમાડનાર કોઈ જ ન જમે અને પૂર્વે મોકલાયેલું ને લિખિત રૂપનું ન હોય એવું નવું કશું જ બેઠક સમયે ન ઉમેરી શકાય. દર્શક સમર્થ ને તટસ્થ વહીવટકાર. બધી પરંપરાને જાળવે, ખોટી-લાંબી ચર્ચાને સ્થાન ન આપે ને નોંધને ઉદ્દેશી કહે – તારણ બરાબર છે, કોઈને કંઈ એમાં બીજું કહેવાનું, ઉમેરવાનું? અને સીધો ઠરાવ. ભોળાભાઈ આ પદ્ધતિથી ટેવાયેલા નહીં. તેથી અંતે અકળાયા ને બોલ્યા; 'મિટિંગમાં શું કોઈના ચાવેલા કોળિયા જ ચાવવાના છે કે લખ્યું છે એમ બધું યથાવત મંજૂર?'

દર્શક એની લાક્ષણિક શૈલીમાં બોલ્યા; 'પણ પથ્ય તો છે ને? કાંકરો આવે તો કોળિયો થૂંકી નાખવો!'

બધા હસી હળવા થઈ ગયા.

આવી કેટલીક પળોમાં ભોળાભાઈ હજુ વ્યક્તિરૂપમાં રહેલા છે. એમનું હાસ્ય વિલાયું નથી. નથી એમ હજુ તો મનાવવું પડે. જેમને મળ્યા છે કે જેમણે સાંભળ્યા છે, છાત્રો સાથે તાદાત્મ્યે વાત કરતાં ભણાવતા જોયા છે એમના માટે આ અંગત મૂડી છે. અન્ય માટે તથા ભવિષ્યના ભાવક માટે છે તે એક સીમાચિહ્નરૂપ કવિતા પ્રેમી અને પ્રવાસ નિબંધકાર ભોળાભાઈ!

*'...આપણામાંના રોમાન્ટિકને બહાર લાવે છે આ મદનિકાઓની અદ્ભુત મૂર્તિઓ. કળાનું એ જ તો કામ છે. એને દર્પણસુંદરી કહું કે મોહિની? કે પછી પેલી ચિરપરિચિતા શાલભંજિકા! આહ, શોભાનો પણ ભાર હોય છે. પોતાની શોભાના ભારથી નમી પડી છે આ નાયિકાઓ, એમાં વળી ભારે અલંકરણ. મંદિરની દીવાલે આ નાયિકાઓ એક પછી એક જોઈ પેલા વૈષ્ણવ કવિ જેવી મૂંઝવણ થાય — કુમારી જુવતિ દુઈ કારે રાખે કારે ખુઈ — બંને કુમારિકાઓ છે, કોને રાખું ને કોને ખોઉં? અહીં તો અનેક છે. પોપટ સાથે વાત કરતી સુંદરી કે દર્પણમાં જોતી સુંદરી (અને એમને જોતાં અમે!) આ બધી નારીઓ કદાચ પુરુષના મનની ઝંખનાઓ છે! એ પવનની જેમ દુષ્પ્રાપ્ય છે. (વૈદિક કવિએ ઉર્વશીને મુખે આવું કહેવડાવ્યું છે!) રવિ ઠાકુરે એટલે ઉર્વશીને 'વિશ્વેર પ્રેયસી' કહી છે. જેને માટે ઝંખી ઝંખીને મરી જવાનું પણ એ તો મળે નહીં.' (દેવોની ઘાટી પૃ. ૧૯૦-૧૯૧)*

આસ્થાંજલિ

# વર્ગથી સ્વર્ગ સુધીની શબ્દયાત્રા...

**રાધેશ્યામ શર્મા**

જેમને ભૌતિક સુખસુવિધા
કરતાં
સ્વાધ્યાય પ્રવચનના
ઉમાશંકર ટાગોર દીક્ષિત
સ્વર્ગ
અ-ક્ષરમાં
પ્રશિષ્ટ અભિરુચિ હતી

વિદિશા-કાંચનજંઘાથી
આગળ
વિદેશનાં
સાહિત્ય કલાતીર્થોની
સંસ્કૃતિ
શુચિર્ભૂત લાગી

જાગી
માતૃભાષા ઉપરાંત
ભગિની ભાષાઓની
પ્રેરક 'પરબ'
માંડવાની મનીષા
જેવો શબ્દરસ
કાલિદાસ અજ્ઞેયનો
તેટલો
રિલ્કે લૉર્કાની
નિર્ઝરીનો

એક ડાળે
રઘુવીરના
શિક્ષક
'અધુના' હતા
સન્મિત્ર
તે
પરલોકના
અનન્ત
અખંડ
ચિર પ્રવાસી રૂપે
અવકાશની
અટ્ટાલિકાઓને હાલ
ખડખડાટ હાસ્યથી
જાણે ભરી રહ્યા છે...

અમદાવાદ, ૨૫-૫-૧૨

'પંજાબ નામ જે કારણે પડ્યું તે પંચ-આબપાંચ નદીઓ રાવી, ચિનાબ, બિયાસ, સતલજ અને જેલમમાંથી ચાર નદીઓ તો હિમાચલ પ્રદેશમાં વહી રહી છે. એ ચારેય નદીઓમાં વૈદિક નામ પરુષ્ણી, ચન્દ્રભાગા, વિપાશા, શતુદ્રુ બોલીએ એટલે એકદમ ભારતીય આર્ય સંસ્કૃતિના ઉષઃકાળમાં પહોંચી જઈએ. આ વિસ્તારની જ દોડતી નદીઓને જોઈને કદાચ વિશ્વામિત્ર ઋષિને નદીઓ માટે દોડતી જતી ધેનુઓની ઉપમા સૂઝી હશે.' દેવોની ઘાટી (દેવોની ઘાટી પૃ. ૩૮)

# મૂલ્યોની ત્રિવેણી : ભોળાભાઈ પટેલ

રાજેન્દ્ર પટેલ

જીવનમૂલ્ય, સૌંદર્યમૂલ્ય અને સંસ્કૃતિમૂલ્ય – એ ત્રણેયનું સાયુજ્ય ભોળાભાઈ પટેલમાં જોવા મળતું. એક સાહિત્યકારમાં સાહિત્યની, સમાજની એક સાથે આવી વ્યાપક નિસબત ભાગ્યે જ જોવા મળે. બે વર્ષ પૂર્વે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને 'વિશ્વ પરંપરા દિવસ' અંતર્ગત એક આખું અઠવાડિયું ઊજવેલું. તેમાં લાંબેશ્વરની પોળમાં આવેલા દલપતરામના શિલ્પથી દેસાઈની પોળમાં આવેલા અખાના શિલ્પ સુધી નગર કાવ્ય-યાત્રાનું પરિષદે આયોજન કરેલું. ભોળાભાઈને પગમાં મુશ્કેલી હતી તોય એ આખો વખત ચાલતા રહ્યા, એટલું જ નહીં કવિ પ્રિયકાન્ત મણિયારની દુકાન પાસે જઈ ફૂટપાથ પર એમના કાવ્યોનો પાઠ કરી, કવિનું ખૂબ ભાવથી સ્મરણ કર્યું. ચંદ્રવિલાસના ફાફડા-જલેબી ખાતા ખાતા મનહર મોદી, આદિલ મન્સૂરીને યાદ કર્યા. પિનાકીન ઠાકોર અને બુધસભાને યાદ કરી. ભોળાભાઈ જાણે એ સમયમાં જ સરી ગયા. એમના ચહેરા પરની એવી પ્રસન્નતા છેલ્લે રવીન્દ્ર મહોત્સવમાં જોવા મળી હતી. એક નખશિખ મનુષ્ય અને ભાષા-સાહિત્યને સંપૂર્ણ સમર્પિત સાહિત્યકાર કેવા હોઈ શકે એનું જાણે આદર્શ ઉદાહરણ એ હતા.

હમણાં યોજાયેલા રાષ્ટ્રીય પુસ્તક-મેળાના 'લેખક સાથે મુલાકાત' નામના કાર્યક્રમમાં ભોળાભાઈએ બંગાળી ભાષામાં રવીન્દ્રનાથના અને જીવનાનંદ દાસના કાવ્યોનું મૌખિક પઠન કરેલું. એ સાંભળી શ્રોતાઓમાં બેઠેલા એક સામાન્ય વ્યક્તિએ ઊભા થઈ જાહેર કરેલું કે ''આજે હું નિર્ધાર કરું છું કે હવેથી હું બંગાળી ભાષા શીખીશ. કારણ કે કેટલી સરળ, સહજ અને મધુર છે આ ભાષા !''

આમ તો એ શ્રેષ્ઠ આસ્વાદક. જીવનાનંદ દાસની કવિતા વનલતાસેનનો આસ્વાદ ભોળાભાઈ પાસે સાંભળવો એય એક સર્જનાત્મક અનુભવ. એક-એક કલ્પન અને કવિ-સંવેદનાઓ એ જે સહજ ખોલી મૂકે તે પ્રક્રિયા જ આસ્વાદક એવી હોય કે ચિત્તમાં કાયમ અંકે થઈ જાય. સૌંદર્યલક્ષી અભિગમ અને કૃતિ વિશેષોને પોતાની રીતે મૂકવાની ફાવટ સમગ્ર કાવ્યને જુદા જ પરિમાણે મૂકી આપે. એમની આસ્વાદમૂલક અભિવ્યક્તિમાં એમનો સાત-સાત ભાષા સાથેનો જીવંત સંદર્ભ ઉમેરાતો હોય છે. ત્યારે કૃતિ એક નવી જ ભૂમિકાએ અવગત થતી રહે છે. એટલે જ એ આસ્વાદમૂલક સમીક્ષાઓ વિસ્મયથી થઈ જતી હોય છે.

એ પ્રશિષ્ટના આગ્રહી એટલા જ અનુરાગી. કાલિદાસના સાહિત્યને નિત્ય પરિશીલનમાં સેવ્યું છે. પ્રશિષ્ટ તરફી શૈલીમાં એમની રસિકતા પણ ઉમેરાય એટલે એક નવી ભૂમિકા સાંપડે. આવા પ્રશિષ્ટના આગ્રહી ભોળાભાઈ સાહિત્યના નવસાહસિકોની સતત પડખે રહેતા. પ્રેમથી બધું બતાવે. એમની સાહિત્ય પદાર્થ માટેની વ્યાપક નિસબત હતી.

એક વાર હું રવીન્દ્રનાથ અને શ્રી અરવિંદનાં કાવ્યોનો તુલનાત્મક અભ્યાસ કરવાનું સાહસ કરી બેઠો. વચ્ચે અટવાયો. મૂંઝાયો. ભોળાભાઈને વાત કરી. બીજે દિવસે બે-ત્રણ દળદાર પુસ્તકોમાં ફ્લેપ મૂકી, રિક્ષામાં બેસી જાતે મને આપવા આવ્યા. કહે 'અહીં આ જુઓ, અહીં આ વાંચો.' મારા માટે નવી બારી ખૂલી અને મારો લેખ સરસ રીતે પૂરો થયો.

ભોળાભાઈ હોય એટલે વાતાવરણ આખું હર્યુંભર્યું અને લીલુંછમ રહે. તાજગીસભર રહે.

વિનોદ અને માર્મિક સંવાદોથી સમય ક્યાં ચાલ્યો જાય સરત જ રહે નહીં. એમની વિષય પરત્વેની તત્ત્વસમૃદ્ધિ હંમેશાં કશુંક ને કશુંક નવું દર્શાવે રાખે. હંમેશાં નવા વિચારો લઈને આવે. ભોળાભાઈનું વ્યક્તિત્વ જ ખૂબ મધુર. એક સંસ્કારિતા અને વિદ્યાપુરુષની છબિ હંમેશાં મળનારના ચિત્તમાં ઝિલાતી રહેતી. એમને પ્રવાસ-પુરુષ પણ કહેવામાં આવે છે એ યોગ્ય જ છે. અનેક પ્રવાસો કર્યા. 'વિદિશા'થી આરંભાયેલી આ પ્રવાસનિબંધોની યાત્રા નિરંતર ચાલુ રહી. એમના પ્રવાસનિબંધો કેવળ પ્રવાસ-વર્ણન કે પ્રવાસ-કથન ન રહેતા સંસ્કૃતિ-વિશેષ સંદર્ભો એમાંથી સતત અવગત થતા રહે છે. એ રીતે કાકાસાહેબ પછીના આ નિબંધો ગુજરાતી ભાષાનું ઘરેણું બની રહ્યાં.

એક અર્થમાં ભોળાભાઈ જીવનપર્યંત ઉત્તમ શિક્ષક રહ્યા. એમના શિષ્યોને જે રીતે એમણે તૈયાર કર્યા છે એ જોતાં એક ઉત્તમ પરંપરાને એમણે જીવતી રાખી છે. એમણે માત્ર માર્ગદર્શન નથી આપ્યું, પણ દિશાદર્શન આપ્યું છે. માર્ગદર્શન આપનારા વડીલો મળી જ રહે છે, પણ દિશાદર્શન પૂરું પાડનારા કોઈક જ હોય છે. એ પોતે એટલા બધા અંદરથી સમૃદ્ધ હતા કે સહજ રીતે એ બીજાઓ પાસે સાહિત્ય-સમૃદ્ધિ વહેંચતા રહેતા. એ માત્ર નૈતિક મૂલ્યો સુધી સીમિત ન રહેતાં હંમેશ સૌંદર્યલક્ષી અભિગમને કેન્દ્રસ્થ બનાવતા. એમના વ્યક્તિત્વમાં એવું કશુંક હતું જે આસપાસ બધું સજીવન કરી મૂકતા. મુક્ત હાસ્ય, વિનોદમાં રમમાણ, પ્રખર બૌદ્ધિક એટલા જ સહૃદયી અને સહજ – આવા ભોળાભાઈ નથી ત્યારે ગુજરાતી સાહિત્યે વિશાળ વડલાનો છાંયો ખોયાની વેદના ઊભરી આવી છે.

૧૯૩૪માં સોજા ગામમાં જન્મેલા ભોળાભાઈ, ૧૮ વર્ષની વયે શિક્ષક બન્યા. અને ઉત્તરોત્તર છેવટે ભાષાભવનના હિન્દી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. એક અર્થમાં એ નિવૃત્ત થયા જ નહોતા. આજીવન મુઠ્ઠી ઊંચેરા શિક્ષકની ભૂમિકા સતત ભજવતા રહ્યા. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી એ મધ્યકાલીન સાહિત્યનો ગંભીર અભ્યાસ રજૂ કરે છે, તો સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે અનેક ભારતીય ભાષાઓ વચ્ચે સેતુ રચે છે. શાંતિનિકેતનમાં એક વર્ષ એ ફેલો તરીકે રહ્યા અને બંગાળી ભાષાના ઉત્તમ કવિઓને આપણી સમક્ષ મૂક્યા. તુલનાત્મક અભ્યાસ એ એમનો રસનો વિષય રહ્યો એટલે બહુપરિમાણીક અભ્યાસ અને આસ્વાદ એમની પાસેથી સતત મળતા રહ્યા. અજ્ઞેય પરનો એમનો શોધનિબંધ સર્વત્ર આવકાર પામ્યો. એટલું જ નહીં એમના શિષ્યોને એમાંથી સતત અભ્યાસ કરવાની એક પ્રેરણા આપતો રહ્યો.

પદ્મશ્રીથી કેન્દ્ર સરકારે પોંખ્યા. રણજિતરામ સુવર્ણ ચંદ્રક, દર્શક અને સચ્ચિદાનંદ એવૉર્ડ એમને પ્રાપ્ત થયા. કે. કે. બિરલા ફાઉન્ડેશનની બિરલા ફેલોશિપ પણ એમને પ્રાપ્ત થઈ હતી. 'દેવોની ઘાટી' માટે સાહિત્ય અકાદમીનું પારિતોષિક હોય કે પછી અનુવાદનું, ભોળાભાઈનું કામ હંમેશાં પોંખાયું છે. ગુજરાતી સાહિત્યમાં અનુવાદક તરીકેનું એમનું શ્રેષ્ઠ પદાર્પણ રહ્યું છે. એટલું જ નહીં આવનારી પેઢી માટે દિશાસૂચનરૂપ બન્યું છે. એમના અવસાન પછી દેશ-પરદેશથી શોક-સંદેશાઓ જે આવ્યા છે, એ જોઈ હવે સમજાય છે એમનો સૌથી મોટો એવૉર્ડ વિશ્વભરના લોકોની આ ભાવાંજલિઓ છે.

એક તરફ પોતાના ગુરુ શ્રી ઉમાશંકર જોશી. નગીનદાસ પારેખના સંસ્મરણો ટાંકે, બીજી બાજુ એ ભારતીય સાહિત્યના ઉત્તમ સર્જકોની કૃતિઓ ચીંધે, ત્રીજી તરફ પોતાના સમકાલીન સાહિત્યકારો પ્રત્યે સંવાદ સાધે અને ચોથી તરફ નવસર્જકોને હૂંફ આપે. ભોળાભાઈ નથી, પણ એમની આ પદ્ધતિ અને નિસબત આપણી વચ્ચે જીવંત રહેશે ત્યાં સુધી એ ક્યારેય નહીં ભુલાય. એટલે જ કદાચ હવે એ નથી ત્યારે આપણું આપણી ભાષા અને સાહિત્ય પરત્વે દાયિત્વ અનેકગણું વધી ગયું છે.

અસ્તુ.

# આપણા ભોળાભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા !

**રતિલાલ બોરીસાગર**

અત્યારે હું મારા ચિત્તના આલબમમાં સંઘરાયેલી ભોળાભાઈની વિવિધ છબિઓ જોઈ રહ્યો છું. આમાં છેલ્લી છબિ છે – ગઈ સાતમી મેની. રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત રવીન્દ્ર-મહોત્સવની પૂર્ણાહુતિની સંધ્યાનો એ સમય. ભોળાભાઈ અને ભગતસાહેબનાં વક્તવ્યોથી મહોત્સવનું સમાપન થવાનું હતું. પરિષદ આયોજિત રવીન્દ્ર-મહોત્સવ અને મ્યુનિસિપલ કોર્પોરેશન આયોજિત પુસ્તકમેળો – સમાન્તરે ચાલતા હતા. પુસ્તકમેળામાં પણ દરરોજ સરસ વક્તવ્યો યોજાતાં હતાં. પુસ્તકમેળામાં રવીન્દ્ર-મહોત્સવની પૂર્ણાહુતિના દિવસે એ જ સમયે જાણીતા કવિ અને નિબંધકાર ભાગ્યેશ જહા, પ્રેમાનંદની પેઠે હાસ્ય અને કરુણને સાથેસાથે રાખી શકનાર લોકસાહિત્ય મર્મજ્ઞ ભીખુદાન ગઢવી, પોતાની કવિતાથી ગુજરાતી ભાષાને ન્યાલ કરનાર કવિ રાજેન્દ્ર શુક્લ, ગુજરાતને 'વિચાર'નો મહિમા સમજાવનાર ચિંતક ગુણવંત શાહ અને ગુજરાતને સતત હસતું રાખનાર હાસ્યકાર વિનોદ ભટ્ટનાં વક્તવ્યો હતાં. કવિ અંકિત ત્રિવેદીનું સંચાલન હતું. પુસ્તકમેળાનો પણ એ છેલ્લો કાર્યક્રમ હતો. બે ઉત્તમ કાર્યક્રમો – બંનેમાં ઉત્તમ વક્તાઓ ! મારી તબિયતને કારણે સામાન્ય રીતે સાંજના કાર્યક્રમોમાં હવે જઈ શકાતું નથી. પણ એ દિવસે એક કાર્યક્રમમાં તો જવાનું જ હતું. – 'જાયે તો જાયે કહાઁ'ની થોડી દ્વિધા અનુભવી. પણ પરિષદના સક્રિય કાર્યકર તરીકે પરિષદના કાર્યક્રમમાં જવાનું મારું કર્તવ્ય હતું. એક સ્થળે આનંદનું કર્તવ્ય હતું – બીજા સ્થળે કર્તવ્યનો આનંદ હતો. આનંદ બંને જગ્યાએ હતો. કોઈ પણ પ્રકારની ગણતરી વગર, અંગત લાભના ખ્યાલ વગર કરાતા કર્તવ્યનો એક આનંદ હોય છે. એ કર્તવ્ય વ્યક્તિ પરત્વેનું હોય કે સંસ્થા પરત્વેનું.

રવીન્દ્ર-મહોત્સવની પૂર્ણાહુતિના પ્રસંગે ભગતસાહેબ અને ભોળાભાઈને સાંભળીને ન્યાલ થઈ ગયો. શ્રવણોત્સવ વખતે મનમાં સતત ચાલતું હતું : આ બંને મહાનુભાવો ગુજરાતનાં કીમતી રત્નો છે. ગુજરાત આજે જે કેટલાક સાહિત્યકારોથી ઊજળું છે, એમાં આ બંને અગ્રિમ હરોળમાં વિરાજે છે. વક્તવ્યોની સમાન્તરે મારી ચેતનામાં આવાં સ્પંદનો જાગતાં હતાં. ત્યારે ક્યાં ખબર હતી કે ભોળાભાઈને આજે હું છેલ્લી વાર સાંભળી રહ્યો છું – સાંભળી જ નહિ, છેલ્લી વાર જોઈ રહ્યો છું ! પરિષદના ગોવર્ધન ભવનમાં ભગતસાહેબની જોડે બેઠેલા ભોળાભાઈની છબિ મારા ચિત્તના આલબમમાં જડાઈ ગઈ છે. રવીન્દ્રનાથ વિશે બોલતાં બોલતાં જાણે રવીન્દ્રમય થઈ ગયા હતા ! રવીન્દ્રનાથની પંક્તિઓની પંક્તિ એમના મુખેથી અવતરી રહી હતી. દમયંતીના હાથ અમૃતસ્રવિયા હતા એમ પ્રેમાનંદે 'નળાખ્યાન'માં કહ્યું છે. સાહિત્યકૃતિનું રસપાન કરાવતી ભોળાભાઈની જીભ પણ અમૃતસ્રવા હતી. પ્રત્યેક ઉચ્ચારણે જાણે અમૃતનો સ્રાવ થતો હતો. એ પછી ઉમાશંકર જોશીની કૃતિઓનો રસાસ્વાદ કરાવતા હોય કે રવીન્દ્રનાથની કે કાલિદાસની – પ્રત્યેક ઉચ્ચારણે શબ્દકમળનું દલેદલ ખૂલતું આવે ને શ્રોતાનું ચિત્ત

સાહિત્યની સુગંધથી તરબતર થઈ જાય ! આ લખતી વખતે ભોળાભાઈનાં અનેક પ્રવચનોના પડઘા મારા ચિત્તમાં સંભળાઈ રહ્યા છે.

– આ છેલ્લી છબિનું દર્શન કરતાં-કરતાં મારું મન દૂરના ભૂતકાળનું દૃશ્ય જોઈ રહ્યું છે. – કદાચ ભોળાભાઈને નજીકથી જોવાનો એ પહેલો પ્રસંગ હતો. સાલ હતી ૧૯૭૬ની. જામનગર જિલ્લાના અલીઆબાડા મુકામે સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર હતું. આ પહેલાં સાહિત્ય પરિષદના કોઈ અધિવેશન કે જ્ઞાનસત્રમાં ગયો નહોતો. ગુજરાતી સાહિત્યના સર્જકો-વિવેચકોને પરોક્ષ રીતે નજીકથી ઓળખતો હતો. મારા અમદાવાદના વસવાટનાં બે વર્ષના એ સમયગાળામાં કેટલાકને પ્રત્યક્ષ રીતે મળવાનું બન્યું હતું. પણ સ્વભાવમાં સંકોચ એવો કે સહજ રીતે પરિચય થાય તો જ વાત બને. ઇચ્છા હોય તોયે સામેથી ઓળખાણ કરવાની હિંમત જ ન ચાલે ! એટલે સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર કે અધિવેશનમાં જવાનું કોણ જાણે ક્યારે બનત ! પણ અલીઆબાડા શિક્ષણની તીર્થભૂમિ ! સ્વ. ડોલરરાય માંકડે સ્થાપેલી ગંગાજળા વિદ્યાપીઠના દરબારશ્રી ગોપાળદાસ મહાવિદ્યાલયમાં હજુ પાંચ-છ વરસ પહેલાં જ મેં બી.એડ્. કર્યું હતું. યજમાન સંસ્થામાં બધાં જ મને ઓળખતાં હતાં. જ્ઞાનસત્રમાં જનારા લેખકોમાં વિનોદ ભટ્ટ સાથે નિકટતા સ્થપાતી જતી હતી. પરિષદ તરફથી શરૂ થયેલું જ્યોતીન્દ્ર દવે પારિતોષિક આ જ્ઞાનસત્રમાં પહેલવહેલું વિનોદ ભટ્ટને મળવાનું હતું. આટલી ભૂમિકાના આધારે હું અલીઆબાડા જઈ રહ્યો હતો. સવારની છ કે સાત વાગ્યાની આસપાસની બસ હતી. બસ સ્ટૅન્ડે ભોળાભાઈ પટેલ અને સુભાષ શાહ મળ્યા. ભોળાભાઈને આ અગાઉ અલપઝલપ જોયા હતા. એટલે હું દીઠે એમને ઓળખતો હતો. મેં નમસ્તે કર્યાં. મારું નામ કહ્યું. એ વખતે મારું એક પણ પુસ્તક પ્રકાશિત થયું નહોતું – લેખો પણ વરસે દહાડે માંડ એકાદ-બે છપાય. એટલે લેખક તરીકે તો મને ઓળખવાનો પ્રશ્ન જ નહોતો. પણ પાઠ્યપુસ્તક મંડળમાં નટુભાઈ રાજપરાની જગ્યાએ હું જોડાયો છું એટલું એ જાણતા હતા. પહેલી જ મુલાકાતમાં ભોળાભાઈની ઉષ્માનો જે પરિચય થયો એની છાપ હજુ લીલી છે ! એમણે સુભાષભાઈની ઓળખાણ કરાવી. ગુજરાતી સાહિત્યમાં શરૂ થયેલા નવા પ્રવાહના અગ્રણીઓમાંના એક તરીકે હું સુભાષભાઈને પણ ઓળખતો હતો.

અમે બસમાં ચડ્યા. ભોળાભાઈ અને સુભાષભાઈની બરાબર પાછળની સીટમાં હું ગોઠવાયો. રાજકોટ સુધીના પ્રવાસ દરમિયાન ભોળાભાઈ અને સુભાષભાઈ જે ખીલ્યા હતા ! આજેય ભોળાભાઈના હાસ્યના પડઘા સંભળાય છે. આટલાં વરસમાં વિવિધ પ્રસંગોએ સાંભળેલા ભોળાભાઈના મુખર હાસ્યનું લાંબું ધ્વનિમુદ્રણ મારા ચિત્તમાં સંઘરાયેલું છે. એ પછી ઘણા વખતે રઘુવીરભાઈ (રઘુવીર ચૌધરી)ના કોઈ લેખમાં વાંચેલું કે ભાયાણીસાહેબ અને ભોળાભાઈના હાસ્યના ધક્કાથી બંધ પડી ગયેલી મોટર પણ ચાલુ થઈ જાય ! આવા હાસ્યનો એ પ્રથમ સાક્ષાત્કાર હતો. પાંચેક કલાકની એ મુસાફરી દરમિયાન હું એ બંનેની હાસ્યગોષ્ઠિ માણતો રહ્યો. વિદ્વત્તાના કોઈ ભાર વગર નાના બાળકની જેમ ખડખડાટ હસતા ભોળાભાઈની પહેલી છબિ અને રવીન્દ્રનાથ વિશે વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કરતા ભોળાભાઈની છેલ્લી છબિ વચ્ચે મારા ચિત્તમાં ભોળાભાઈની કેટકેટલી છબિઓ સચવાયેલી છે !

ભોળાભાઈ સાથે તદ્દન સહજ રીતે નિકટતા વધતી ગઈ. પાઠ્યપુસ્તક મંડળમાં હિન્દી વિષયનાં પાઠ્યપુસ્તકો નિમિત્તે યોજાતી રહેતી મિટિંગોમાં મળવાનું થતું રહ્યું; સાહિત્ય પરિષદમાં મારી સક્રિયતા વધી એ કારણે એમની નજીક જવાનું બન્યું; અમારાં ઘર નજીક નજીક એ કારણે પણ

નજીક આવવાનું બન્યું. ૧૯૯૬ની સાલમાં 'ગૂર્જર હાસ્ય નિબંધ સંચય'નું સંપાદન અમે સાથે કર્યું. ભોળાભાઈ જેવા મોટા સાહિત્યકાર સાથે મારું નામ જોડાયું એટલે હું તો રાજી રાજી હતો. પણ હું સમજતો હતો કે હાસ્ય ભલે મારું ક્ષેત્ર રહ્યું, પણ મુખ્ય સંપાદક તો ભોળાભાઈ જ ગણાય. એટલે કૃતિઓની આખરી પસંદગી ભોળાભાઈની જ હોય. કૃતિઓની કાચી યાદી તૈયાર કરી એ બતાવવા અંગે મેં ભોળાભાઈને ફોન કર્યો. ભોળાભાઈ કહે, 'તમે જે કૃતિઓ પસંદ કરો તે શિરોમાન્ય !' કેટલો વિશ્વાસ! છતાં મારા આગ્રહને વશ થઈ એમણે યાદી જોઈ. પણ એ તો ઔપચારિકતા જ હતી. મારી યાદીને જ એમણે પ્રેમપૂર્વક માન્ય રાખી !

'ભારતીય સાહિત્યના નિર્માતાઓ' અન્વયે 'દિલ્હી સાહિત્ય અકાદેમી' તરફથી પુસ્તકોની શ્રેણી ચાલે છે. ભોળાભાઈ દિલ્હી સાહિત્ય અકાદેમી સાથે વર્ષો સુધી સંકળાયેલા રહ્યા હતા. એમના સૂચનથી 'રમણભાઈ નીલકંઠ' વિશે પુસ્તિકા લખવાનું મને સોંપાયું. મારા માટે આ નવું ક્ષેત્ર હતું. હું સહેજ ખંચકાયો તો ભોળાભાઈએ પોરસ ચડાવ્યો. મેં રમણભાઈ વિશે સ્વાધ્યાય કરી પુસ્તિકા લખી. રઘુવીર ચૌધરી પરામર્શક હતા. એમણે પુસ્તિકા અંગે રાજીપો વ્યક્ત કરી મંજૂરીની મહોર મારી. પણ અકાદમીએ નક્કી કરેલા પુસ્તિકાના પરિરૂપના ઉપલક્ષ્યમાં પાનસંખ્યા વધુ હતી. અકાદમી તરફથી સંક્ષેપ કરવાનું સૂચવાયું. ભોળાભાઈએ સંક્ષેપીકરણમાં પોતાની પુસ્તિકા હોય એ રીતે રસ લીધો !

'અખંડ આનંદ'માં હું સહતંત્રી હતો, ત્યારે જ્યારે જ્યારે એમના લેખનો ખપ પડ્યો ત્યારે ત્યારે ભોળાભાઈએ અચૂક મારી વિનંતી ગ્રાહ્ય રાખી હતી. હું કહું કે લેખ તૈયાર થાય ત્યારે ફોન કરજો – હું લઈ જઈશ. મને યાદ છે – એકાદ-બે વાર લેખ લઈને ભોળાભાઈ સ્વયં મારે ઘેર હાજર. આવવાની જાણ કરે તો લેખ માટે ધક્કો ખાવાની હું ના જ પાડું. એટલે જાણ કર્યા વગર જ ઓચિંતા આવી ચડે. ભોળાભાઈ મારે ઘેર આવે એ મારે માટે રળિયામણી ઘડી જ હોય, પણ લેખ આપવા માટે એમના જેવા મોટા સાહિત્યકાર મારે ઘેર ધક્કો ખાય તેનો મને સંકોચ થાય. હું એ સંકોચ પ્રગટ પણ કરું; પણ એ તો હસતાં હસતાં પળવારમાં સંકોચ ઉડાડી દે. કહે, 'હું તો ચાલવા નીકળ્યો હતો – થયું ચાલો, બોરીસાગરની ચા પીએ.' એક વાર તો એક ફોટોગ્રાફ લઈને મારે ઘેર ઓચિંતા આવી ચડ્યા. વર્ષો પહેલાં કેટલાક સાહિત્યકારો નર્મદા યોજના અન્વયે કેવડિયા કોલોનીના પ્રવાસે ગયા હતા. એમાં હું પણ હતો. ફોટોગ્રાફ નર્મદાસ્નાન કરતા સાહિત્યકારોનો હતો. સાહિત્યમાં તો હું કેન્દ્રસ્થાને નથી, પણ એ ફોટોગ્રાફમાં હું કેન્દ્રસ્થાને હતો ! ભોળાભાઈ કહે 'તમારો સરસ ફોટો છે – આજે ફોટા જોતાં મળી આવ્યો તો થયું તમને પહોંચાડું.' ફોટોગ્રાફની પાછળ તુલસીદાસની પંક્તિ 'ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીર''ની પ્રતિપંક્તિ પણ પોતાના હસ્તાક્ષરમાં લખીને આપી.

ભોળાભાઈ પરિષદ પ્રમુખ થાય એવી મારી વર્ષોથી ઇચ્છા હતી; ઇચ્છા જ નહિ, ઝંખના હતી એમ જ કહો ને ! પણ એક વાર બન્યું એવું કે પ્રમુખ તરીકે ભોળાભાઈનું નામ સૂચવવાના કાગળ પર સહી કરવાની મેં જ ના પાડી ! વાત એમ હતી કે પરિષદના બંધારણ પ્રમાણે જે વ્યક્તિનું નામ પરિષદના ઓછામાં ઓછા દસ આજીવન સભ્યો દ્વારા સૂચવાય એ વ્યક્તિ જો સંમતિ આપે તો એ વ્યક્તિ પ્રમુખપદના ઉમેદવાર બને. ઈ. સ.૨૦૦૭માં ભોળાભાઈનું નામ સૂચવાયું ત્યારે હું પરિષદનો વહીવટી મંત્રી હતો. પરિષદના બંધારણ પ્રમાણે પ્રમુખની ચૂંટણીનું સંચાલન કરવા માટે સ્વતંત્ર ચૂંટણી અધિકારી હોય છે. આમ છતાં,

વહીવટી મંત્રીએ ચૂંટણી અધિકારીને વહીવટી સહાય કરવાની હોય છે. વહીવટી મંત્રીએ કોઈ વ્યક્તિનું નામ સૂચવવામાં ભાગ લેવાય ? – આ મને થયેલો પ્રશ્ન હતો. બંધારણીય રીતે એમ કરવામાં કશું જ ખોટું નહોતું. ભોળાભાઈ પરિષદ પ્રમુખ બને એમ હું હૃદયથી ઇચ્છતો હતો. છતાં વહીવટી મંત્રી પક્ષકાર બને એ મને ઇચ્છવાયોગ્ય નહોતું લાગતું. જેમનાં નામ સૂચવાય એ બધાંમાં સહી કરવાનો કોઈ અર્થ નહોતો. એટલે મેં નક્કી કરેલું કે કોઈ પણ નામના અનુમોદનમાં મારે સહી ન કરવી. સૌ પહેલાં ભોળાભાઈનું નામ સૂચવતો કાગળ મારી પાસે આવ્યો ! ભોળાભાઈ સાથેની મારી આત્મીયતા સૌ જાણતા હતા. અને છતાં સહી કરવાની મેં ના પાડી. નામની દરખાસ્તનો કાગળ રજૂ કરનાર અનિલાબહેન (અનિલા દલાલ) આંચકો ખાઈ ગયાં. રઘુવીરભાઈ મારા વલણથી નારાજ થયા. પણ મારે માટે નૈતિકતાનો પ્રશ્ન હતો. પરિષદનો વહીવટી મંત્રી નિષ્પક્ષ હોય એટલું પૂરતું નથી. એ નિષ્પક્ષ લાગવો પણ જોઈએ આવું હું માનું – એટલે હું મારા વલણમાં મક્કમ રહ્યો. વાત પૂરી થઈ ગઈ.

વાત તો પૂરી થઈ પણ મને ક્યાંય ચેન ન પડે. ભોળાભાઈ આ જાણશે ત્યારે ? 'બ્રુટ્સ યુ ટુ?' એવી લાગણી એમને થશે તો ? હું ભોળાભાઈને મળ્યો. મારી નૈતિક આપત્તિની વાત કરી. આ વાતને લઈને મારા મન પરના ભારની વાત કરી. ભોળાભાઈ ખડખડાટ હસી પડ્યા. કહે : 'અરે બોરીસાગર, તમારો મારી પ્રત્યેનો પ્રેમ હું જાણું છું. આટલી-અમથી વાતમાં એ ડગી જાય એમ કેમ માનો છો ? તમે કશી જ ચિંતા ન કરો. તમે જે કર્યું છે તે યોગ્ય કર્યું છે.' આ કહેતી વખતે એમની આંખોમાં મારા પ્રત્યે જે પ્રેમ અને વિશ્વાસ છલકતા હતા એ જોઈ હું દંગ રહી ગયો.

એ વખતે પછી તો નારાયણભાઈ (નારાયણ દેસાઈ) પ્રત્યેના આદરને કારણે ધીરુભાઈ પરીખ અને કુમારભાઈ (કુમારપાળ દેસાઈ)ની સાથે ભોળાભાઈએ પણ પ્રમુખપદ માટેની ઉમેદવારી પાછી ખેંચી લીધી. પછીના વખતે એમની તબિયત સારી નહોતી. એટલે એમણે ઉમેદવારી કરવાની ના કહી. ભગવતીકુમાર શર્મા સર્વસંમતિથી પ્રમુખ બન્યા. એ પછી આ વખતે પ્રમુખ તરીકે ભોળાભાઈનું નામ સૂચવાયું છે એની મને ખબર પડી ત્યારે મેં અનિલાબહેનને સામેથી ફોન કર્યો અને કહ્યું, 'મારે ભોળાભાઈના નામ અંગેની દરખાસ્તમાં સહી કરવી છે ને તે પણ પ્રથમ દસમાં જ !'

'નવ સહી થઈ ગઈ છે.' અનિલાબહેને કહ્યું.

'દસમી સહી હવે મારી જ રાખજો. હું આવું છું.'

એ દિવસે મારે આંખનું નાનું એવું ઑપરેશન કરાવવાનું હતું. દસ વાગ્યે હૉસ્પિટલ પહોંચવાનું હતું. પણ હૉસ્પિટલમાં જતાં પહેલાં અનિલાબહેનને ઘેર ગયો. મારે ઑપરેશન માટે હૉસ્પિટલ પહોંચવાનું છે એ જાણી અનિલાબહેન નીચે ઊતરીને ઊભાં રહ્યાં. મેં દસમી સહી કરી. પ્રમુખપદ માટે સર્વસંમતિથી ભોળાભાઈની વરણી થઈ. તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ જૂનાગઢ મુકામે મળેલા પરિષદના ૪૬મા અધિવેશનમાં પૂ. મોરારિબાપુની અને ઉડિયા સાહિત્યકાર મનોજ દાસની ઉપસ્થિતિમાં ભોળાભાઈએ પરિષદનું પ્રમુખપદ ગ્રહણ કર્યું ત્યારે, ખરું કહું છું, ભોળાભાઈને થયો હશે એટલો જ, કદાચ તેથી થોડો વધારે આનંદ મને થયો હતો !

'સંદેશ'માં ઈ. સ. ૧૯૯૮થી ૨૦૦૩ સુધી મારી કૉલમ 'મરક મરક' ચાલી. ભોળાભાઈ નિયમિતપણે એ વાંચતા, ને મળવાનું થાય ત્યારે પ્રસન્નતા પણ પ્રગટ કરતા.

રસમર્મજ્ઞ ભોળાભાઈ મારા એકાદ પુસ્તકના પાછલા પૂંઠા પર પુસ્તક વિશે પેરેગ્રાફ લખી આપે એવી ઇચ્છા મારા મનમાં જન્મી. મેં ભોળાભાઈને વાત કરી. ભોળાભાઈએ હા પણ પાડી. પણ એમની અસ્વસ્થ તબિયતને કારણે એ ન બન્યું. પરંતુ, ઈ. સ. ૨૦૧૦માં મારું પુસ્તક 'ૐ હાસ્યમ્' પ્રગટ થવાનું હતું ત્યારે એ પુસ્તક સળંગ વાંચી જઈને ભોળાભાઈએ પાછલા પૂંઠા પર લખ્યું. લખાણ ટૂંકું છે. પણ એનો શબ્દેશબ્દ મારે માટે કીમતી છે. સર્જકને પોતાના સર્જન અંગે સાર્થકતાનો અનુભવ થાય એવું એ લખાણ છે. પાછલા પૂંઠા પર તો માત્ર પેરેગ્રાફ જ છે. પણ પછી 'દિવ્યભાસ્કર'ની એમની કૉલમમાં પુસ્તક વિશે બહુ ઉમળકાથી અને વિગતે લખ્યું.

* * *

વીસમી મેનો દિવસ ઊગ્યો. એ દિવસે પરિષદના કામ અંગે રઘુવીરભાઈને અને પછીથી ભોળાભાઈને હું મળવાનો હતો. બંને સાથે વાત કરવાની બાકી હતી. ત્યાં અગિયારને પાંચ-દસ મિનિટે વિદ્યાર્થીમિત્ર ભીખેશ ભટ્ટનો ફોન આવ્યો ને એ સાથે જ રાજેન્દ્ર (રાજેન્દ્ર પટેલ)નો મેસેજ આવ્યો : 'આપણા ભોળાભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા.' હૈયું ઘા ખાઈ ગયું. ટીવી પર આમીરખાનનો 'સત્યમેવ જયતે'નો શો ચાલતો હતો. પણ મન એમાં ન ચોંટ્યું. 'આપણા ભોળાભાઈ !' – રાજેન્દ્રના મેસેજના પૂર્વાર્ધમાં સૌનાં હૃદયનો ભાવ પ્રગટ થતો હતો. પણ મેસેજનો ઉત્તરાર્ધ 'હવે આપણી વચ્ચે નથી રહ્યા' જીરવી શકાય તેવો નહોતો. સત્યની જીત થાય છે એ તો શ્રદ્ધાની બાબત છે, પણ મૃત્યુની જીત થાય છે એ તો ટાળી ન ટળે એવી અફર હકીકત છે એનો એક વધુ વખત અનુભવ થયો. એ દિવસે ભોળાભાઈના ઘેર એકઠાં થયેલાં ભોળાભાઈનાં અનેક સ્વજનોના ચહેરા પર લાચારી થીજી ગઈ હતી. પરિષદમાં ભોળાભાઈના પાર્થિવ દેહનું અંતિમ દર્શન કરતી વખતે, અમે સ્મશાનમાં ભોળાભાઈના પાર્થિવ દેહને ભસ્મીભૂત થતો જોઈને, અને અત્યારેય રાજેન્દ્રનું વાક્ય મનમાં પડઘાયા કરે છે : 'આપણા ભોળાભાઈ હવે આપણી વચ્ચે નથી રહ્યા !'

૨૭ વર્ષના સંપાદનકાર્ય દ્વારા ભોળાભાઈએ 'પરબ'ને, તેમાં પ્રગટ થતી સામગ્રીનું વિરલ ચયન-સંપાદન, ભાવ-ભાષાથી સમૃદ્ધ એવા સંપાદકીય લેખોનું લેખન તથા 'પરબ' વિશેષાંકોનું સંપાદન – એવી ત્રિવિધ જવાબદારી સુપેરે બજાવીને 'પરબ'ને એક વિશિષ્ટ સાહિત્યિક સામયિકની મુદ્રા બક્ષી છે.

'પરબ'માં દર મહિને લખેલા સંપાદકીય લેખો એમના બે ગ્રંથો – 'આવ ગિરા ગુજરાતી' અને 'મળી માતૃભાષા મને ગુજરાતી'માં ગ્રંથસ્થ થયા છે. તો આવશ્યકતા અને યથાવકાશ અનુસાર એમણે વિવિધ સાહિત્ય-સ્વરૂપો, વિરલ સાહિત્યસર્જકો, સાહિત્યસિદ્ધાંત અને વિવિધ વિદ્યાશાખાઓનું વ્યાપક અને સઘન ચિંતન કરનારા ૧૯ 'પરબ' વિશેષાંકોનું સંપાદન કર્યું છે. એ પૈકી 'તત્ત્વજ્ઞાન અને વિવેચન-પરિસંવાદ', 'વાર્તા-વિવેચન', 'તુલનાત્મક કાવ્યશાસ્ત્ર', 'નર્મદ : આજના સંદર્ભમાં' તથા 'સદીનું સરવૈયું' તેમજ આઠમા, નવમા અને દસમા દાયકાના સાહિત્ય વિશેના વિશેષાંકો સ્મરણે ચઢે છે.

– રમેશ ર. દવે

# ભોળાભાઈ પટેલનું વિચાર-વિશ્વ

**મહાવીરસિંહ ચૌહાણ**

ભોળાભાઈ પટેલ ભારતીય પરંપરાને આત્મસાત કરી પોતાના સર્જન અને વિવેચનનો એક મોટો વારસો ગુજરાતી સાહિત્યને સોંપી ગયા છે. તેઓ ગુજરાતીના એવા રચનાકાર છે જેમની ઉચ્ચકોટિની સાધનાનો સાહિત્ય પર સ્થાયી પ્રભાવ દેખાઈ આવે છે. ભોળાભાઈના લેખનમાં ઊંડી માનવીય સંવેદના અને પરિષ્કૃત સૌંદર્યાભિરુચિની સાથોસાથ સાંસ્કૃતિક તત્ત્વોની વિવિધતા અને વિપુલતા જોવા મળે છે. તેમનો જન્મ મહેસાણા જિલ્લાના એક નાનકડા ગામમાં થયો. આમ તો એમના પિતા પ્રાથમિક શાળાના શિક્ષક હતા છતાં ઘરમાં ભણવા-લખવાનું એવું કોઈ ખાસ વાતાવરણ નહોતું. માતા-પિતાની કોઈ મહત્ત્વાકાંક્ષાની પૂર્તિના સ્વપ્ન વગર જ ભોળાભાઈએ પોતાનું ભણતર શરૂ કર્યું. એ જ રીતે જે રીતે કોઈ બીજ અંકુરિત થાય, માટી, પાણી, હવા, તડકાનો આશ્રય પામીને. કોઈ છોડવું ઊછરે જેમ ખુલ્લા આકાશ તળે ને પોતાની શાખાઓ પ્રસરાવે અને વણવિચાર્યે જ વિચારવા લાગે કે એનો જન્મ થયો જ એ માટે છે કે એ આકાશની અનંતતા આંબી જાય.

વાત એ દિવસોની છે જ્યારે તે નવમા કે દસમા ધોરણમાં ભણતા હતા. કોઈ સંદર્ભે એમના કોઈ શિક્ષકે રવીન્દ્રનાથ અને શાંતિનિકેતન વિશે વર્ગમાં માહિતી આપી. કહ્યું કે : રવીન્દ્રનાથ બંગાળી ભાષાના મોટા ગજાના કવિ છે પણ આજે તેઓને સમગ્ર ભારત પોતાના આગવા કવિ તરીકે ઓળખે છે. એમની કવિતાના પડઘા તો યુરોપમાં પણ સંભળાયા એટલે તો એમને વિશ્વપ્રસિદ્ધ નોબેલ પારિતોષિકથી સમ્માનિત કરવામાં આવ્યા. એમને મળેલ આ સમ્માને દરેક ભારતીયનું મસ્તક ગર્વથી ઊંચું કરી દીધું, કારણ એ દિવસોમાં આપણો દેશ ગુલામ હતો વગેરે... વગેરે... ભોળાભાઈ શાળાએથી ઘરે પહોંચ્યા ને મેટ્રિક કર્યા પછી શાંતિનિકેતનમાં ભણવાની ઇચ્છા દર્શાવતો એક પત્ર લખી નાંખ્યો. પત્રનો કોઈ જવાબ ન મળ્યો ને વાત આખી સમયમાં ઓગળી ગઈ. આ વાત ઓગણીસો એકાવનની આસપાસની છે. ઈ. સ. ૧૯૮૨માં તેમને વિશ્વભારતીના કુલપતિનો પત્ર મળ્યો. તેમને વિશ્વભારતીએ એક વર્ષ માટેની ફેલોશિપ આપી હતી. ભોળાભાઈએ ઉમાશંકર જોષીને પોતે ભૂતકાળમાં શાંતિનિકેતનને લખેલ પેલા પત્રની વાત કરી ત્યારે ઉમાશંકર જોષીએ તેમને હસતાં હસતાં કહ્યું કે 'આટલા વર્ષે પણ તમારા પત્રનો જવાબ મળ્યો ખરો.'

પણ એ વાત યાદ રાખવા જેવી છે. કે '૫૧ અને '૮૨ વચ્ચે જે ૩૦-૩૨ વર્ષનો ગાળો ભોળાભાઈએ પસાર કર્યો તે કઠોર સાહિત્ય સાધનાનાં વર્ષો હતાં. આ વર્ષોમાં તેમણે માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહીં બલકે ભારતીય સાહિત્યમાં પણ નામના પ્રાપ્ત કરી લીધી હતી. આ વર્ષોમાં જ એમણે બાંગ્લા ભાષા શીખી. અસમિયા અને મરાઠી જેવી ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અંગ્રેજીમાં તો એમની પાસે એમ.એ.ની ડિગ્રી હતી જ. જર્મન ભાષા પણ શીખ્યા. સંસ્કૃત ભાષા ને સાહિત્યના તો તેઓ નિષ્ણાત હતા જ. હિન્દી ભાષા અને સાહિત્યમાં તેમણે પોતાનું આગવું સ્થાન બનાવ્યું હતું. એટલે ઈ. સ. '૮૨માં ભોળાભાઈ શાંતિનિકેતનમાં પહોંચ્યા તે પહેલા તેમનો યશ ત્યાં પહોંચી ચૂક્યો હતો.

આ ત્રીસ-બત્રીસ વર્ષના ગાળામાં ભોળાભાઈએ વિવિધ ભારતીય ભાષાઓના સાહિત્યનો ઊંડો અભ્યાસ કરી તુલનાત્મક સાહિત્યના ક્ષેત્રમાં જે યોગદાન આપ્યું તે વિશિષ્ટ અને મહત્ત્વપૂર્ણ છે. આ ક્ષેત્રમાં એમના કાર્યને શિશિરકુમાર દાસ અને અમીયદેવ જેવા વિદ્વાનો સાથે સરખાવી શકાય પણ ભોળાભાઈનું કાર્ય થોડા જુદા પ્રકારનું છે. શિશિરકુમાર દાસ કે અમીયદેવ ભારતીય ભાષાઓના સાહિત્યના અંગ્રેજીના અનુવાદ સાથે કામ કરે છે. ભોળાભાઈ સાહિત્યના ઊંડા અભ્યાસુ હતા. તેઓ તુલનાત્મક સાહિત્યનું કામ અંગ્રેજીના માધ્યમથી કરી શક્યા હોત પણ એમણે જુદો માર્ગ અપનાવ્યો. પ્રયત્નપૂર્વક ભારતની અનેક ભાષાઓ શીખ્યા અને વિવિધ ભાષાઓની મૂળ કૃતિઓના આધારે તેમની વિશિષ્ટતાઓ વિશે વાત કરી. ભોળાભાઈનું આ કાર્ય જેટલું અઘરું છે એટલું જ મહત્ત્વનું છે. તે એટલે કે તુલનાત્મક સાહિત્યના દેશના પ્રમુખ અધ્યેતા અમીયદેવ ભારતને વિવિધ ભાષાઓમાં રચાયેલ સાહિત્યની તે જ રચનાઓને ભારતીય સાહિત્ય તરીકે ઓળખાવે છે, જેનો અંગ્રેજી અનુવાદ થયેલ હોઈ ? ભોળાભાઈ અમીયદેવની આ માન્યતાનું વૈચારિક સ્તર પર ખંડન કરતા નથી. તેમણે આ વિષયક કોઈ ચર્ચા પણ કરી નથી, છતાં તે ભારતની વિવિધ ભાષાઓનું અધ્યયન કરી એ વાતને પુષ્ટી આપે છે કે બંગાળી, અસમિયા, મરાઠી, ગુજરાતી કે હિન્દી વગેરે ભાષાઓમાં લખાયેલ સાહિત્ય અંગ્રેજી અનુવાદ વગર ભારતીય સાહિત્યની શ્રેણીમાં જ આવે છે. કોઈ સમયે ઉમાશંકર જોષીએ કહ્યું હતું કે : હું ગુજરાતીમાં લખનાર ભારતીય સાહિત્યકાર છું. ભોળાભાઈએ વિવિધ ભાષાઓના સાહિત્યકારોના વૈશિષ્ટ્યની ચર્ચા કરીને પ્રકારાંતરે જે તથ્ય તરફ આંગળી ચીંધી છે તે ભારતની કોઈ પણ ભાષામાં લખાયેલ સાહિત્ય તે ભારતીય સાહિત્ય છે. ભોળાભાઈની દૃષ્ટિએ ભારતની વિવિધ ભાષાઓમાં લખાયેલ સાહિત્ય જ્યાં એક બાજુ પ્રાદેશિક વૈશિષ્ટ્યને પ્રકટ કરે છે, ત્યાં જ તેના સ્વરૂપ અને સંવેદનામાં સમગ્રપણે ભારતનો આત્મા પણ ઝળકે છે. ભારતની કોઈ પણ ભાષાના કાવ્યરૂપો પ્રાચીન સાહિત્યમાંથી આવેલ છે. આધુનિક જીવનની જટિલતામાં વધારો થયો એ ખરું. મૂલ્યો અને આદર્શો બદલાયા એ પણ એક હકીકત છે. છતાં આજની આ સ્થિતિઓની અભિવ્યક્તિ માટે આજના આપણા મોટા ભાગના સાહિત્યકારો પુરાણ કથાઓનો આધાર લે છે. સામાજિક નૈતિક મથામણોની વ્યંજના માટે પણ પૌરાણિક પાત્રોની અવધારણા કરવામાં આવે છે. તેથી પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યની જેમ આધુનિક સાહિત્યમાં પણ અનુભવ, મૂલ્યદૃષ્ટિ તેમ જ કાવ્યરૂપોમાં સામ્ય જોવા મળે છે. ભોળાભાઈએ પોતાના અનેક નિબંધોમાં ભારતની જુદી જુદી ભાષાઓની કૃતિઓને મૂળમાં વાંચી તેમાં રહેલા ભારતીયતાના સૂક્ષ્મ તત્ત્વો તરફ નિર્દેશ કર્યો છે. આ એક દુઃખદ હકીકત છે કે ભારતની એક ભાષામાં રચાયેલી કૃતિ બીજી ભાષાના પાઠક સુધી પહોંચતી નથી, પણ તેથી તેમાં રહેલ ભારતીયતાનાં તત્ત્વો અદૃશ્ય થઈ જતાં નથી, તેથી ભારતીયતા સંદિગ્ધ બની જતી નથી. ભોળાભાઈએ અનેક ભાષાઓ શીખી આ મર્યાદાને દૂર કરી. તેઓ ઇચ્છતા કે "આજકા કોઈ ગુજરાતી (અહીં ભારતીય વાંચવું) સમકાલીન ગુજરાતી સાહિત્ય કો હી ધ્યાનમેં રખકર સૃજન કરતા હૈ તો વહ અપર્યાપ્ત હૈ। લેખનકે દૌરાન ઉસે અપની કલમકી નોકપર વ્યાસ-વાલ્મીકિસે લેકર કાલિદાસકે હોનેકા બોધ ભી બના રહના ચાહિએ, અભી ભારતીય સાહિત્યકારોંકે સમકાલીન હોનેકા બોધ ભી બનાં રહના ચાહિએ." (તુલનાત્મક સાહિત્ય : સિદ્ધાંત ઔર સમીક્ષા પૃ. ૧૦૧)

ભોળાભાઈ ભારતીય સાહિત્યની ભારતીયતા વિશે સ્વતંત્રરૂપે કોઈ ચર્ચા કરતા નથી, એનું સંભાવિત કારણ એ હોઈ શકે કે ભારતીયતા એમના વિચાર અને ચિંતનમાં, સાહિત્ય સંબંધી માન્યતાઓ અને જીવનદૃષ્ટિમાં અભિન્નપણે વણાયેલી છે. ઉપરઉપરથી જોતા એ ભિન્નતા અને ઐક્ય પરસ્પર વિરોધી તત્ત્વો લાગે છે. પણ ભારતીય સાહિત્યમાં આ બંને તત્ત્વો છે – વિરોધની સ્થિતિમાં નહીં બલકે સામંજસ્યની સ્થિતિમાં, આ વિરોધાભાસમાં રહેલ સામંજસ્યને સમજવા માટે ભોળાભાઈ મધ્યકાળના ભક્તિસાહિત્ય તરફ પોતાની આંગળી ચીંધે છે.' તેઓ લખે છે કે મધ્યકાળમાં ઉત્તરથી દક્ષિણ પૂર્વથી પશ્ચિમ સુધીના ભક્તિસાહિત્યને એક સાથે મૂકીને જોવાનો આગ્રહ કરે છે. તે કહે છે કે દેશની વિવિધ ભાષાઓના મધ્યકાળના આ સાહિત્યમાં નવીન મૂલ્ય દૃષ્ટિ નવીન સામાજિક ચેતના તેમ જ કાવ્યરૂપોના ખેડાણમાં એક અદ્ભુત સામ્ય જોવા મળે છે. એ વિશે તેઓ લખે છે : ''દક્ષિણના આંડાલને વિશેષ કરીને મીરાંના સંદર્ભમાં યાદ કરીએ છીએ... દક્ષિણની બીજી ભાષાઓ – કન્નડ, તેલુગુ સાહિત્ય સાથે જો કે આદાન-પ્રદાન ઓછું થયું છે. છતાં કન્નડનાં વીર શૈવ કવિઓ બસવણ્ણા, દાસી મૈયા, અક્કા મહાદેવી અને અલ્લમ પ્રભુની ભક્તિવાણી સાંભળતાં લાગે છે કે બધા આપણા સહોદર છે મીરાં, આંદાલ અને અક્કા મહાદેવીને એકસાથે રાખીને વાંચવાની જરૂર છે.''

વધુ વિસ્તારમાં ગયા વગર ભારતીય નવલકથાના સ્વરૂપ નિર્માણની પ્રક્રિયા વિશે ભોળાભાઈનાં શોધપૂર્ણ મંતવ્યો જાણવાની ખાસ જરૂર છે. અઢારમી-ઓગણીસમી શતાબ્દીમાં આપણે ત્યાં આ નવા સ્વરૂપનું ખેડાણ થયું. સાહિત્યકારોનો એક વર્ગ માને છે કે નવલકથાના સ્વરૂપને આપણે સંપૂર્ણપણે પશ્ચિમમાંથી આયાત કરેલ છે. 'ભારતીય ઉપન્યાસ પરંપરા ઔર ગ્રામકેન્દ્રી ઉપન્યાસ' આમાં ભારતીય પરંપરાનો વિસ્તૃત પરિચય આપ્યા પછી ભોળાભાઈ એ નિર્ણય પર પહોંચે છે કે કથા-સરિતસાગર અને રામાયણ, મહાભારતની કથાઓમાં પ્રચ્છન્નરૂપે એ બધાંય તત્ત્વો જોવા મળે છે જે નવલકથાના સ્વરૂપમાં સમાયેલાં છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના સ્વરૂપ વિશે ગુજરાતીમાં અત્યાર સુધી જે ચર્ચાઓ થઈ છે તેના પર ભોળાભાઈની માન્યતાઓના સંદર્ભમાં પુનર્વિચાર કરવાની જરૂર પડશે.

ભોળાભાઈના નિબંધોમાં તેમના વિચાર, ચિંતન અને સંવેદન સાથે દેશની સંસ્કૃતિ સાથેનું અનુસંધાન સંધાયેલ છે. એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ થઈ જશે. તેઓ કાલિદાસની પ્રિય નગરી વિદિશા પહોંચે છે. આ વિદિશા તે આજ તો એક ભૌગોલિક સ્થળ છે. તેઓ તેને તેના સાંસ્કૃતિક સંદર્ભમાં જુએ છે. એટલે તે ઇતિહાસની અને કાલિદાસની સૌંદર્યસૃષ્ટિની વિદિશાની કલ્પના કરે છે. આ બંને વિદિશાની વચ્ચે અનુસંધાન સ્થાપિત કરવું એક અઘરું કામ છે. ભોળાભાઈ આધુનિક બંગાળી કવિ જીવનાનંદ દાસના માધ્યમથી એ અનુસંધાન સાધે છે ને એમ કરતાં તેઓ વિદિશાને બહુ સહજભાવે અનેક પરિપ્રેક્ષ્યોમાં મૂકીને પોતાની એક જુદી જ વિદિશા ઊભી કરી લે છે. ભોળાભાઈની વિદિશા એક બાજુ અપૂર્વ અને અદ્ભુત છે તો બીજી બાજુ એની એ જ વિદિશા આધુનિક જીવનની અનેક વિસંગતિઓ અને વિટંબણાઓથી પીડાઈ રહી છે. ભોળાભાઈ કાલિદાસ નથી. તેઓ જીવનાનંદ દાસ પણ નથી, તે આધુનિક ગુજરાતી સાહિત્યના એક સ્વતંત્ર રચનાકાર છે માટે એમની વિદિશા અલગ છે. આ અલગાવ જોવા વિદિશાના થોડા અંશો જોવા ઘટે : ''એક આધુનિક કવિ જીવનાનંદ દાસે જ્યારે તેમની કાવ્યનાયિકા વનલતા સેનના મોઢાને શ્રાવસ્તીનું

શિલ્પ કહ્યું ત્યારે શ્રાવસ્તીના આજે હયાત નહીં તેવા કોઈ મંદિરની શિલ્પખચિત સૃષ્ટિમાંથી એક નમણો ચહેરો ઊપસી આવ્યો પણ પછી મન વિદિશાની રાત્રીના અંધકારમાં લીંપાતું ગયું, કેમ કે કવિએ કહ્યું કે વનલતા સેનના કેશ તો હતા વિદિશાની રાત્રીના જુગ જુગ જૂના અંધકાર જેવા !''

હવે જોઈએ વિદિશાનું બીજું વાસ્તવ :

''અર્વાચીન વિદિશાના બસસ્ટેન્ડ પર બપોરના તડકામાં આમતેમ ફરી આખરે હોટેલના બાંકડા પર બેઠેલા એક બે સજ્જનોને પૂછ્યું : ક્યા દેખને કા હૈ યહાં ? અમારી સામે કુતૂહલથી જોયા પછી એકે કહ્યું : વૈસે તો યહાં કુછ નહીં હૈ દેખને જૈસા, લેકિન નદી કે ઉસપાર બાબા કા ખંભા હૈ ઔર ગુફાએં હૈં ઉદયગિરિ કી. દૂર હૈ, ઘોડાગાડી સે જાના હોગા.''

ભોળાભાઈએ ઓડિયા ભાષા શીખી. તે ભાષાની પ્રશિષ્ટ રચના 'ચિલિકા' વાંચી અને તેના વિશે 'સંસ્કૃતિ'માં એક લેખ પણ લખ્યો. કોઈ ચર્ચા દરમિયાન એક બંગાળી મિત્રે કહ્યું કે 'ચિલિકા' વિશે બુદ્ધદેવ બસુએ એક કાવ્યની રચના કરી છે. ઘણા પ્રયત્ન પછી પણ પેલા મિત્ર તે રચનાને યાદ કરી શક્યા નહિ. ભોળાભાઈ લખે છે : ''હું બસુના આ કાવ્યનું 'સંસ્કૃતિના' ૩૦૦મા અંકમાં સાનુવાદ આસ્વાદ કરાવી ચૂક્યો હતો. મેં પેલા મિત્રને કહ્યું કે : 'શું તે આ કવિતા તો નથી ને ? 'કિ ભાલો લાગલો આજ અમાર એઈ સકાલ બેલવ્ય..'

ભોળાભાઈના મોઢે બંગાળી ભાષાની આ કવિતા સાંભળી પેલા બંગાળી મિત્ર ગદ્ગદ થઈ ગયા, ઊભા થયા અને ભોળાભાઈને ભેટી પડ્યા. આ માત્ર એક સાહિત્યકારની બીજા સાહિત્યકારને ભેટી પડવાની ઘટના નથી. ભોળાભાઈએ પોતાના સૃજન અને લેખન વડે એવી ભૂમિકાની રચના કરી છે જેના માધ્યમથી ભારતની એક ભાષાનું સાહિત્ય બીજી ભાષાના સાહિત્યને ભેટી શકે.

આજે ભોળાભાઈ આપણી વચ્ચે નથી, પણ ભારતીય સાહિત્ય વિશેની તેમની અદ્ભુત કલ્પનાઓ આપણી સમક્ષ છે. જે ગુજરાત અને દેશની અન્ય ભાષાઓના સાહિત્યકારોને દિશામાં આગળ વધવાની પ્રેરણા આપતી રહેશે.

*ભોળાભાઈનો મારો પ્રથમ પરિચય ઉત્તમ વિદ્યાર્થી તરીકેનો. તેઓ ઉત્તમ વિદ્યાર્થી હોવાના કારણે જ ઉત્તમ શિક્ષક ને પ્રાધ્યાપક થઈ શક્યા. વિદ્યા અને સાહિત્યના તીવ્ર અનુરાગથી પ્રેરાઈને તેમણે જેમ પોતાનો તેમ અનુગામી પેઢીના અનેક શિષ્યોને પણ સુસજ્જ કર્યા. રસિક પાંડિત્યે તેમની કલમને ઉજાસ આપ્યો. તુલનાત્મક સાહિત્ય, અનુવાદ, નિબંધ અને પ્રવાસવર્ણન, વિવેચન જેવા સારસ્વત ક્ષેત્રના વિવિધ પ્રદેશોમાં તેમનો લીલાવિહાર જોઈને પ્રસન્નતા થાય. વાલ્મીકિ ને વ્યાસ, કાલિદાસને રવીન્દ્રનાથ, 'અજ્ઞેય' ને ઉમાશંકર જોશી જેવા સર્જકમનીષીઓનો સત્સંગ કેવો ફળદાયી નીવડી શકે તેનું રમણીય ઉદાહરણ ભોળાભાઈ ! તેમને 'બંગબંધુ'ને 'રસિકપ્રવર' કહેવાનું ગમે ! ભોળાભાઈએ સાહિત્યક્ષેત્રે પોતાની જે આગવી કેડી કંડારી તેનું નામ 'વિદિશા'. એ કેડીએ યાત્રા કરનારને કાવ્યદર્શન, ભારતદર્શન, પ્રકૃતિદર્શનને સંસ્કૃતિદર્શનનું એકસામટું પુણ્યફળ અવશ્ય પ્રાપ્ત થાય એમ શ્રદ્ધાપૂર્વક જણાવી શકાય.*

– ચંદ્રકાન્ત શેઠ

# શું શું પામ્યો નથી જીવનમાં ?

ડૉ. ભદ્રાયુ વછરાજાની

પહેલું ધોરણ. એકડિયું. ગામની નાની શાળા. અમારા પરશુરામ માસ્તર. સ્વચ્છ ધોળું બગલા જેવું પહેરણ પહેરે. અમને છોકરાવને પાસે બોલાવે. પોતાનું સ્વચ્છ પહેરણ બતાવી કહે : જુઓ છોકરાવ, તમારે આવું સફેદ પહેરણ પહેરવાનું, બરાબર ? અમે ડોકું ધુણાવીએ, પણ અમે તો ઢોર ચરાવીને નિશાળે આવીએ એટલે ખમીશ એટલું બધું ધોળું ક્યાંથી પહેરીએ ? એ વખતે યુનિફોર્મ જેવું કંઈ નહીં. બસ, પરશુરામ માસ્તર સ્વચ્છ સફેદ પહેરણની વારંવાર યાદ આપે. તે સમયે તો તેઓ ઇચ્છતા હતા તેવું ન પહેરી શક્યા, પણ મોટા થઈને અકાદમીનો એવૉર્ડ લેવા કે પદ્મશ્રી લેવા જતી વખતે પરશુરામ માસ્તરના આદેશને અનુસરવાનું યાદ રાખેલું. નાનપણમાં ઇચ્છવા છતાં ન થાય તે મોટા થઈએ ત્યારે અજાણતા પણ થઈ જાય છે !

પિતાજી શિક્ષક પણ બા નિરક્ષર. શાળામાં શારીરિક શિક્ષા થતી. સોટી વાગે ચમ ચમ...નો પાક્કો અનુભવ. અમારા એક શિક્ષક બહુ આળસુ. શારીરિક સજા કરવામાંય આળસ કરે. મારા ભાઈબંધને પ્રશ્ન પૂછે. તેને ન આવડે એટલે મને પૂછે. મારો જવાબ સાચો પડે એટલે મને આદેશ કરે કે તારા જે ભાઈબંધને જવાબ ન આવડ્યો તેને લાફો માર. હવે ભાઈબંધને મારતાં આપણો જીવ ગભરાય. હું ધીમેથી ટાપલી મારું એટલે માસ્તર ક્રોધે ભરાઈને પેલા ભાઈબંધને પાસે બોલાવી બરાબર ફટકારી મને શિખામણ આપે : જુઓ, આમ લાફો મરાય... શારીરિક સજા કરવામાંય 'પ્રોક્સી' આપતા એ માસ્તર પાસેથી હું 'આવું ન કરાય' એવું મનોમન શીખતો. આમેય હું ગભરુ ખરો. કોઈ રમત મને ઝટ દઈને ચઢે નહીં. ભમરડે રમતા. પણ મારા ભમરડા ચિરાઈ જાય પણ હું કોઈના ભમરડા ચીરી શકતો નહીં. ક્રિકેટમાં પણ દડો પાસે આવે તે પહેલાં હું બેટ ઉપાડી લઉં ! વિસ્મય ઘણું. સર્વ વિદ્યાલય, કડીથી એક ગાંધીવાદી શિક્ષક આવેલા. ક્લાસમાં તેનો રેંટિયો પડ્યો હતો. મને બહુ ઇચ્છા થઈ રેંટિયો જોવાની. હળવેકથી રેંટિયો ખોલ્યો. ખૂલી તો ગયો પણ પછી બંધ ન થાય, ત્યાં શિક્ષક આવી ચડ્યા, એણે રેંટિયા વિશે પ્રેમથી સમજાવ્યું, અરે કાંતતાં પણ શીખવ્યું, પછીથી તો ખાદી પહેરતો પણ થયો.

ઉત્તર ગુજરાતનું કાશી ગણાતું મારું કડીનું વિદ્યાલય. મારા જીવનમાં ઘડતરનો એ ગાળો. અંગ્રેજી ભણાવતા આચાર્ય નાથાલાલ દેસાઈ કોઈપણ યુનિવર્સિટીના કુલપતિ થઈ શકે તેવા વિદ્વાન. ભણવામાં કોનો કયો નંબર આવ્યો તેની ચિંતા ન કરે પણ દરેક વિદ્યાર્થી કઈ પ્રવૃત્તિ કરે છે તેની કાળજી રાખે. ૧૯૩૯માં 'કુમાર' વાંચતો થયેલો, તે ૧૯૪૮માં તો સમૃદ્ધ ગ્રંથાલયનો કીડો બની ગયો. ક્ષમતા કેટલી હતી તે ખબર ન હતી પણ જાણે એવું લાગતું હતું કે ચોપડીઓનું આખું જગત ખૂલી ગયું છે ! આદર્શો પણ કેવા ? શાંતિનિકેતન અને પોંડિચેરી ભણવા જવાના ! મેટ્રિકમાં હતો ત્યારે શાંતિનિકેતનને ગુજરાતીમાં કાગળ લખી મેં પુછાવેલું કે મારે ત્યાં ભણવા આવવું હોય તો ?

જવાબ તો ક્યાંથી આવે ગુજરાતીમાં લખેલા એ કાલાઘેલા કાગળનો ? ૧૯૮૩માં શાંતિનિકેતનના વાઈસ ચાન્સેલરનો પત્ર આવેલો અને 'ફેલો ઈન કમ્પેરેટિવ ઇન્ડિયન લિટરેચર' તરીકે એક વર્ષ શાંતિનિકેતન આવવા આમંત્રણ આપેલું... ઉમાશંકરભાઈ આ વાત સાંભળી બોલેલા: 'મેટ્રિકમાં લખેલા પત્રનો જવાબ ન આવ્યો એમ ન કહીએ ભોળાભાઈ, જવાબ આવ્યોને ૧૯૮૩માં ! આપણા મનમાં જે કાંઈક હોય છે તે એના સમયે સાચું પડી જ જાય છે !'

* * *

સત્તરમી માર્ચ, ૨૦૧૨ સવારના દસથી બાર. ગુજરાત વિદ્યાપીઠના સ્ટુડિયોમાં દીર્ઘસંવાદનું શૂટિંગ ચાલતું હતું. અંતરંગ ગોષ્ઠિ હતી એ બહુશ્રુત વિદ્વતજન ગુજરાતના ભાષાભૂષણ શ્રી ભોળાભાઈ પટેલ સાથે. બે કલાક દિલથી દિલની વાતો થઈ. તબિયતના કારણે બે વખત શિડ્યુલ પાછો ઠેલાયેલો પણ નિરાંત જીવની એ ગોઠડી આપણા જીવનમાં ઉજાસ પાથરી જાય તેવી.

ઓરતા હતા એસ.આર. ભટ્ટ, સોલોમનબહેન, નિરંજન, ભગતસાહેબ પાસે ભણવાના. એલ.ડી.માં પ્રવેશ લીધો. ત્યાં માણસાથી એક પત્ર આવ્યો કે એક શિક્ષકની જગ્યા ખાલી છે, આવી જાવ. અઢાર વર્ષ પૂરાં થવાને વાર હતી, પણ નાનાભાઈને ભણાવવાની હોંશ હતી. એટલે એલ.ડી.માં ભણવાને બદલે માણસામાં ભણાવવાનું પસંદ કરવું પડ્યું. માણસામાં ભણાવતાં ભણાવતાં બી.એ. થયા પછી શાળાએ બી.એડ્. કરવા માટે મોકલવાની ઓફર કરી. પણ જીવનમાર્ગ સ્પષ્ટ થઈ ગયેલો કે એમ.એ. થવું છે ને પ્રાધ્યાપક જ થવું છે. ભોળાભાઈ આંખમાં ચમક સાથે કહે છે કે: 'ભલે માણસા ઇચ્છા ન હતી છતાં ગયો પણ ત્યાંથી મને રઘુવીર ચૌધરી જેવો વિદ્યાર્થી મળ્યો !' ભાષા વિજ્ઞાન ભવનમાં અધ્યાપક હતા ત્યારે ત્યાં જ ફરી એમ.એ.ના વિદ્યાર્થી તરીકે પણ ભોળાભાઈ જોડાયા. હિન્દી, અંગ્રેજીમાં ભણ્યા પણ સાથે સાથે ઉમાશંકર જોશીના ગુજરાતીના વર્ગો ભર્યા અને પ્રોફેસર આઠવલે પાસે સંસ્કૃતમાં માસ્ટરી મેળવી ! કાલિદાસ અને ભવભૂતિ પરનું દળદાર પેપર જોઈને આઠવલેજી બોલેલા: 'આર યુ ગોઇંગ ટુ રીડ ઓલ ધિઝ ?' પણ જ્યારે ભોળાભાઈએ ત્રીસ મિનિટમાં લાઘવથી સમગ્ર ચિત્ર રજૂ કર્યું ત્યારે પ્રો. આઠવલેજીથી બોલી જવાયું: 'યુ હેવ સ્કોર્ડ સેન્ચૂરિ એન્ડ રિમેન્ડ નોટઆઉટ.'

ભોળાભાઈ સહજતાથી કહે: 'મારું પ્રિય કોઈપણ સ્વરૂપ હોય તો તે કવિતા છે. કહોને કવિતા મારી પ્રથમ પ્રેયસી છે પણ હું એને વફાદાર ન રહ્યો.' પોતાના પામેલા ગુરુવર્યોને યાદ કરતાં ભોળાભાઈ ભાવમય બની કહેવા લાગ્યા: 'આજે કંઈ પણ કરું કે લખું તો વિચારું કે આ જોઈને ઉમાશંકર શું કહે ? નગીનદાસ પારેખ શું કહે ? એ ગુરુઓ પૂછે કે ભોળાભાઈ, આવું ? તો એ ન કરાય કે ન લખાય.' દીર્ઘસંવાદના અંતે મારાથી પુછાઈ ગયેલું: ભોળાભાઈ, આઠમા દસકની જીવનયાત્રાનાં લેખાંજોખાં કેમ કરશો ? ટાગોરને શ્વાસમાં ભરીને જીવનાર ભોળાભાઈ પટેલે ટાગોરને ટાંકી કહ્યું:

**'શું પામ્યો નથી જીવનમાં,**
**એનો હિસાબ કરતાં મન નાચી ઊઠે છે.**
**એવું નથી કે ક્યારેક ક્યારેક તાર નથી તૂટ્યા,**
**એવું નથી કે ક્યારેક ક્યારેક વેદના નથી થઈ,**
**પણ છતાં... છેવટે સૂર તો લાગી જ ગયો છે...'**

# વહાલસોયા ભોળાભાઈ

**વિઠ્ઠલભાઈ અં. પટેલ, નરસિંહ મંદિર પાસે, ઉવારસદ રોડ,**
**મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર**

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીના મારા મોટાભાઈ ઈશ્વરભાઈના સહાધ્યાયી અને ખાસ મિત્રના કારણે મારા માટે ભોળાભાઈ એ મોટાભાઈ. એમનો મને પણ મોટાભાઈ તરીકેનો પ્રેમ અને લાગણી મળી છે. અમેરિકાથી જ્યારે જ્યારે ઘેર આવતો ત્યારે ત્યારે બંને ભાઈઓ અચૂક ભોળાભાઈને મળવા જતા.

મને સાલ યાદ નથી, પણ મારા મોટાભાઈનો મારા ઉપર અમેરિકામાં ફોન આવ્યો કે ભોળાભાઈ અમેરિકાના પ્રવાસે આવ્યા છે. મને એકદમ જ થયું કે અમે જે ઉત્તર કેલિફોર્નિયામાં રહીએ છીએ તે ભાગ ભોળાભાઈએ લેખક તરીકે જોવો જોઈએ. ખાસ તો ગુજરાતની પ્રજાને અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના કુદરતી સૌંદર્યોનો ભોળાભાઈનાં લખાણો દ્વારા પરિચય થાય તો કેવું ? તે લાગણીએ મેં ભોળાભાઈને અમારે ત્યાં ખાસ આવવા જણાવ્યું. અમે અમેરિકામાં જ્યાં રહીએ છીએ તે યુરેકા-આર્કેટા સાન ફ્રાન્સિસ્કોથી ઉત્તરમાં લગભગ ૪૮૦ કિલોમીટર દૂર છે. ભોળાભાઈ સાન ફ્રાન્સિસ્કો આવવાના હતા. તેમણે અંતર જોઈને મારો વિચાર કરીને પહેલાં તો ના પાડી. પછી મેં તેમને ઉત્તર કેલિફોર્નિયાના કુદરતી સૌંદર્યની વાત કરી અને જણાવ્યું કે મારે ઉનાળાની રજાઓ હોઈને જરાયે તકલીફ નથી. આથી તેઓ આવવા તૈયાર થયા. તેમની પાસે વધારે સમય ન હતો, તેથી ત્રણ દિવસ કાઢી શકેલા.

પેસિફિક મહાસાગરના કિનારે યુરેકા-આર્કેટા આવેલાં હોઈને કોઈ કોઈ વખત જ્યારે ખાસ જરૂર હોય ત્યારે તો ખાસ વાદળો કે ધુમ્મસ હોય પણ ભોળાભાઈ રહ્યા ત્યાં સુધી વાતાવરણ એકદમ ચોખ્ખું રહ્યું અને બનતાં સુધી પૂનમની રાત હતી અને આકાશ પણ ચોખ્ખું હતું. અમારું ઘર જંગલોની ટેકરી પર હોઈને ઘરની આસપાસ ઝાડ જ છે અને નીચેના ભાગમાં પાણીના ઝરાનો રસ્તો છે. આ ઝાડની ઊંચાઈ લગભગ ૧૫થી ૨૦ મીટર હોઈને ભોળાભાઈની આંખો ચમકી. બે દિવસ જંગલોની પગદંડીઓ અને દરિયાકિનારે થાકી જવાય ત્યાં સુધી ફર્યા કર્યું. આ જંગલો કિલોમીટરના કિલોમીટરમાં પ્રસરેલાં છે. આ જંગલોનાં ઝાડની છાલ લાલાશ પડતી હોઈને આ ઝાડ 'રેડવુડ ટ્રી' તરીકે ઓળખાય છે. આ ઝાડનાં જંગલો 'રેડવુડ ફોરેસ્ટ' તરીકે ઓળખાય છે. કેલિફોર્નિયા રાજ્યે સાચવેલા રેડવુડ ફોરેસ્ટમાં મોટા ભાગનાં ઝાડ ૭૦થી ૯૦ મીટરની ઊંચાઈવાળાં અને હજાર વર્ષથી વધારે જૂનાં છે. થોડાં ઘણાં ઝાડના થડોમાંથી ગાડી પણ પસાર થઈ શકે. આવાં ઝાડ જોઈને ભોળાભાઈ ઝાડને બાથ ભીડાવે અને ઊંચે જોઈને કહે, "આ તો ભીષ્મપિતા છે" અને મલકાય. આ ભોળાભાઈની છબી મારા મગજમાં બેઠેલી છે અને મારા મૃત્યુ સાથે જ જશે.

યુરેકા-આર્કેટાનું ઉનાળામાં દિવસના ઉષ્ણતામાન ૧૫°C હોય છે એટલે કે પ્રમાણમાં ઠંડું, પણ દરિયાકિનારે બીચ ઉપર બપોરના સરસ તાપમાં ભોળાભાઈને ફરવાની અને બેસવાની મઝા પડેલી. નસીબ જોગે તે સમયે શિયાળામાં મેક્સિકો ગયેલી વ્હેલ માછલીઓ અલાસ્કા પાછી જતી દૂરથી

જોવા મળેલી. મોટાભાગના પ્રોફેસરો કે યુનિવર્સિટીના વહીવટદારો દેશપરદેશમાં પોતાના પૈસેથી મુસાફરી કરતા નથી, જ્યારે ભોળાભાઈએ પોતાની બચતમાંથી યુરોપ અને અમેરિકાની મુસાફરી કરેલી.

સાન ફ્રાન્સિસ્કોથી લેવા અને સાન ફ્રાન્સિસ્કો પાછા મૂકવા જતાં ગાડીમાં ઘણી વાતો થયેલી. હું ભોળાભાઈને જાણતો હોઈને, મારાથી ભોળાભાઈને કહેવાઈ ગયેલું કે, ''ચીમનભાઈ (તે સમયે ગુજરાત રાજ્યના પંતપ્રધાન હતા) તમને કોઈ યુનિવર્સિટીના કુલપતિ (વાઇસ ચાન્સેલર) બનાવે તો ના ન પાડતા.'' આ સલાહ આપતાં પહેલાં વિચારવું જોઈતું હતું કે પંતપ્રધાન અને અગત્યની જગ્યાઓ ઉપર રહેલા માણસો સ્વતંત્ર રીતે વિચારનારાઓથી ડરતા હોય છે. ચીમનભાઈ કે બીજા કોઈ પંતપ્રધાને ભોળાભાઈની નૈતિક હિંમત અને દૂરંદેશી વિચારોનો ઉપયોગ કર્યો હોય તેમ લાગતું નથી. એક જોતાં ગુજરાતી સાહિત્ય માટે ખૂબ જ ફાયદાકારક ગણાય.

અમારા લગભગ કાયમને માટે ભારતમાં રહેવા આવ્યા પછી એટલે કે લગભગ ચાલીસ વર્ષ પછી ગુજરાતીમાં લખવાનું અને વાંચવાનું ફરીથી શરૂ કર્યું. ભોળાભાઈને ગણિત સિવાયના લેખો મોકલી આપતો અને તેઓ યોગ્ય સામયિકમાં મોકલી આપતા. મને ગુજરાતીમાં લખવા પ્રેરણા પણ આપતા. હાલમાં 'ગણિતની ક્રાન્તિઓ' નામનું પુસ્તક તૈયાર કરી રહ્યો છું. આ પુસ્તકને પ્રકાશિત કરવા માટે પ્રકાશક જોઈએ. મને કયા પ્રકાશકને મળવું અને કઈ રીતે મળવું તેનો કોઈ ખ્યાલ નથી. આ પાઠ્યપુસ્તક ન હોઈ, પ્રકાશકને ખાસ નફો ન મળે. આથી કદાચ કોઈ પ્રકાશક ન પણ મળે. મોટી મૂંઝવણ હતી. ભોળાભાઈએ કડી વિશ્વવિદ્યાલયને 'ગણિતની ક્રાન્તિઓ'નું પ્રકાશન કરવા ભલામણ કરી. વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે હર્ષપૂર્વક ભોળાભાઈની ભલામણ સ્વીકારી લઈને મારી મોટી મૂંઝવણ દૂર કરી. આશા રાખું કે ભોળાભાઈએ મારામાં મૂકેલા વિશ્વાસને લાયક બનું. થોડાક દિવસ પહેલાં જ મારા મોટાભાઈ ઈશ્વરભાઈનો ફોન આવ્યો : 'ભોળાભાઈને શેરથા ક્યારે લઈને આવું ? તમારી બંનેની સાથે બે-ત્રણ કલાક કાઢવાનો તેમનો વિચાર છે.' મેં કહ્યું, 'ભોળાભાઈ અને ભાભીને અનુકૂળ હોય ત્યારે લઈને આવજો.' કુદરતે અનુકૂળ સમય ન આપ્યો.

ઈ. સ. ૧૯૫૨માં હું દશમા ધોરણમાં હતો અને મારા મોટાભાઈ, ભોળાભાઈ વગેરે અગિયારમા ધોરણમાં (S.S.C.) હતા. મોહનભાઈ સાહેબ, વાસુદેવ રાવલ વગેરેએ મને યાદ છે ત્યાં સુધી દશમા અને અગિયારમાના વિદ્યાર્થીઓ વચ્ચે વક્તૃત્વ હરીફાઈ ગોઠવેલી અને બનતાં સુધી વિષય પણ ગાંધીજીને લગતો હતો. મારા મોટાભાઈ ઈશ્વરભાઈએ અગિયારમા ધોરણમાંથી નામ નોંધાવ્યું. મેં પણ દશમા ધોરણમાંથી નામ નોંધાવ્યું. જ્યારે મારા મોટાભાઈને ખબર પડી કે મેં પણ નામ નોંધાવ્યું છે, ત્યારે અમારા બંને વચ્ચે હરીફાઈ થાય તે તેમને યોગ્ય ન લાગતાં તેમણે તેમનું નામ હરીફાઈમાંથી પાછું ખેંચી લીધું. મારા મોટાભાઈની મદદથી મેં બરાબર તૈયારી પણ કરી. વક્તૃત્વ હરીફાઈ થઈ અને પરિણામ પણ જાહેર થયું. પહેલો નંબર અગિયારમા ધોરણના નારણભાઈ પટેલનો હતો, બીજો નંબર અગિયારમા ધોરણના ભોળાભાઈ પટેલનો હતો અને ત્રીજો નંબર દશમા ધોરણના વિઠ્ઠલભાઈ પટેલનો હતો.

અમે બધા વારંવાર કોઈ ને કોઈ પ્રસંગે મળતા અને એકબીજાની કંપની પણ ખૂબ જ ગમતી. ભોળાભાઈની ખાધ ડગલે અને પગલે લાગશે, પણ જ્યારે તેમના કુટુંબનો વિચાર કરીએ ત્યારે અમારી ખાધની તો કોઈ વિસાત જ નથી. પ્રભુ ભોળાભાઈના કુટુંબને ભોળાભાઈ જેવા પવિત્ર માણસની ખાધ સહન કરવાની શક્તિ આપે.

# વિદ્યાવ્યાસંગી મૂઠી ઊંચેરા ભોળાભાઈ

**પ્રો. પી. સી. પટેલ**

૧૯૫૨ના એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને શેલાવીવાળા અમારા હિન્દી અને અંગ્રેજીના અધ્યાપક સ્વ. અંબાલાલ પટેલ સાહેબ સરસ્વતી-પુત્રોની બેચ કહીને ઓળખાવતા હતા. તેમાંના ઉત્કૃષ્ટ, સદાસ્મરણીય, પળેપળ પ્રસન્ન એવા પરમ સરસ્વતી-પુત્ર ભોળાભાઈ પટેલે ૨૦ મેની સવારે અનંત અંતરિક્ષના પથ પર મહાપ્રયાણ કર્યું. કામના લયમાં તે લય થઈ ગયા. પોતાના પરિવારના સભ્યો, વિશાળ મિત્ર સમુદાય, ચાહકોને વિલાપ કરતા છોડી ગયા. તેમના નિવાસની આજુબાજુનાં કોયલ જેવાં પક્ષીઓ બિલકુલ શાંત થઈ ગયાં. કારણ કે તેમને અભિજ્ઞાન કરાવનાર તેમનાં વહાલેશ્રીએ કાયમ માટે વિદાય લીધી હતી. બ્રહ્માંડમાં લીન થઈ ગયા.

મારે ભોળાભાઈ સાથે ૬૦ વર્ષના પારિવારિક, સામાજિક અને શૈક્ષણિક સંબંધો હતા. તે દરમિયાન તેમનાં વિવિધ પરિમાણો (dimensions)નો ગાઢ પરિચય થયો. પ્રસન્ન ચિત્ત, મુક્ત હાસ્ય, માનવીય અભિગમ, સાહિત્યિક રસિકતા સાથે વિચક્ષણતા, એ તેમનાં આગવાં લક્ષણો હતાં.

તેઓ એમ.એ. હિન્દી અને સંસ્કૃત સાથે અને હું એમ.એસસી ફિઝિક્સ અને મેથ્સ સાથે બે વર્ષ એક જ રૂમમાં રહીને ભણ્યા. ત્યારથી તેઓએ મને લખવાનો ચેપ લગાડ્યો. મેઘદૂત તેમના અભ્યાસક્રમનું પાઠ્યપુસ્તક હતું. તેમને આખુંય મેઘદૂત કંઠસ્થ હતું. તેમને કારણે મને પણ અડધા જેવું કંઠસ્થ થયેલું. મેઘદૂત તેમના હાથમાં હોય ત્યારે ભોળાભાઈ કાલિદાસ બની જાય. તેઓ અત્યારે અંતરિક્ષમાં જ્યાં હશે ત્યાં મેઘદૂતનું પઠન કરતા હશે અને હવે અષાઢ દૂર નથી ત્યારે તો આ સાહિત્યરસિક મેઘદૂત જેવા ઊર્મિકાવ્યને દૂર કરે ખરા ? ભારતના રાષ્ટ્ર કવિ કાલિદાસે સંસ્કૃત સાહિત્યને ઉજ્જ્વળ બનાવ્યું છે, તેમ જ ગુજરાતના ગુજરાતી પ્રેમી પદ્મશ્રી ભોળાભાઈએ ગુજરાતી સાહિત્યને (હિન્દી સાથે) સમૃદ્ધ બનાવ્યું છે. ઉપરાંત રઘુવંશ, કુમારસંભવ, માલવિકાગ્નિમિત્રં, વિક્રમોવર્શીયમ, ઋતુસંહાર અને અભિજ્ઞાન શાકુન્તલં પણ તેમના લોહીના કણેકણમાં એકરૂપ થઈ ગયાં છે. અત્યારે તેઓ કાલિદાસનાં સર્જનો વાંચતા-વાંચતા વૈકુંઠમાં વિહાર કરતા હશે. આ રીતે વિદ્યાવ્યાસંગી મૂઠી ઊંચેરા ભોળાભાઈ શ્રી ઉમાશંકર અને ડૉ. પી. સી. વૈદ્યની જેમ વિદ્યાપુરુષની ઓળખ આપતા ગયા. ગુજરાતી ભાષાના સંભવિત વિલયની અવિરત ચિંતા કરનારા ભોળાભાઈની વેદના દૂર કરવાની આપણી બધાની ફરજ બની રહે છે.

સત્ત્વ અને સાહિત્ય માટે ભોળાભાઈ ભોળા ન હતા. તેમના આરક્ષણ માટે તેઓ ભારે મક્કમ અને સત્યાગ્રહી હતા તેવો મારો પ્રત્યક્ષ અનુભવ છે. કાલિદાસને જ્યારે રાજકુંવરીએ કહ્યું કે "તારામાં બોલવાની આવડત છે ખરી ? કાલિદાસે ત્રણ શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો अस्ति कश्चित् वाग्विशेष अस्तिમાંથી કુમારસંભવ, कश्चित्માંથી મેઘદૂત અને वाग्विशेषમાંથી રઘુવંશનું સર્જન કરીને કાલિદાસે પોતાની તેજપ્રભાનો પરિચય કરાવ્યો. ભોળાભાઈએ શબ્દમાં, વાક્યમાં અને વિચારોમાં તેવો જ પ્રકાશ પ્રસરાવ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં પ્રવાસ-વર્ણન અને પ્રવાસ-નિબંધોની શરૂઆત કરનાર શ્રી કાકા કાલેલકર પ્રથમ હતા. પછી ઠીક ઠીક સમયે આ ક્ષેત્રે શૂન્યાવકાશ રહ્યો. લાંબે ગાળે ભોળાભાઈ મળ્યા. ખાસ તો હિમાલય, પૂર્વ અને ઉત્તરનાં રાજ્યો અને ઐતિહાસિક સ્થળોનું મૂલ્ય અને મહત્ત્વ આપણી સમક્ષ હૂબહૂ રજૂ કર્યું છે. પરિશ્રમી પ્રવાસી ભોળાભાઈએ આનો લ્હાવો આપણને ઘેર બેઠાં બેઠાં કરાવ્યો છે. તેમણે તેમની શૈલીમાં વિવિધ સ્થળોના સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાનો પરિચય સમગ્ર ગુજરાતને કરાવ્યો છે. આ પ્રવાસ-પ્રવૃત્તિને કારણે તેઓ બંગાળી, અસમિયા, ઉડિયા વગેરે ભાષાઓના જાણકાર બન્યા તે ભાષાઓમાં રહેલ અમૃત-રસ તેઓ અનુવાદના માધ્યમ દ્વારા ગુજરાતમાં લાવ્યા. Comparative literatureના અભ્યાસ અને અનુરાગથી તેઓ ભારતભરમાં ખ્યાતનામ થયા. કહી શકાય કે Bholabhai is Known locally but more nationally and internationally. આ મહાન સિદ્ધિ ગણાય. આથી સ્વાભાવિક છે કે કેટલાય માન-સન્માન પદકો તેમની પાછળ પાછળ આવ્યા.

ભોળાભાઈ શબ્દોના સ્વામી હતા, સ્વભાવે રસિક હતા, સૌંદર્ય અને પ્રકૃતિના ચાહક હતા. આ બધાનું દર્શન તેમની સર્જન-કૃતિઓમાં થાય છે. આજે ભોળાભાઈ દૈહિક રીતે આપણી વચ્ચે નથી, પણ શબ્દ-દેહે તો તેઓ હરપળે આપણી સાથે છે અને રહેશે.

ભોળાભાઈનો બંગાળી ભાષા અને રવીન્દ્રપ્રેમ જાણીતો છે. તેની શરૂઆત કડી સર્વ વિદ્યાલયમાં ૧૫-૧૬ વર્ષની વયે શ્રી અરવિંદ ઘોષના અભ્યાસથી કરેલી તે સમયે ભોળાભાઈએ અમને બધાને શ્રી અરવિંદનો પરિચય કરાવેલો. ત્યાંથી પ્રવેગી ગતિ કરીને તે શ્રી રવીન્દ્રમાં પહોંચ્યા. તે સમયે તેઓ પોંડિચેરી જવાનું વિચારતા હતા પણ તેને બદલે શાંતિનિકેતન પહોંચી ગયા. રવીન્દ્ર ટાગોરનાં લખાણોમાં ઓતપ્રોત થયા અને ઘણી વખત તેઓ રવીન્દ્રમય થઈ જતા. તેમની સાથે વિચાર-વિમર્શ કરતા કોઈપણ ભોળાભાઈમય થઈ જાય તેવું તેમનું સૌહાર્દ. ભોળાભાઈનું વતન સોજા ત્યાં અતિ સામાન્ય ઘર, ગામને ગોંદરે નદી નહીં, નાનો સરખો ડુંગર પણ નહીં અને કોઈ લીલુછમ નાનું સરખુ વન નહીં, આ બધાની અનુપસ્થિતિનો ભોળાભાઈને ભારે રંજ હતો. તે બધું પામવા માટે તેમણે દેશ અને દુનિયાના પ્રવાસ કર્યા. જરૂરી હતું તે મેળવ્યું અને પરિતોષિત થયા.

એક પ્રસંગે તેમને વિશ્વકોશમાં લલિત કલા કેન્દ્રના ઉદ્‌ઘાટન માટે છેલ્લી ઘડીએ આવવાનું થયું. અધ્યક્ષ સ્થાનેથી બોલતાં કહ્યું કે "હું ઉત્તર ગુજરાતનો પટેલ, ગાય-ભેંસનાં પૂંછડાં આમળતાં આમળતાં અમદાવાદ આવી પહોંચ્યો. મારે અને લલિત કલાને શું લેવાદેવા ? તે છતાં, મને તેનું ઉદ્‌ઘાટન કરવા નિમંત્ર્યો."

કોઈ પણને હૃદયમાં સોસરવી ઊતરી જાય તેવી નિખાલસતા, વિનમ્રતા અને ખુલ્લાપણાનો અહીં ખ્યાલ આવે છે.

ભોળાભાઈએ ઘણું વાંચ્યું અને લખ્યું પણ ગુજરાતી ભાષાની નિરંતર ચિંતા કરતા કરતા આપણાથી દૂર ગયા. તેમની ચિંતા દૂર કરવાના આપણા સૌના પ્રયાસો અને પ્રમાણો જ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.


ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯
પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૨૩૨૪૪૬૯૦



શ્રી ઉમાશંકર જોશી,
શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી અજ્ઞેય



શ્રી નિરંજન ભગત અને
ભોળાભાઈ પટેલ



શ્રી રઘુવીર ચૌધરી, શ્રી ભોળાભાઈ પટેલ
અને પૂ. મોરારિબાપુ



શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર
અને
શ્રી ભોળાભાઈ પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 2, Issue No. 3 May-June, 2012
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015




પદ્મશ્રી ભોળાભાઈ પટેલ કૃત સાહિત્ય

